વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

UMA SRUSHTI
ઉમાસૃષ્ટિ

એક વૈશ્વિક વિચારધારા

Published on October - November - 01, 2026 | ₹ 50-00

તંત્રી - પ્રો. ડૉ. જે. એમ. પનારા
Editor - Prof. Dr. J. M. Panara

Vishv UMIYA Foundation
આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ

વિશ્વ
ઉમિયાધામ
અમદાવાદ

“મારી ઈંટ મા ના મંદિરે”
ઈંટદાન અભિયાન

Vishv UMIYA Foundation



“વીરતા પરમો ધર્મ” અને “એકતા પરમો ધર્મ” ના મંત્રને ઉજાગર કરવાના ભાગરૂપે અમદાવાદમાં રૂા. એક હજાર કરોડના ખર્ચથી સનાતન ધર્મના પ્રતીક અને આસ્થાના કેન્દ્ર સમા જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ સંસ્થા દ્વારા થઈ રહેલ છે, જેનો પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવ ડિસેમ્બર ૨૦૨૭ માં ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્રબિંદુ એટલે શિવ અને શક્તિ. શિવ એટલે દેવાધિદેવ મહાદેવ અને શક્તિ એટલે મા પાર્વતી, જેનું બીજું નામ મા ઉમિયા, કે જેના નવ સ્વરૂપો અને એકાવન શક્તિ પીઠમાંથી આપણને શક્તિ અને ઊર્જા સતત મળતી રહે છે, ત્યારે “હું સનાતની છું” ના ગૌરવ સાથે પ્રત્યેક સનાતની પરિવારનો દરેક સભ્ય જગતજનની મા ઉમિયા પ્રત્યેની આસ્થા - શ્રધ્ધા સાથે મંદિર નિર્માણના ઈંટદાન અભિયાનમાં “મારી ઈંટ મા ના મંદિરે” અંતર્ગત પોતાનું યોગદાન અર્પિત કરે તેવી લાગણીસભર અપીલ આપશ્રીને કરીએ છીએ.

મિત્રો, વિશ્વ ઉમિયાધામમાં નિર્માણાધીન મા ઉમિયાનું મંદિર પ્રત્યેક સનાતની માટે આસ્થા - એકતાનું પ્રતીક, શિક્ષણ અને આરોગ્યનું ધામ અને યુવા - મહિલા સશક્તિકરણનું કેન્દ્ર છે. જ્યાં ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્ર હિતની વિચારધારા કેન્દ્ર સ્થાને છે, તેવા મંદિરનું નિર્માણ હાલ પૂરજોશમાં ચાલી રહેલ છે, જેમાં સહભાગી થઈ મા ઉમિયાના કૃપાપાત્ર બનીએ. “ધર્મો રક્ષતિ રક્ષિતઃ” મંત્રને યાદ કરીએ - સનાતની એકતા આજની આવશ્યકતા છે.

મારું ઈંટદાન મા ના ચરણોમાં

એક ઈંટદાન
રૂા. ૧૦૦૦/-

બેંક વિગત : A/c. ધી મહેસાણા અર્બન કો.ઓ.બેંક લિ.,
સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446
IFSC Code - MSNU0000044.

VISA mastercard Google Pay UPI PhonePe

ઓનલાઈન ઈંટદાન માટે VUF એપ્લિકેશન ડાઉનલોડ કરો

Mob. Play store મા જઈ Vishv Umiya Foundation App Search કરી Install કરો, App ઓપન કરી મોબાઈલ નંબર એડ કરો, મોબાઈલમાં આવેલ OTP દાખલ કરી આપની સંપૂર્ણ વિગત ભરો, ત્યારબાદ મોબાઈલ એપ્લીકેશનમાં બટન પર ક્લિક કરો. ઓપન થયેલ મેનુમાં Collect Donation પર ક્લિક કરો, ત્યારબાદ ઓપન થયેલ QR Code થી પેમેન્ટ કરી શકાશે.

Vishv UMIYA Foundation

“વિશ્વ ઉમિયાધામ-જાસપુર”, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૭૨૧
+91 72020 80222/333 vuf.org vishvumiyafoundation

Mayflower
WOMEN'S HOSPITAL

ELEVATING WOMEN'S HEALTH WITH INNOVATION & CARE

Mayflower Hospital is home to countless advancements in women's healthcare across endometriosis, obstetrics, fertility, dermatology, and beyond

THE EXPERTISE OF OUR TEAM.

Endometriosis Clinic
by Mayflower

World's best centre for advanced endometriosis diagnosis, laparoscopic excision surgeries and fertility-enhancing treatments.

MAYFLOWER AESTHETICS

Effective skincare, pelvic floor rejuvenation and anti-ageing solutions backed by dermatologists and gynecologists.

Fertility Solutions
by Mayflower

A unique, advanced egg and embryo freezing centre with world-class embryology labs and personalised protocols.

Obstetrics Clinic
by Mayflower

24/7 pregnancy care with advanced fetal monitoring, painless delivery options, and expert perioperative support.

85,000+ Surgeries

1 Lac+ Happy women

20,000+ Fertility Enhancing Surgeries

21+ Years of Care

+91 6352 800 850 care.mayflowerhospital.com www.mayflowerhospital.com

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

BAJAJ

TATA AIA
LIFE INSURANCE

Makadia
life care
focus on your better life

9429211958

VUF City Member & VIBOS Member

(ISO 9001:2015 Certified Company)

ઈન્સ્યોરન્સ કોઈપણ નામ એકજ દિપક માકડિયા

1. Life Insurance (Lic, Bajaj & Tata)

- Retirement Planning
- Child Education & Marriage Planning
- Pension Plans
- Business Insurance (Keyman, Employer-Employee)

2. Health Insurance

- Medical Policy All Company

3. General Insurance

- Vehicle Insurance
- Personal Accident Insurance
- Worker/Employee Insurance
- Marine & Travel Insurance
- Fire & Property Insurance

4. SIP & Mutual Funds

My Insurance App

GET IT ON Google Play

Download on the App Store

(કોઈપણ વાહન ની પોલિસી ફક્ત ૫ મિનિટ માં)

તમારી અગાઉ ની Lic પોલિસી ની બધી સર્વિસ આપીશું અને ફાઈલ પણ બનાવી આપશું

Office:- G/201, Satva Balaji, Nikol, Ahmedabad.


ICE MAKE
Trusted Cooling Partner
Happy दीपावली
Ice Make Family
Wishing you a very happy Diwali & New Year
COLD ROOM
VISI COOLER
REFRIGERATED VEHICLE
INDUSTRIAL REFRIGERATION
HARD TOP FREEZER
CONTINUOUS PUF PANEL
ACUUM FREEZE DRYER
BULK MILK CHILLER
ICE MAKE REFRIGERATION LTD.
226, Dantali Industrial Estate, Gota-Vadsar Road, Nr. Ahmedabad City, At: Dantali, Ta: Kalol,
Dist.: Gandhinagar - 382721, Gujarat, India. • Phone: +91 9512037084 • Web: www.icemakeindia.com

Bio - Data

Parasar Dholakia

Personal Information

DOB	:	13 - 11 - 1990
Height	:	5’7”
Weight	:	90 Kg.
Birth Place	:	Ahmedabad
Education	:	B.E. In E & C
Caste	:	Leuva Patel
Occupation	:	HR Manager @ IT Firm
Salary	:	15.60 Lacs
Marital Status	:	Divorce

Family Information

Father	:	Kaushik Dholakia
Occupation	:	(Businessmen) - B.E. Mechanical
Mother	:	Jayshreeben Dholakia Home Maker - B.Com
Elder Sister	:	Anuja Sheta (California, USA)
El. Brother-in-low	:	Vimal Sheta (California, USA)
El. Sister	:	Shreya Patel (Surrey, UK)
Brother-in-Law	:	Yash Patel (Surrey, UK)
Maternal Place	:	Samadhiyala-2 (Currently Surat)
Native	:	Bhavnagar
Property	:	3 Bhk Flat - Ahmedabad 4 Bhk Bunglow - Ahmedabad
Contact	:	Kaushik Dholakia : 98249 07632 Jayshree Dholakia : 96624 35003 Parasar Dholakia : 99099 09560
Res.Address	:	• 45 sakan Twins, Nr. Mansi Circle, Vastrapur, Ahmedabad. • G-1203 Maighar Residency, Ghuma Shilaj, Ahmedabad.



Bhumi Panara

Personal Information

DOB	:	25 - 05 - 1992
Height	:	5’4”
Weight	:	57 kg.
Education	:	B.Com
Occupation	:	Accountant At Veesons Alloys Pvt.Ltd. (Ahmeda.)
Marital Status	:	Divorced

Family Information

Father	:	Chandubhai Hirjibhai Panara
Occupation	:	Umiya Pan Parlour
Mother	:	Manishaben Chandubhai Panara Housewife
Brother	:	Kashyap Panara (Elder) Business (Millmac Solution)
Native	:	Khajurda, Tal. Jamkandora Dist. Rajkot.
Maternal	:	Maheshbhai Maganbhai Malli (Sidsar)
Property	:	4 Bhk Bunglow - Ahmedabad 1 Shop - Ahmedabad 25 Vigha Agriculture Land & 1 House @ Khajudra.
Contact	:	98982 27478, 94274 00202
Resi. Address	:	42, Balmukund Bunglow, B/h Shivpujan Tenament, Near D-Mart, Nikol, Naroda. Ahmedabad - 382350.

પાર્વતી જાદવ હોસ્પિટલ

B.V.M. Medical Education & Research Charitable Trust
Naroda, Ahmedabad. Mobile : 99252 33504

ધ યુનિયન કો.ઓપ. બેંકની સામે, AMTS બસ સ્ટેન્ડની બાજુમાં, નરોડા, અમદાવાદ.

ઉપલબ્ધ સેવાઓ

- મેડિકલ વિભાગ
- સર્જરી વિભાગ
- યુરોલોજી વિભાગ
- ન્યુરોલોજી વિભાગ
- ઓર્થોપેડિક વિભાગ
- ટ્રોમા વિભાગ
- સ્ત્રીરોગ વિભાગ
- બાળરોગ વિભાગ
- આંખ વિભાગ
- કાન-નાક-ગળાનો વિભાગ
- ચામડી વિભાગ
- કેન્સર વિભાગ
- માનસિક રોગ વિભાગ
- ડેન્ટલ વિભાગ
- પેથોલોજી લેબોરેટરી વિભાગ
- હાઈટેક-લેસર ફિઝીયોથેરાપી
- વ્યસન મુક્તિ કેન્દ્ર વિભાગ
- ડાયાલીસીસ વિભાગ
- ડીજીટલ એક્સ-રે વિભાગ
- ડીજીટલ સોનોગ્રાફી વિભાગ
- ટુડી ઈકો હૃદયની સોનોગ્રાફી
- સી.ટી સ્કેન વિભાગ
- એમ.આર.આઈ. વિભાગ
- વજન ઉતારવા માટેનો વિભાગ

અદ્યતન સાધનો અને સેવાઓ & સેન્ટ્રલ એ.સી. હોસ્પિટલ

આઈ.સી.સી.યુ. કાર્ડિયાક મોનીટર ઈ.સી.જી.(કાર્ડિયોગ્રામ મશીન), નેબ્યુલાઈઝર, ઓક્સીજન ગ્લુકોમીટર, ઈન્ફ્યુઝન પંપ, ડીફેબ્રીલેટર, વેન્ટિલેટર વિગેરે અદ્યતન સાધનોથી સજ્જ

પેથોલોજી લેબોરેટરી
Pathology Lab

સી.ટી સ્કેન અને
એમ.આર.આઈ

મોડ્યુલર ઓપરેશન થીયેટર

- એનેસ્થેશીઆ વર્કસ્ટેશન
- આર્થ્રોસ્કોપી (સ્મીથ એન્ડ નેફ્યુ U.S.A.) એન્ડોસ્કોપી - સ્ટ્રાઈકર
- લેપ્રોસ્કોપી કોર્લ સ્ટોર્ઝ થ્રી ચીપ કેમેરા (Germany)
- વેલ-ઈક્વીપ્ડ સર્જીકલ ઓપરેશન થીયેટર આઈ.આઈ.ટી.વી., લેપ્રોસ્કોપી સાથે
- હાઈટેક- લેસર ફિઝીયોથેરાપી અલ્ટ્રાસોનિક કેવીટેશન મશીન (વજન ઉતારવા અને ચરબી ઓછી કરવા)

24 × 7 Hours
Service

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ

ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ — એક વૈશ્વિક વિચારધારા

ઓક્ટોબર - નવેમ્બર ૦૧, ૨૦૨૬
October - November 01, 2026
વર્ષ : ૦૫, Year : 05
સળંગ અંક : ૫૩ Ank : 53
માલિક : વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
Owner : Vishv Umiya Foundation

પ્રમુખ : આર. પી. પટેલ
President : R. P. Patel

તંત્રી - પ્રો. ડો. જે. એમ. પનારા
Editor - Prof. Dr. J. M. Panara

મેનેજિંગ એડિટર : ડો. પ્રભુદાસ પટેલ
Managing Editor: Dr. Prabhudas I. Patel

પરામર્શકશ્રી : Consultant
પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ | પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ
Padmashri-Devendra Patel | Padmashri-Dr. Kumarpal Desai

સંપાદક મંડળ: Editor Board :
ડો. હર્ષદ પટેલ — Dr. Harshad Patel
ડો. અશોક પટેલ — Dr. Ashok Patel
ડો. ઉત્પલ પટેલ — Dr. Utpal Patel
ડો. રૂપલ પટેલ — Dr. Rupal Patel

સહસંપાદક :
ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia

કલાનિર્દેશક :
ભાવિક પટેલ **Art Director :** Bhavik Patel

લવાજમ :
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂા. ૫૦૦૦
પાંચ વર્ષ : રૂા. ૩૦૦૦
વિદેશમાં આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

Subscription Amount :
For India : Life Time (10 Year) Rs. 5,000
5 Year : Rs. 3,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

ઈ-મેઇલ/e-mail: umasrushti@vuf.org
Mo.: +91 7202080222/333 | **Website :** www.vuf.org

રજિ. ઓફિસ :
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧
Regd. Office :
Vishv Umiya Foundation - Vishv Umiyadham, Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road, Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721

મુદ્રક અને પ્રકાશક :
મુદ્રક : અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Printer & Publishers :
Printed by Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
Published by Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar

વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ

અનુક્રમણિકા

Vishv UMIYA Foundation

ક્રમ	લેખનું શીર્ષક	લેખક	પાના
૧.	તંત્રી લેખ	પ્રો.ડો.જે.એમ.પનારા	૦૯
૨.	યુ.એસ.એ.ની ધર્મયાત્રા	પ્રમુખશ્રીની કલમે	૧૦
૩.	વેદોનો દિવ્ય સંદેશ	પ્રહલાદભાઈ પટેલ (કામેશ્વર)	૧૪
૪.	શ્રી રામચરિતમાનસ	ડો. પ્રભુદાસ પટેલ	૧૫
૫.	શ્રી રામકથાના સપ્તસ્થાન	શ્રી ભાણદેવજી	૧૬
૬.	ભગવાન શ્રી કૃષ્ણ પૃથ્વી પર...	નટવર આહલપરા	૧૮
૭.	ભક્તિ અને શક્તિનું મિલન - દશેરા	પ્રો. ડો. જે. એમ. પનારા	૧૯
૮.	વિદ્યાર્થીઓની આત્મહત્યા	ગુલાબભાઈ જાની	૨૨
૯.	આજની લોકવાર્તા	પ્રિ. સોમાભાઈ વી. પટેલ	૨૪
૧૦.	લખવું એટલે કે...	ભાવેશભાઈ એમ. આખજા	૨૫
૧૧.	ઘરને સમજો, ઘર વસાવો	ડો. મફતલાલ પટેલ	૨૬
૧૨.	એક સફળ સ્ત્રી કઈ રીતે બનશો ?	શ્રીમતી ગીતાબેન ઉનટક્ટ	૨૮
૧૩.	સ્ત્રીને સમજવા જેવું એક વિશ્વવ્યાપી સત્ય	પ્રાગજીભાઈ પટેલ	૩૦
૧૪.	કાચું સુખ ને સાચું સગપણ !	પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ	૩૨
૧૫.	જિંદગી કે સફર મેં ગુઝર જાતે હૈં...	પ્રફુલ્લ કાનાબાર	૩૪
૧૬.	માણસ માટે સાચું સુખ મેળવવું કઠીન છે	ડો. ભાવેશ જેતપરિયા	૩૫
૧૭.	રાખો ચાવી આપણા સુખની આપણાં હાથમાં	ડો. જયેશ વાછાણી	૩૬
૧૮.	જીવનમાં સકારાત્મકતાનું મહત્વ	હરજીવન રંગપરિયા	૩૮
૧૯.	આ ફાધર શબ્દનો પ્રવેશ કેવી રીતે થયો ?	ભદ્રાયુ વછરાજાની	૪૦
૨૦.	લક્ષદ્વીપ સમૂહ....	પ્રા. ડો.યશવંત કે. ગોસ્વામી	૪૧
૨૧.	કેનેડા અને તેનો નાયગ્રા ધોધ	રસિક પટેલ	૪૪
૨૨.	ખુશીઓનું સમર્પણ મા ઉમિયાને અર્પણ		
૨૩.	શું ગર્ભ રહે છે પરંતુ ટકતો નથી ?	ડો. શીતલ પંજાબી	૪૬
૨૪.	"વાડી ખેતર" કર્મયોગનું મંદિર છે	હીરજી ભીંગરાડિયા	૪૯
૨૫.	વૃક્ષો... જીવતા-જાગતા દેવ	ગિરા પિનાકીન ભટ્ટ	૫૧
૨૬.	વિશિષ્ટ સિદ્ધિ સન્માન		૫૩
૨૭.	પ્રવૃત્તિ અહેવાલ	શૈલેષભાઈ પટેલ	૫૭
૨૮.	સમાચાર	ડો. રૂપલબેન પટેલ	૬૦

⌘ ⌘ ⌘

નોંધ : આ અંકમાં પ્રગટ થયેલ લેખોમાં દર્શાવેલ વિચારો જે તે લેખકના છે.

પ્રો. ડો. જે. એમ. પનારા

તંત્રીલેખ

ઉમાસૃષ્ટિ : વિચારોથી પરિવર્તન તરફ

પ્રિય વાચક મિત્રો, સૌને નમસ્કાર...

દિવાળી એટલે માત્ર દીવડાં પ્રગટાવવાનું પર્વ નથી; દિવાળી એટલે અંધકારમાંથી પ્રકાશ તરફ જવાની પ્રેરણા. બહારના અંધકારને દૂર કરવા માટે આપણે દીવો પ્રગટાવીએ છીએ, પરંતુ જીવનમાં રહેલા અજ્ઞાન, નિરાશા, નકારાત્મકતા, અંધશ્રદ્ધા, અહંકાર અને નિષ્ક્રિયતાના અંધકારને દૂર કરવા માટે વિચારનો દીપક પ્રગટાવવો પડે છે. આ જ વિચારને હૃદયમાં ધારણ કરીને વિશ્વ ઉમિયાધામ દ્વારા પ્રકાશિત 'ઉમાસૃષ્ટિ' સતત પોતાના વાચકો સુધી વિચાર, જ્ઞાન, સંસ્કાર અને પ્રેરણાનો પ્રકાશ પહોંચાડી રહ્યું છે. 'ઉમાસૃષ્ટિ' આજે માત્ર એક સામયિક નથી રહ્યું, પરંતુ વિચારોથી પરિવર્તન તરફ લઈ જતી એક જીવંત ચેતના બની ગયું છે.

ઉમાસૃષ્ટિ - વિચારશીલ સમાજનું માધ્યમ : આજના સમયમાં માહિતીનો અભાવ નથી. મોબાઇલ, ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયાના યુગમાં ક્ષણવારમાં અસંખ્ય માહિતી આપણા સુધી પહોંચે છે. પરંતુ પ્રશ્ન એ છે કે આ માહિતીમાંથી જ્ઞાન કેટલું મળે છે? અને જ્ઞાનમાંથી જીવન માટેની દિશા કેટલી મળે છે? બસ આ જ સમયે એક સારા સામયિકની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બને છે. 'ઉમાસૃષ્ટિ'નો પ્રયત્ન છે કે વાચક માત્ર વાંચે નહીં, પરંતુ વિચારે અને જીવનમાં કંઈક સારું કરવાનો સંકલ્પ પણ કરે. ધર્મ આપણને મૂલ્યો આપે છે, શિક્ષણ આપણને જ્ઞાન આપે છે, સમાજ આપણને જવાબદારી શીખવે છે, યુવા શક્તિ આપણને ભવિષ્યની આશા આપે છે.

મેગેઝિનના વિવિધ વિભાગો : ધર્મ, શિક્ષણ, નારી, સમાજ, યાત્રા, યુવા, આરોગ્ય, કૃષિ અને બાલસૃષ્ટિ જેવા ૯ વિવિધ વિભાગો દ્વારા વાચકોને નવી દ્રષ્ટી અને પ્રેરણા મળતી રહે છે આ વિભાગોમાં પ્રકાશિત થતાં લેખો માત્ર વાંચવા માટે નથી, પરંતુ જીવનને સમજવા માટે છે. સમાજની બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને 'ઉમાસૃષ્ટિ'માં ત્રણ નવા અને ઉપયોગી વિભાગોનો ઉમેરો કરવામાં આવ્યો છે :

૧. 'ખુશીઓનું સમર્પણ - મા ઉમિયાને અર્પણ' : આ વિભાગ દ્વારા જીવનની ખુશીઓ અને શુભ પ્રસંગોને માતાજીના ચરણોમાં સમર્પિત કરવાની ભાવનાને સ્થાન મળે છે. **૨. 'વિશિષ્ટ સિદ્ધિ સન્માન' :** આ વિભાગ દ્વારા સમાજના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કારણ કે સમાજમાં કોઈ વ્યક્તિની સિદ્ધિ માત્ર તેની પોતાની નથી હોતી; તે સમગ્ર સમાજ માટે પ્રેરણાનો સ્ત્રોત બને છે. **3. 'લગ્નોત્સુક યુવક-યુવતીઓના બાયોડેટા' :** આ વિભાગ દ્વારા યોગ્ય જીવનસાથીની શોધમાં રહેલા પરિવારોને એક ઉપયોગી અને વિશ્વાસપાત્ર માધ્યમ મળે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે.

દિવાળીના દીપથી એક સંકલ્પ : દિવાળીનો દીવો આપણને એક સુંદર સંદેશ આપે છે - નાનો દીવો પણ અંધકાર સામે લડી શકે છે. એ જ રીતે એક સારો વિચાર પણ જીવન બદલી શકે છે. એક સારો સંસ્કાર પરિવાર બદલી શકે છે. એક સારો પરિવાર સમાજ બદલી શકે છે. આ દિવાળીએ આપણે માત્ર ઘરમાં દીવા ન પ્રગટાવીએ, પરંતુ જ્ઞાનનો દીપ પ્રગટાવીએ, સંસ્કારનો દીપ પ્રગટાવીએ, સેવાનો દીપ પ્રગટાવીએ, માનવતાનો દીપ પ્રગટાવીએ અને સમાજના વિકાસનો દીપ પ્રગટાવીએ.

વિશ્વ ઉમિયાધામ સાથે જોડાવાનો સંકલ્પ : વિશ્વ ઉમિયાધામ માત્ર એક મંદિરનું નિર્માણ નથી; તે આસ્થા, સંસ્કાર, સેવા, શિક્ષણ અને સનાતનની વૈશ્વિક એકતાના વિશાળ સ્વપ્નનું નિર્માણ છે. આ મહાન કાર્ય સાથે જોડાવું એ માત્ર દાન આપવાની વાત નથી; એ આવનારી પેઢી માટે એક વારસો ઊભો કરવાની ભાવના છે. આપણે સૌ પોતાની શક્તિ અને સામર્થ્ય પ્રમાણે આ મહાયજ્ઞમાં જોડાઈએ અને ઈંટદાન, શિલાદાન, ભૂમિદાન તથા અન્ય શક્ય સહયોગ દ્વારા વિશ્વ ઉમિયાધામના ભવ્ય નિર્માણમાં આપણો ફાળો આપીએ.

આપનો વિશ્વાસ - અમારી પ્રેરણા : 'ઉમાસૃષ્ટિ'ને સતત આગળ વધારવામાં અમને કાર્ય કરવાની સ્વતંત્રતા, પ્રોત્સાહન અને વિશ્વાસ આપવા બદલ સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબ, હોદ્દેદારો તથા ટ્રસ્ટીશ્રીઓનો અમે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. વિજ્ઞાપન દાતાઓ અને ચુનંદા લેખકોનો પણ આભાર માનીએ છીએ.

મા ઉમિયા આપ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ઉત્તમ સ્વાસ્થ્ય અર્પે તેવી પ્રાર્થના. વિશ્વ ઉમિયાધામ અને ટીમ "ઉમાસૃષ્ટિ" તરફથી સૌને **દિપાવલી પર્વના હાર્દિક અભિનંદન અને નૂતન વર્ષની શુભકામનાઓ.**

પ્રમુખશ્રીની કલમે

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના વૈશ્વિક પ્રચાર-પ્રસાર અર્થે

યુ.કે. અને યુ.એસ.એ.ની ધર્મયાત્રા

તા. ૦૭ ઓગસ્ટ થી ૧૮ સપ્ટેમ્બર - ૨૦૨૬

આર. પી. પટેલ
પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી - VUF

આધ્યાત્મિક ચેતનાથી સામાજિક ચેતના તેમજ રાષ્ટ્રચેતના અભિયાન અંતર્ગત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ધાર્મિક તેમજ સામાજિક ક્ષેત્રે કાર્ય કરતી વૈશ્વિક સંસ્થા છે. જે હાલમાં ભારત ઉપરાંત અમેરિકા, કેનેડા, યુ.કે., આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને દુબઇ એમ વિશ્વના આઠ દેશોમાં ધર્મ, સંસ્કૃતિ અને રાષ્ટ્રહિતની વિચારધારા સાથે સક્રિયપણે કાર્યરત છે.

સંસ્થા દ્વારા અમદાવાદ મુકામે વિશ્વ ઉમિયાધામનું નિર્માણ થઈ રહેલ છે. જ્યાં સમગ્ર બ્રહ્માંડના દેવાધિદેવ શિવ અને શક્તિ એટલે મા પાર્વતી - મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા ૫૦૪ ફૂટ મંદિર નિર્માણ ઉપરાંત સ્કિલ યુનિવર્સિટી, હોસ્પિટલ, હોસ્ટેલ અને સ્પોર્ટ્સ સંકુલનું નિર્માણ સામાજીક સશક્તિકરણના ભાગરૂપે થઈ રહેલ છે, ત્યારે આ અભિયાનમાં વૈશ્વિક લેવલે સનાતન ધર્મને અનુસરતા કોઈપણ સમાજના બુદ્ધિશાળી, શક્તિશાળી અને પ્રભાવશાળી લોકોને વિશ્વ ઉમિયાધામના પ્લેટફોર્મ ઉપર જોડવાના પ્રયાસરૂપે સંસ્થા અવિરત પ્રયાસ કરી રહી છે. જે અંતર્ગત તારીખ ૭ ઓગસ્ટ થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી મારા પ્રવાસ દરમિયાન જોડાયેલ તેમજ સહયોગી બનેલ સંસ્થાઓ / વ્યક્તિઓ સાથેની મુલાકાતોની વિસ્તૃત માહિતી આ સાથે સામેલ છે :

યુ. કે. પ્રવાસ (તારીખ ૭ ઓગસ્ટ થી ૧૨ ઓગસ્ટ)

અમદાવાદથી લંડન જવા માટે તારીખ ૭ ઓગસ્ટની વહેલી સવારે જગતજનની મા ઉમિયાના આશીર્વાદ લઈ યુ. કે. પ્રવાસનો મંગલ પરંભ કર્યો. તારીખ ૭ ઓગસ્ટના રોજ લંડનના હિથ્રો એરપોર્ટ પર જ્યારે ઉતર્યા ત્યારે VUF ગ્લોબલ બિઝનેસના ચેરમેન શ્રી ચિંતન પનારા, VUF - UK વાઈસ ચેરમેન શ્રી કેપ્ટન અરુણ કર (નિ.) તેમજ VUF યુ. કે. ની ટીમ દ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

VUF - UK સેન્ટ્રલ ટીમના હોદ્દેદારોની નિમણૂંક : આ પ્રવાસ અંતર્ગત યુ.કે.માં સંસ્થાની પ્રવૃતિઓને વધુ વેગવંતી બનાવવા અને સંગઠનને મજબૂત કરવાના દ્રઢ સંકલ્પ સાથે VUF યુ.કે. કોર કમિટીની એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં VUFની વિચારધારાથી પ્રેરિત અને સમાજસેવા માટે સમર્પિત આગેવાનોની ઉપસ્થિતિમાં યુ.કે.ના સફળ ઉદ્યોગપતિ અને સંસ્થાના પ્લેટિનમ દાતાટ્રસ્ટીશ્રી રજનીભાઈ કણસાગરાના માર્ગદર્શન હેઠળ તેમજ Cllr સુરેશભાઈ કણસાગરાના ચેરમેન પદે, Cllr અંજનાબેન પટેલ (પૂર્વ મેયર - હેરો) અને કેપ્ટન અરૂણ કર (નિ.) (સંસ્થાના ડાયમંડ દાતા) ના વાઇસ ચેરમેન પદે ૧૩ વ્યક્તિઓની VUF - UK ટીમ ની નિમણૂંક કરી.

VUF યુ.કે. ચિસલહર્સ્ટ સ્થિત ‘ધ લોટસ ટેમ્પલ’ની મુલાકાત : આ મુલાકાત દરમિયાન યોગ ફાઉન્ડેશન દ્વારા સનાતન ધર્મની પરંપરાઓ, સંસ્કારો અને જ્ઞાનને વર્તમાન તેમજ ભાવિ પેઢી સુધી પહોંચાડવા અને તેના સંવર્ધન માટે કરવામાં આવી રહેલા પ્રેરણાદાયી કાર્યો વિશે માહિતી મેળવી. આ આતિથ્ય સત્કાર, ઉપયોગી માર્ગદર્શન અને સમાજમાં સનાતની મૂલ્યોના પ્રચાર-પ્રસારમાં યોગદાન બદલ શ્રી ધ્રુવિલભાઈ પટેલ, શ્રી ભાવેનભાઈ પાઠક, શ્રી જયેશભાઈ હિરાણી અને તેમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

VUF - UK ના નવા ચેપ્ટરના હોદ્દેદારોની નિમણૂંક : જેમાં દીપુ પટેલને Grays, South Ockendon, Aveley & Thurrock, મિત્તલ ચૌહાણ - Chadwell Heath & Goodmayes, ડોલી પટેલ - Upton Park, Plaistow & Green Street, આનંદ પટેલ - Dagenham & Becontree તથા ઈસ્ટ ઈંગ્લેન્ડમાં સીમા પટેલને જવાબદારી આપવામાં આવી.

U.K. & U.S.A. પ્રવાસ

ઓડિસાના વતની અને યુ.કે. સ્થિત સફળ ઉદ્યોગપતિ શ્રી રમેશભાઈ અરોરા સાથેની મુલાકાત : જેઓ યુ.કે.માં સનાતન સંસ્કૃતિને જીવંત રાખવા અંતર્ગત સક્રિયપણે કાર્ય કરી રહ્યા છે. તેમની સાથેની મુલાકાત ખૂબ જ ફળદાયી અને ઉષ્માભરી રહી. તેમણે પણ VUF ની વિચારધારાથી પ્રભાવિત થઈને વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ આવવા માટેની અને આર્થિક સહયોગ આપવાની ખાતરી આપી.

હિન્દુ ઈકોનોમીક ફોરમના હોદ્દેદારશ્રીઓ સાથે બેઠક : વૈશાલી જાદવ કે જે સંસ્થાના બિઝનેસ પ્લેટફોર્મ - VIbesના મુંબઈ ચેપ્ટરના સભ્ય છે કે જેઓ યુ.કે. માં રહે છે. તેમના ઘરે ખૂબ જ ટૂંકી નોટીસથી શ્રી અનિલ શાહ VHP - U.K. ચેરમેન, શ્રી કિશોર પટણી - VHP & હિન્દુ ઈકોનોમીક ફોરમ તેમજ અન્ય વિવિધ સંસ્થાઓના દસેક જેટલા પ્રતિનિધિઓ સાથેની મીટિંગમાં VUF ની વિચારધારાથી સર્વે સભ્યશ્રીઓ પ્રભાવિત થયાં.

VUF - U.K. સેન્ટ્રલ ટીમના વાઈસ ચેરમેનશ્રી કેપ્ટન અરૂણકર (નિ.), તેમના પત્ની નીધિ અરૂણ કરનો વિશેષ આભાર : અંતમાં યુ. કે પ્રવાસમાં મારી સાથે દિવસ - રાત ૭ દિવસ સાથે રહીને ઉપરના બધા જ મિત્રોનો પરિચય કરાવવામાં તેમજ મારી રહેવા-જમવા તેમજ પ્રવાસની સંપૂર્ણ વ્યવસ્થા કરનાર VUF - U.K. સેન્ટ્રલ ટીમના વાઈસ ચેરમેનશ્રી કેપ્ટન અરૂણ કર (નિ.), તેમના પત્ની નીધિ અરૂણકર તેમજ અમારી સાથે રહેલા મિત્રોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આ પરિવાર અને સમગ્ર ટીમે સમર્પિત ભાવથી સેવાની નવી મિશાલ પ્રસ્થાપિત કરી છે.

યુ.એસ.એ યાત્રા (તારીખ ૧૩ ઓગસ્ટ થી ૧૮ સપ્ટેમ્બર)

તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ફ્લોરીડા - ટેમ્પાના એરપોર્ટ ખાતે ટીમ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત : USA - યાત્રાના સુકાની તરીકેની જવાબદારી નિભાવવાની જેમણે સંમતિ આપી હતી, તેવા VUF - USA ના વાઈસ ચેરમેન અને સેવા - સમર્પણની ભાવનાથી સંસ્થા સાથે આત્મિયતાથી જોડાયેલા અમારા સૌના મિત્ર એવા શ્રી વિજયભાઈ પટેલ, VUF - USAના સેક્રેટરી જનરલ શ્રી દિનેશભાઈ પટેલ (ડેની) અને સંસ્થાના અન્ય મિત્રોએ મારા આગમનને સત્કારવા તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ ફ્લોરીડા - ટેમ્પાના એરપોર્ટ ઉપર જોયા ત્યારે એક અલગ જ પ્રકારની અનુભૂતિ થઈ. જેમાં એવો સ્પષ્ટ અહેસાસ થયો કે આ વખતની મારી યાત્રા અકલ્પનીય રહેશે.

સંસ્થાના કાયમી ટ્રસ્ટી મંડળના ટ્રસ્ટી અને VUF - USA વાઈસ ચેરમેનશ્રી વિજયભાઈ પટેલનું વ્યક્તિત્વ : આ તબક્કે મારે વિજયભાઈના વ્યક્તિત્વ વિશે કેટલીક વાત કરવી જરૂરી બને છે. કારણ એક એવું વ્યક્તિત્વ છે કે, જે યુ.એસ.એ.માં અનેક વ્યવસાય સાથે જોડાયેલા હોવા છતાં સેવા અને સમર્પણના ભાવથી દરેક ધાર્મિક સંસ્થાઓમાં વિવિધ સ્તરે તન - મન અને ધનથી સહયોગી બનીને દરેકના મન જીતીને સમાજમા પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. સામાજિક દાયિત્વને પોતાની ફરજ સમજીને અનેક ક્ષેત્રે, અનેક કાર્યોની સુવાસ ફેલાવીને પોતાની વિશિષ્ઠ વૈચારિક ક્ષમતાથી યુવાનોમાં પ્રેરણાસ્રોત બન્યા છે.

શ્રી જે. પી. પટેલ-શિકાગો અને શ્રી દિનેશભાઈ પટેલ (ડેની) - સદર યાત્રાના ૩૫ દિવસના સહયાત્રી : સદર પ્રવાસ દરમિયાન વિજયભાઈ ઉપરાંત તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ થી યાત્રાના અંત સુધી સાથે રહેવાની તૈયારી સાથે VUF - USA ના ચેરમેન શ્રી જે. પી. પટેલ કે જેઓ શિકાગોથી અને સેક્રેટરી જનરલ શ્રી દિનેશભાઈ પટેલ (ડેની) વોશિંગ્ટન ડી. સી. થી ટેમ્પા આવી ગયેલ જેમની સાથે વિજયભાઈના નેતૃત્વમાં અનેક સંસ્થાઓ અને વ્યક્તિઓ સાથે મુલાકાત કરી, જે પૈકી....

ફ્લોરિડા ખાતે ડો. કિરણભાઈ પટેલ સાથે મુલાકાત : યુ.એસ.એ - ફ્લોરિડા, ટેમ્પા ખાતે વર્ષોથી રહેતા અને સામાજિક, શૈક્ષણિક અને આરોગ્ય ક્ષેત્રે કરોડોના દાન થકી અનેક સંસ્થાઓના નિર્માણમાં જેમનો અગ્રિમ હિસ્સો રહ્યો છે તેવા હૃદયરોગ નિષ્ણાત, સફળ ઉદ્યોગ સાહસિક અને માનવતાવાદી ડો. કિરણભાઈ પટેલના નિવાસસ્થાને તેમની મુલાકાત કરી, જ્યાં ડો. કિરણભાઈ પટેલના હસમુખા સ્વભાવ સાથે તેમની સમાજસેવી વાતો સાંભળીને આનંદની અનુભૂતિ થઈ. આ મુલાકાત માત્રને માત્ર વિજયભાઈના ડો. કિરણભાઈ સાથેના વ્યક્તિગત સંબંધોને લઈને શક્ય બની હતી, તેનો ખૂબ જ આનંદ છે. ડો. કિરણભાઈએ પણ વિશ્વ ઉમિયાધામમાં શૈક્ષણિક અને આરોગ્ય ક્ષેત્રે થતી પ્રવૃત્તિઓમાં સહયોગી થવાની ભાવના વ્યક્ત કરી.

U.S.A. પ્રવાસ

શ્રી રવિભાઈ જે. પટેલ (સ્વ.જયંતીભાઈ પટેલ - JMCના પુત્ર) ડાયમંડ દાતાટ્રસ્ટીશ્રી : તરીકે આ ઉપરાંત સ્વ. જયંતિભાઈ પટેલ (JMC) ના પુત્ર શ્રી રવિભાઈ પટેલ કે જેઓ એક સફળ બિઝનેસમેન છે તેમજ વિજયભાઈની સાથે ખૂબ જ નજીકથી સંકળાયેલા છે. તેમના નિવાસસ્થાને થયેલી મુલાકાતમાં વિજયભાઈની પ્રેરણાથી અને સંસ્થાની વિચારધારાથી પ્રભાવિત થઈને સંસ્થાના ડાયમંડ દાતાટ્રસ્ટી તરીકે જોડાયા તે બદલ હું તેમના સમગ્ર પરિવારનો આભારી છું.

મેકન - જ્યોર્જિયા ખાતે ચેપ્ટર ચેરમેનશ્રી ભરતભાઈ પટેલના નિવાસસ્થાને રાત્રિ બેઠક : તા. ૧૬ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સવારે કાર માર્ગે શ્રી વિજયભાઈ, જે. પી. પટેલ, દિનેશભાઈ પટેલ (ડેની) સાથે મેકન - જ્યોર્જિયા જવા રવાના થયા. જ્યાં રસ્તામાં સંસ્થાના પ્લેટિનમ દાતાટ્રસ્ટીશ્રી રાજુભાઈ પટેલની તેમના ઘરે મુલાકાત લીધી અને VUF - USA, ટેમ્પા ચેપ્ટરના ચેરમેનશ્રી પરેશભાઈ પટેલના ઘરે ભોજન લઈને મેકન જવા રવાના થયાં અને રાત્રે મેકન જ્યોર્જિયા પહોંચ્યા ત્યારે ત્યાંના ચેપ્ટર ચેરમેનશ્રી ભરતભાઈ પટેલના ઘરે શ્રી રાકેશભાઈ તેમજ અન્ય મિત્રો સાથે ભોજન લઈ બીજા દિવસના કાર્યક્રમની વિગતે ચર્ચા-વિચારણા કરી છૂટાં પડ્યાં.

મેકન જ્યોર્જિયા ખાતે આવેલ મા ઉમિયાના મંદિરે દર્શન તથા આરતી : ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ મેકન જ્યોર્જિયા ખાતે આવેલા મા ઉમિયાના મંદિરે સંસ્થાના હોદ્દેદારો સાથે મા ઉમિયાના દર્શન અને આરતીનો લાભ લીધો. આ પ્રસંગે ઉપસ્થિત VUF Macon Chapter ના ચેરમેન શ્રી ભરતભાઈ પટેલ, કો-ચેરમેન શ્રી રાકેશભાઈ પટેલ, પ્લેટિનમ દાતા શ્રી અલ્કેશભાઈ પટેલ તથા પૂર્વ હોદ્દેદારો શ્રી રસિકભાઈ પટેલ અને શ્રી અજીતભાઈ પટેલ સહિતના મિત્રો સાથે વિશેષ શુભેચ્છા બેઠક યોજાઈ, જેમાં મંદિર નિર્માણ અંતર્ગત વિસ્તૃત ચર્ચાઓ કરી અને દરેક મિત્રોએ મંદિર નિર્માણમાં સક્રિયતાથી કાર્ય કરવાની ઈચ્છા પ્રગટ કરી તે બદલ તેમનો આભારી છું.

શ્રી કિરીટભાઈ પટેલ (કેનીભાઈ)ના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત : મેકન જ્યોર્જીયા ખાતે રહેતા અને મૂળ આખજ ગામના વતની શ્રી કિરીટભાઈ પટેલ (કેનીભાઈ) ના નિવાસસ્થાને તેમની પરિવાર સાથે વિજયભાઈએ વિશેષ મુલાકાત કરાવી. કેનીભાઈએ પોતાની વિશિષ્ટ આવડત અને અદમ્ય સાહસના આધારે ખૂબ જ સારી સિદ્ધિ પ્રાપ્ત કરીને આગવી ઓળખ ઉભી કરી છે તે બદલ તેમને અભિનંદન આપીએ તેટલા ઓછા છે. સદર મુલાકાતમાં સંસ્થાની વિચારધારા અને સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓ બાબતે અનેક વાતો થઈ, જેનાથી પ્રભાવિત થઈને તેમજ વિજયભાઈની પ્રેરણાથી તેમણે સંસ્થામાં સહયોગી બનીને ઉત્સાહપૂર્વક જોડાવાની સંમતિ દર્શાવી તે માટે હું તેમનો આભારી છું.

શ્રી સુભાષભાઈ પટેલ (સમાજનું ગૌરવ) વિશિષ્ટ વ્યક્તિત્વનો પરિચય : ઉપરોક્ત મુલાકાત બાદ અમો એટલાન્ટા જવા રવાના થયાં. ત્યાં એક વિશિષ્ટ વ્યક્તિ - શ્રી સુભાષભાઈ પટેલ સાથે મુલાકાત વિજયભાઈએ કરાવી, કે જેમને મળવાથી એક નવી જ ઊર્જા મળ્યાનો અહેસાસ થયો. શ્રી સુભાષભાઈ અને વિજયભાઈ બંને સફળ બિઝનેસમેન છે, વ્યવસાયિક પાર્ટનર છે, પરંતુ તેનાથી વિશેષ તેઓ અંગત મિત્રો પણ છે. ધંધાકીય કુનેહ, અદમ્ય સાહસ, ધંધાકીય તકોને પારખવાની આગવી શક્તિ, દૂરંદેશી વિચારો, વિશાળ મિત્રવર્તુળ અને દરેક ક્ષેત્રે ઉચ્ચ કક્ષાના વ્યવસાયિક સંબંધો તેમની બંનેની સફળતાનું રહસ્ય છે. તેમની સાથે રાત્રે ખૂબ મોડા સુધી સામાજિક તેમજ સંસ્થાકીય અનેક વાતો થઈ અને બીજા દિવસે વોશિંગ્ટન ડી.સી. જવાનું નક્કી કર્યું.

U.S.A. પ્રવાસ

વોશિંગ્ટન ડી.સી. ખાતે મુખ્યમંત્રીશ્રી સાથેની મિટિંગ પૂર્વેની આયોજન બેઠક - દિનેશભાઈના નિવાસસ્થાને : તા. ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ વિજયભાઈના પ્રાઈવેટ પ્લેનમાં શ્રી સુભાષભાઈ અને અમો બધા જ મિત્રો વોશિંગ્ટન ડી.સી. જવા નીકળ્યાં. આ જ દિવસે રાત્રે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે તા. ૧૯, ઓગસ્ટ ના રોજ સવારે યોજાનારી મિટિંગના પૂર્વ આયોજન માટે સંસ્થાના યુ.એસ.એ.ના મહામંત્રી શ્રી દિનેશભાઈ પટેલ (ડેની)ના નિવાસસ્થાને રાત્રિ બેઠક રાખેલ. જેમાં VUF - USA ની સેન્ટ્રલ ટીમ અને તમામ ચેપ્ટરના હોદ્દેદારો સહિત ૮૦ થી વધારે મિત્રોની ઉપસ્થિતિ હતી. સદર મીટિંગમાં બધા જ મિત્રોએ પોતાપોતાના વિચારો વ્યક્ત કર્યા અને સી.એમ. સાથેની મીટિંગ મહત્ત્વપૂર્ણ બની રહે તે માટે સમયસર મીટિંગમાં ઉપસ્થિત રહેવાના નિર્ણય સાથે છૂટાં પડ્યાં.

માન. મુખ્યમંત્રીશ્રી સાથે VUF - USA ની સેન્ટ્રલ ટીમ તેમજ ચેપ્ટર ચેરમેનશ્રીઓની મહત્વપૂર્ણ મિટિંગ : વિદેશમાં વસતા ભારતીયોને ગુજરાતમાં ધંધાકીય રોકાણ કરવા સરકારની નવી પોલીસીથી અવગત કરાવવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમેરિકાના પ્રવાસે આવેલ, ત્યારે VUF - USA ટીમના હોદ્દેદારો સાથે તેમની મીટિંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં સી.એમ.સાહેબે આપણી સંસ્થાના ઉપસ્થિત મિત્રોને માદરે વતન એવા ગુજરાતમાં રોકાણ કરવા અનુરોધ કર્યો અને સંસ્થાની વૈશ્વિક કામગીરીને બિરદાવી.

હોદ્દેદારોની મુખ્યમંત્રીશ્રીની સાથે વ્યક્તિગત મુલાકાત અને ઈન્ડિયા હાઉસમાં એમ્બેસીના અધિકારીઓ સાથેની મુલાકાત : સદર મીટિંગમાં વિશેષ કરીને સંસ્થાના હોદ્દેદારો પૈકી વી.પી.પટેલ - મેરીલેન્ડ, વિજયભાઈ - ટેમ્પા, સુભાષભાઈ - એટલાન્ટા, જે.પી.પટેલ - શિકાગો, દિનેશભાઈ (ડેની) - મેરીલેન્ડ, અતુલભાઈ & મહેન્દ્રભાઈ - ન્યુજર્સી, અનિતાબેન - બોસ્ટન, વિનોદભાઈ - સેન્ટલુઈસ, રાજ પટેલ - ન્યુજર્સી, આશિષભાઈ પરીખ - વોશિંગ્ટન ડી.સી., જયમીન ઉપાધ્યાય - કેલિફોર્નિયા તેમજ અન્ય ચેપ્ટરના ચેરમેનશ્રીઓ તેમજ હોદ્દેદારોની મુખ્યમંત્રીશ્રીની સાથે વ્યક્તિગત મુલાકાત થઈ તેમજ ઈન્ડિયન એમ્બેસી દ્વારા ઈન્ડિયા હાઉસમાં આયોજીત લંચમાં સંસ્થાના હોદ્દેદારોને ઈન્ડિયન એમ્બેસીના અધિકારીઓને મળવાનો અવસર પ્રાપ્ત થયો.

વર્લ્ડ બેંક ગ્રુપ - શ્રી હેમાંગભાઈ પી. જાની (સિનિયર એડવાઈઝર ટુ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર) સાથેની શુભેચ્છા મુલાકાત : આ ઉપરાંત સંસ્થાના હોદ્દેદારોએ વોશિંગ્ટન ડી. સી. ખાતે આવેલ વર્લ્ડ બેંક ગ્રુપની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે વર્લ્ડ બેંક ગ્રુપના સિનિયર એડવાઈઝર ટુ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (બાંગ્લાદેશ, ભૂટાન, ભારત અને શ્રીલંકા) શ્રી હેમાંગ પ્રિયવદન જાની સાથે શુભેચ્છા મુલાકાત અને મહત્વપૂર્ણ મિટિંગ યોજાઈ હતી.

ન્યૂજર્સી ખાતે શ્રી રાજ પટેલ સાથેની વિશિષ્ટ મુલાકાત : તા. ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ ન્યુજર્સી ખાતે બાંધકામ વ્યવસાયમાં પોતાની આગવી ઓળખ ઉભી કરનાર શ્રી રાજ પટેલ સાથેની મુલાકાત ખૂબ જ ઉષ્માભરી રહી. મુલાકાત દરમિયાન સંસ્થાની વિચારધારાથી પ્રભાવિત થઈને મુક્ત મને સંસ્થાની પ્રશંસા કરીને શ્રી રાજ પટેલે અમારી લાગણીને ધ્યાને લઈ સંસ્થાના કુબેર દાતા થવાની તૈયારી દર્શાવી, જે અમારા બધા માટે આનંદની ક્ષણ હતી. ભાઈશ્રી રાજના વિચારો, ત્વરિત નિર્ણય શક્તિ, સમાજને પરત આપવાની વિશેષ ભાવના સાથેના વિશિષ્ઠ ગુણો ધરાવતુ વ્યક્તિત્વ સંસ્થા સાથે તન - મન અને ધનથી જોડાય ત્યારે તેમાં માત્ર ને માત્ર મા ઉમિયાની કૃપા છે.

વધુ આવતા અંકે...

ધર્મ સૃષ્ટિ

પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)
લેખક VUFના ઉપપ્રમુખ, ધાર્મિક સાહિત્ય સંપાદક, શિક્ષણકાર અને વિવિધ સેવા યજ્ઞોના ઊંચા ગજાના દાતા છે.

વેદોનો દિવ્ય સંદેશ

अपेहि मनसस्पतेडप क्राम परश्चर ।
परो निर्ऋत्या आ चक्ष्व बहुधा जीवतो मनः ॥ (ઋગ્વેદ ૧૦/૧૬૪/૧)

ભાવાર્થ : હું મારા કુવિચારોને હંમેશાં દૂર રાખીશ. એનાથી મારો વિનાશ નહિ કરું. મારા મનની શક્તિ અપાર છે, એને બરબાદ નહિ થવા દઉં.

સંદેશ : સંસારમાં આપણે જે પણ કામગીરી જોઈએ છીએ, માનવસમાજમાં જે કાર્યો થઈ રહ્યાં છે, આપણી ચારે બાજુ જે કાંઈ થઈ રહ્યું છે તે બધું માત્ર આપણા મનનો જ ખેલ છે. આ બધું જ કર્મ દ્વારા નિયમિત રૂપે થતું હોય છે. કોઈ પણ કર્મ સૌથી પહેલાં વિચારના રૂપમાં મનમાં ઉદ્ભવે છે. આ વિચારો ઉપર આંતરિક રૂપથી ચિંતન તથા મનન થાય છે અને ત્યારબાદ તેને કાર્યમાં રૂપાંતરિત કરવાની ઈચ્છાશક્તિ જાગૃત થાય છે. પછી જ મનુષ્ય તે કાર્ય કરે છે. છેવટે તેનાં કર્મો દ્વારા જ તેના ચારિત્ર્યનું નિર્માણ થાય છે.

જીવન ઉપર પોતાની પકડ મજબૂત રાખવા માટે એક જ ઉપાય છે અને તે છે યોગ્ય અને ઊંડું ચિંતન. આજકાલ આપણે સ્વતંત્ર ચિંતનની પ્રશંસા કરતાં સંકોચ અનુભવતા નથી. મુક્ત ચિંતન એ ખરાબ બાબત નથી, પરંતુ ઉપયોગી હોય તેવું ચિંતન તેનાથી પણ વધારે સારું છે. આવા યોગ્ય અને ઉપયોગી ચિંતનનું ગાઢ ચિંતનમાં રૂપાંતર કરવું એ ખૂબ જ ઉત્તમ છે. આત્મનિરીક્ષણ કરવાની ટેવ પાડ્યા વિના મનની અંદર દોડી રહેલા વિચારો ઉપર નિયંત્રણ રાખવાનું લગભગ અશક્ય છે. અંતઃકરણમાં મળ, વિક્ષેપ અને આવરણ એ

ત્રણ પ્રકારના દોષ હોય છે. જ્યાં સુધી આ દોષોને દૂર કરી મનને શુદ્ધ, પવિત્ર અને નિર્મળ બનાવી લેવામાં ન આવે ત્યાં સુધી તેમાં દૂષિત વિચારો ઉત્પન્ન થતા રહે છે. વૈચારિક પવિત્રતા પ્રાપ્ત થયા પછી જ આપણા આચરણ તથા કર્મમાં શ્રેષ્ઠતાના દર્શન થઈ શકે છે.

ગીતાનો ઉપદેશ છે કે મનુષ્યે નિરંતર કર્મ કરતા રહેવું જોઈએ. આપણે એવું કોઈ પણ કર્મ ન કરવું જોઈએ કે જેનાથી કોઈ નુકસાન થતું હોય. પ્રત્યેક કર્મમાં ગુણ અને દોષ તો રહે જ છે. સારાં કે ખોટાં બંને પ્રકારનાં કર્મો કરવાની પ્રેરણા આપણા મનમાં જ પેદા થાય છે. મનમાં સારા વિચારો પેદા થશે, તો આપણાં કર્મો પણ સારાં હશે અને કુવિચારો પેદા થશે તો તેનું પરિણામ અશુભ કર્મોના રૂપમાં પ્રગટ થશે. મનમાં ઉત્પન્ન થયેલા ખરાબ વિચારો આપણને દુષ્પ્રવૃત્તિઓ તરફ ખેંચી જાય છે અને આપણા સર્વનાશનું કારણ બની જાય છે. તેથી આપણે હંમેશાં આપણા મનમાં પેદા થતા કુવિચારોને મૂળમાંથી જ ઉખાડીને ફેંકી દેવાનો હંમેશાં પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

ભારતીય સંસ્કૃતિમાં મનની અસીમ શક્તિ તથા અપાર સામર્થ્યનાં ગુણગાન ગાવામાં આવ્યાં છે. સંસ્કાર, શુદ્ધિકરણ અને સંશોધન દ્વારા મનમાંથી અનિચ્છનીય તત્ત્વો, દુર્ગુણો, દોષો વગેરેને દૂર કરીને તેમના બદલે સદ્ગુણોની સ્થાપના કરવી એ જ આપણી સંસ્કૃતિનો મૂળભૂત આધાર છે. તેના દ્વારા દુર્ગુણો, કુવિચારો તથા દુઃખદાયી તત્ત્વોને મનમાં પ્રવેશતાં રોકી શકાય છે તથા તેમના સ્થાને શુભ તત્ત્વો, શુભ વિચાર અને સદ્ગુણો પોતાની સુગંધ ફેલાવવા માંડે છે.

આત્મશુદ્ધિની આ પ્રક્રિયા જીવનપર્યંત ચાલતી રહેવી જોઈએ. એનાથી સત્કર્મો દ્વારા માનવજીવન દેવત્વ તરફ આગળ વધતું જાય છે. કુવિચારો તથા કુસંસ્કારો આપણા મનમાં પ્રવેશવાનું સાહસ કરી શકતા નથી અને જીવન પવિત્ર તથા નિર્મળ બને છે. આપણે આત્મશક્તિનો સદુપયોગ કરવો જોઈએ. ■

ઉમાસૃષ્ટિ ગ્રાહકો જોગ

"ઉમાસૃષ્ટિ" સામયિકનો દીપાવલી વિશેષાંક ઓક્ટોબર-નવેમ્બર, ૨૦૨૬ માસના સંયુક્ત અંક તરીકે પ્રકાશિત થયો છે. હવે ડિસેમ્બર - ૨૦૨૬ માસનો અંક પ્રકાશિત થશે, જેની દરેક ગ્રાહક સભ્યોએ નોંધ લેવા વિંનતી છે.

ધર્મ સૃષ્ટિ

સંપાદક : ડૉ. પ્રભુદાસ પટેલ
લેખક ઉમાસૃષ્ટિના મેનેજીંગ એડીટર તથા પૂર્વ તંત્રી,
શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ, શ્રેષ્ઠ શિક્ષકનો નેશનલ એવોર્ડ
તથા ગુજરાત ગરિમા એવોર્ડ વિજેતા અને જાણીતા કેળવણીકાર છે.

श्री रामचरितमानस कथासार

પૂર્વકથા : શ્રીરામજી અને સીતાજી વનમાં ઘાસની પથારી પર સૂતાં છે. લોકો કહે છે કે કર્મ (ભાગ્ય) જ પ્રધાન છે. કૈકેયીની નીચ બુદ્ધિ અને કુટિલતા કરી અને શ્રી રામજીને સુખના સમયે દુઃખ આવ્યું. ત્યાં લક્ષ્મણજી બોલ્યા કોઈ કોઈને સુખ કે દુઃખ આપનાર નથી. પોતાનાં કર્મનાં ફળ ભોગવે છે.

હવે આગળ :

सकल सोच करि राम नहावा ।
सुचि सुजान बट छीर मंगावा ॥

સવારે ઉઠી નિત્યકર્મો કરી પછી રામજીએ સ્નાન કર્યું. પછી વડનું દૂધ મંગાવ્યું. લક્ષ્મણજીએ એ દૂધથી શિર ઉપર જટાઓ બનાવી. આ જોઈને સુમંતના નેત્રોમાં આંસુ આવ્યાં. તેમનું હૃદય અત્યંત બળવા લાગ્યું. તેઓ હાથ જોડીને બોલ્યા.

बनु देखाइ सुरसरि अन्हवाई ।
आनेहु फेरि बेगि दोउ भाई ॥

હે નાથ ! મને કૌશલનાથજીએ એવી આજ્ઞા આપી હતી કે, રથ લઈને તમે જાઓ. શ્રી રામજી અને સીતાજીને વન બતાવીને, ગંગા દર્શન કરાવી બંને ભાઈઓને લઈને પાછા આવજો. મહારાજે આવું કહ્યું હતું. હવે હે પ્રભુ ! આપ કહો તેમ કરું, એમ કહી તેઓ શ્રી રામજીને નમી પડ્યા અને બાળકની પેઠે રડી પડ્યા, ત્યારે રામજી બોલ્યા,

सिबि दधीच हरिचंद्र नरेसा ।
सहे धरम हित कोटि कलेसा ॥

હે તાત ! શિબી, દધિચી અને રાજા હરિશ્ચંદ્રએ અનેક દુઃખ સહ્યાં હતાં. વેદ, શાસ્ત્રો અને પુરાણોમાં કહેવાયું છે કે સત્યની સમાન બીજો કોઈ ધર્મ નથી. મેં એ ધર્મની સરળતાથી પ્રાપ્ત કરી લીધો છે. તાત ! આપ જઈને પિતાજીના ચરણ પકડીને વિનંતી કરજો કે આ મારી કોઈ વાતે ચિંતા ન કરશો. પિતાજી અમારા માટે દુઃખ ન પામે.

पतिहि प्रेममय बिनय सुनाई ।
कहति सचिव सन गिरा सुहाई ॥

પતિની પ્રેમભરી વિંનતી સાંભળીને સીતાજીએ મંત્રીજીને કહ્યું, આપ મારા પિતાજી અને સસરાજી સમાન મારું હિત કરનારા છો. પરંતુ હે તાત ! આર્યપુત્રનાં ચરણકમળો વિનાના જગતમાં સર્વ સંબંધો મારા માટે વ્યર્થ છે. મારા સસુરજી અને સરાજીને પગે પડીને મારી વિનંતી કરજો કે તેઓ મારો કોઈ શોક ન કરે.

सुनि सुमंत्रु सिय सीतलि बानी ।
भयउ बिकल जनु फनि मनि हानी ॥

સીતાજીની શીતળ વાણી સાંભળી સુમંતજી વ્યાકુળ થઈ ગયા. તેમના નેત્રોને કંઈ સૂઝતુ નથી. જેમ મણિ ખોવાઈ જવાથી સર્પ માથું પકડીને વ્યાકુળ થઈ જાય છે. તેમ ઘણા વ્યાકુળ થયા અને કંઈ બોલી શકતા નથી. શ્રી રામજીએ સમજાવ્યા છતાં સુમંતજીના મનનું સમાધાન ન થયું.

मेटि जाइ नहिं राम रजाई ।
कठिन करमगति कछु न बसाई ॥

શ્રી રામજીની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકાતું નથી. કર્મની ગતિ કઠણ છે. શ્રી રામ, લક્ષ્મણ અને સીતાજીના ચરણોમાં શીશ નમાવીને સુમંત એ રીતે પાછા ફર્યા કે વેપારી પોતાની મૂડી ખોઈને પાછો ફર્યો હોય. શ્રી રામજીએ જબરદસ્તીથી પાછા વળાવ્યા. પછી પોતે ગંગાજીને તીરે આવ્યા.

मागी नाव न केवटु आना ।
कहइ तुम्हार मरमु मैं जाना ॥

શ્રી રામે કેવટ પાસે નાવ માંગી. પણ તે લાવતો નથી. તે કહેવા લાગ્યો, મેં તમારું રહસ્ય જાણી લીધું છે. તમારા ચરણની ધૂળ પત્થરને લાકડાને મનુષ્ય બનાવી દેનારી જડી બુટ્ટી છે. જો પત્થરની શીલા સ્ત્રી બની ગઈ, તે રીતે મારી નાવડી કાષ્ઠની છે, તે પણ સ્ત્રી થઈ જાય તો હું લુંટાઈ જઈશ, મારી આજીવિકા મરી પરવાશે.

(ક્રમશઃ આવતા અંકમાં)



શ્રી ભાણદેવજી
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

શ્રીરામકથાના સપ્તસ્થાન

ભગવાન શ્રીરામની જીવનલીલા અનેક સ્થાનોમાં સંપન્ન થઈ છે. આ સર્વસ્થાનોમાં પ્રધાન સ્થાનો સાત છે. ૧. જનકપુર ૨. પ્રયાગરાજ ૩. ચિત્રકૂટ ૪. અયોધ્યા ૫. પંચવટી ૬. રામેશ્વર ૭. લંકા.

આ સાતેય સ્થાનો પૃથ્વી પર અવસ્થિત સાત સ્થાનો છે, જે અદ્યાપિ પર્યંત ઉપલબ્ધ છે, હયાત છે. આ સાતેય સ્થાનોના બહિરંગ અર્થ અને બહિરંગ ઉપસ્થિતિ પણ છે જ. આમ હોવું બરાબર પણ છે જ. આમ છતાં આ સાતેય સ્થાનોના આંતરિક અર્થ, આધ્યાત્મિક અર્થ પણ છે જ.

માનવશરીરમાં સાત ચક્રો છે. : (૧) તાલુમાં - બ્રહ્મરંધ્રમાં સહસ્રાર ચક્ર (૨) ભ્રૂમધ્યમાં આજ્ઞાચક્ર (૩) કંઠમાં વિશુદ્ધ ચક્ર (૪) હૃદયપ્રદેશમાં અનાહત ચક્ર (૫) નાભિમાં મણિપુર ચક્ર (૬) ઉપસ્થની ઉપર સ્વાધિષ્ઠાન ચક્ર (૭) ઉપસ્થ અને ગુદાની વચ્ચે મૂલાધાર ચક્ર. હવે આપણે જોઈએ કે રામકથાનાં સપ્તસ્થાન અને માનવશરીરનાં આ સાત ચક્રો વચ્ચે શો સંબંધ છે.

૧. જનકપુર : જનકપુર મહાજ્ઞાની મહારાજ જનકની રાજધાની નગરી છે. જ્ઞાનનું કેન્દ્ર છે. શરીરમાં તેનું સ્થાન મસ્તકમાં તાલુમાં છે. યૌગિક પરિભાષામાં તે સ્થાન ઉપસ્થિત ચક્રને ‘સહસ્રાર ચક્ર‘ કહેવામાં આવે છે. સહસ્રાર ચક્ર પણ જ્ઞાનનું ચક્ર છે. જ્યારે જાગ્રત થયેલી કુંડલિની સહસ્રાર ચક્રમાં પહોંચે છે, ત્યારે સાધકનો સમાધિમાં પ્રવેશ થાય છે.

આમ જનકપુર અને સહસ્રાર ચક્ર, બંને જ્ઞાનનાં કેન્દ્રો છે. બંને વચ્ચે સંગતિ છે. જનકપુર બહિરંગ જગતમાં છે. તેનું આધિભૌતિક સ્વરૂપ છે. સહસ્રાર ચક્ર સૂક્ષ્મ શરીરમાં છે. તેનું આધ્યાત્મિક સ્વરૂપ છે. આમ બહિરંગ જગતમાં જે જનકપુર છે; અંતરંગ જગતમાં તે સહસ્રાર ચક્ર છે.

૨. પ્રયાગરાજ : ભારતમાં પ્રયાગરાજ” એક મહાન તીર્થસ્થાન છે. પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમ છે. પ્રયાગરાજમાં ત્રણ નદીઓનો સંગમ થાય છે - ગંગા, યમુના અને સરસ્વતી.

માનવશરીરમાં પણ ત્રિવેણીસંગમ છે. શરીરમાં તેનું સ્થાન ભ્રૂમધ્યમાં છે અને યૌગિક પરિભાષામાં તેને ‘આજ્ઞાચક્ર‘ કહે છે. આજ્ઞાચક્રમાં પણ ત્રિવેણીસંગમ છે. ઈડા, પિંગલા અને સુષુમ્ણા - આ ત્રણ નાડીઓનું સંગમસ્થાન આ ભ્રૂમધ્યસ્થ આજ્ઞાચક્ર છે. પ્રયાગરાજ અને આજ્ઞાચક્ર, બંનેને યુક્તત્રિવેણીસંગમ પણ કહેવામાં આવે છે. પ્રયાગરાજ બાહ્ય જગતમાં છે. તેનું સ્વરૂપ આધિભૌતિક છે. આજ્ઞાચક્ર સૂક્ષ્મ શરીરમાં છે અને તેનું આધ્યાત્મિક સ્વરૂપ છે. આમ બાહ્યજગતમાં જે પ્રયાગરાજ છે તે અંતરંગજગતમાં આજ્ઞાચક્ર છે. પ્રયાગરાજ અને આજ્ઞાચક્રમાં સ્નાન કરવાથી પાપમાંથી મુક્ત થવાય છે.

૩. ચિત્રકુટ : ભારતમાં ‘ચિત્રકૂટ’એક તીર્થસ્થાન છે. ભગવાન શ્રીરામ, લક્ષ્મણજી અને સીતાજીએ વનવાસ દરમિયાન દીર્ઘકાલપર્યંત ચિત્રકૂટમાં નિવાસ કર્યો છે. ચિત્રકૂટ ભગવાન શ્રીરામની જીવનલીલાનું એક મહત્ત્વપૂર્ણ સ્થાન છે. માનવશરીરમાં પણ એક ચિત્રકૂટ છે. તે વિશુદ્ધ ચક્ર છે અને તેનું સ્થાન કંઠમાં છે. જ્યારે વિશુદ્ધ ચક્રમાં ચેતનાની ગતિ થાય છે ત્યારે ચિત્ત આકાશ જેવું વિશુદ્ધ બની જાય છે; તેથી તેને ‘વિશુદ્ધ ચક્ર’ કહેવામાં આવે છે. ભગવાન શ્રીરામ, સીતાજી અને લક્ષ્મણજીના દીર્ઘકાલપર્યંત નિવાસથી ચિત્રકૂટ પણ વિશુદ્ધ સ્થાન બની ગયું છે. આમ ચિત્રકૂટ બાહ્ય જગતમાં છે અને તેથી તેનું સ્વરૂપ આધિભૌતિક છે. વિશુદ્ધ ચક્ર સૂક્ષ્મ શરીરમાં છે અને તેનું સ્વરૂપ આધ્યાત્મિક છે. બાહ્યજગતમાં જે ચિત્રકૂટ છે, અંતરંગ જગતમાં તે આજ્ઞાચક્ર છે.

૪. અયોધ્યા : અયોધ્યા તો ભગવાન શ્રીરામની નગરી છે. ભગવાન શ્રીરામનું નિવાસસ્થાન છે, પાટનગર છે. અયોધ્યા ભગવાન શ્રીરામની જીવનલીલાનું કેન્દ્રસ્થાન છે. માનવશરીરમાં પણ એક અયોધ્યા છે; અને તે છે અનાહત ચક્ર. અનાહત ચક્રનું સ્થાન હૃદયપ્રદેશમાં છે. અયોધ્યા ભાવ અને પ્રેમનું સ્થાન છે. અનાહત ચક્ર હૃદયપ્રદેશમાં છે અને હૃદય ભાવ-પ્રેમનું જ કેન્દ્ર છે. અયોધ્યા બાહ્ય જગતમાં છે અને તદનુસાર તેનું સ્વરૂપ આધિભૌતિક છે. અનાહત ચક્ર સૂક્ષ્મ શરીરમાં છે અને તેનું સ્વરૂપ આધ્યાત્મિક છે. બાહ્ય જગતમાં જે અયોધ્યા છે; અંતરંગ જગતમાં તે જ અનાહત ચક્ર છે.ભાવમાર્ગના સાધકો માટે બાહ્ય દૃષ્ટિએ અયોધ્યા અને આંતરિક દૃષ્ટિએ અનાહત ચક્ર મૂલ્યવાન સ્થાન છે. અનાહત ચક્રમાં ધ્યાન આત્મા તરફ દોરી જાય છે; કારણ કે હૃદયપ્રદેશ આત્માનું નિવાસસ્થાન ગણાય છે. હૃદયપ્રદેશ તો પ્રેમીજનોનો પ્રદેશ છે. અનાહત ચક્ર હૃદયપ્રદેશમાં છે, તદનુસાર આ અનાહત ચક્ર પ્રેમીજનોનો પ્રદેશ છે. બાહ્ય જગતમાં અયોધ્યા પણ પ્રેમીજનોનું સ્થાન છે. આ પ્રમાણે અયોધ્યા અને અનાહત ચક્ર વચ્ચે સંગતિ છે.

૫. પંચવટી : ભારતમાં, નાસિક પાસે, ગોદાવરી કિનારે પંચવટી’ છે. ભગવાન શ્રીરામ, લક્ષ્મણજી અને સીતાજી અહીં પર્ણકુટિ બનાવીને રહ્યાં છે. ભગવતી સીતાજીનું અપહરણ અહીંથી જ થયું હતું.

માનવશરીરમાં પંચવટી છે અને તે છે મણિપુર ચક્ર. તેનું સ્થાન નાભિમાં છે. પંચવટી પ્રાણનું કેન્દ્ર છે. પ્રાણ, પંચપ્રાણ અને પ્રાણના અગણિત પ્રવાહોનું કેન્દ્રસ્થાન આ નાભિસ્થ મણિપુર ચક્ર છે. પ્રાણના અગણિત પ્રવાહો છે. પ્રાણનાં મુખ્ય સ્વરૂપો પાંચ છે પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન. આ પંચ પ્રાણનું કેન્દ્ર છે - મણિપુર ચક્ર અને તેને જ ‘પંચવટી’ પણ કહેલ છે.

પંચવટી બાહ્ય જગતમાં અસ્તિત્વ ધરાવે છે. તેનું સ્વરૂપ આધિભૌતિક

ધર્મ સૃષ્ટિ

છે. મણિપુર ચક્ર સૂક્ષ્મ શરીરમાં છે અને તેનું સ્વરૂપ આધ્યાત્મિક છે. આમ બાહ્ય જગતમાં જે પંચવટી છે, અંતરંગજગતમાં મણિપુર ચક્ર છે. તે આ મણિપુર ચક્ર પરાવાણીનું સ્થાન છે. ગર્ભસ્થ બાળક નાભિ દ્વારા જ માતાના શરીર સાથે જોડાયેલ છે અને ત્યાંથી જ તેને રક્ત મળે છે. આ મણિપુર પ્રાણનું કેન્દ્ર છે, તેથી યોગપથના પથિકો માટે આ મણિપુર ચક્રનું વિશેષ મૂલ્ય છે. યોગપથમાં પ્રાણવિદ્યાનું ઘણું મહત્ત્વ છે. પ્રાણવહા નાડીતંત્રનું ઉદ્ગમસ્થાન એક અંડાકાર કંદ છે. આ કંદનું સ્થાન નાભિની નીચે જ છે.

૬. રામેશ્વર : દક્ષિણ ભારતમાં, સમુદ્રકિનારે 'રામેશ્વર' એક મહત્ત્વપૂર્ણ તીર્થસ્થાન છે. ભારતનાં ચાર ધામમાં 'રામેશ્વર' એક તીર્થધામ છે. રામેશ્વર તો શિવસ્થાન છે. આ શિવસ્થાનમાં રામેશ્વર શિવની સ્થાપના ભગવાન શ્રીરામે કરી છે. તદ્નુસાર રામેશ્વર પણ શ્રીરામની જીવનલીલાનું એક સ્થાન છે. રામેશ્વરથી જ સેતુબંધ દ્વારા ભગવાન શ્રીરામ અને સમગ્ર સેના લંકા પહોંચ્યા હતા. માનવશરીરમાં પણ એક રામેશ્વર છે અને તે છે - સ્વાધિષ્ઠાન ચક્ર. તેનું સ્થાન મણિપુર ચક્રથી લગભગ ચાર ઇંચ નીચે ઉપસ્થની ઉપર છે. 'સ્વ'નો અર્થ અહીં પ્રાણ છે અને પ્રાણનું અધિષ્ઠાન હોવાથી આ ચક્રને 'સ્વાધિષ્ઠાન ચક્ર' કહેવામાં આવે છે.

સ્વશબ્દેન ભવેત્ર પ્રાણ: સ્વાધિષ્ઠાન તદાશ્રય: । -ગોરક્ષાતકમ્ -૧

"સ્વ" શબ્દથી પ્રાણ બતાવાય છે અને તે સ્વ અર્થાત્ પ્રાણનું અધિષ્ઠાન હોવાથી તે સ્વાધિષ્ઠાન છે." 'રામેશ્વર' બાહ્ય જગતમાં અસ્તિત્વ ધરાવે છે. તેનું સ્વરૂપ આધિ ભૌતિક છે. સ્વાધિષ્ઠાન ચક્ર સૂક્ષ્મશરીરમાં છે અને તેનું સ્વરૂપ આધ્યાત્મિક છે. આમ બાહ્ય જગતમાં જે રામેશ્વર છે, તે આંતર જગતમાં સ્વાધિષ્ઠાન ચક્ર છે. આમ રામેશ્વર અને સ્વાધિષ્ઠાન ચક્ર વચ્ચે કોઈક સ્વરૂપની આંતરિક સંગતિ છે.

૭. લંકા : રાજકીય રીતે વિચારીએ તો લંકા એક સ્વતંત્ર રાષ્ટ્ર છે; પરંતુ વિશાળ ભારતીય દ્વીપકલ્પનો લંકા એક ભૂભાગ છે, તેમ સમજવું જોઈએ. પંચવટીમાંથી સીતાજીનું હરણ કરીને રાવણ તેમને પોતાના રાજ્ય લંકામાં લઈ ગયો અને સીતાજી લંકાના અશોકવનમાં રહે છે. રામ-રાવણનું યુદ્ધ અહીં લંકામાં જ થયું અને અહીં લંકામાંથી ભગવતી સીતાજીને લઈને અયોધ્યા પધાર્યા છે.

માનવશરીરમાં જે લંકા છે, તે છે - મૂલાધાર, લંકા ભોગભૂમિ છે. રાવણ રાજસિક અહંકાર, કુંભકર્ણ તામસિક અહંકાર અને વિભીષણ સાત્ત્વિક અહંકાર છે. મૂલાધાર ચક્ર પણ નિમ્ન ચેતનાનું સ્થાન છે. વાસના સંયુક્ત અહંકારનું તે મૂલ સ્થાન છે. તેથી રાવણરૂપી અહંકારનું સ્થાન મૂલાધાર ચક્રમાં છે. ગુદાથી બે આંગળ ઉપર અને ઉપસ્થથી બે આંગળ નીચે યોનિસ્થાન છે. તેમાં મૂલાધાર ચક્રનું સ્થાન છે. મૂલાધાર ચક્રની નીચે ત્રિકોણયંત્રના આકારનું એક સૂક્ષ્મ યોનિમંડલ છે. આ ત્રિકોણના મધ્યકોણમાંથી સુષુમ્ણા, ડાબા કોણમાંથી ઈડા અને જમણા કોણમાંથી પિંગલા નીકળે છે. ત્રણેય પ્રધાન નાડીઓ અહીંથી નીકળે છે, તેથી તેને મુક્તત્રિવેણી કહે છે અને આ ત્રણેય નાડીઓ આજ્ઞા ચક્રમાં મળે છે, તેથી તેને યુક્તત્રિવેણી કહે છે.

યોનિમંડલની મધ્યમાં તેજોમય રક્તવર્ણ '**क्लीं**' બીજરૂપ 'કંદર્પ' નામનો સ્થિરવાયુ વિદ્યમાન છે. તેની મધ્યમાં બ્રહ્મનાડીના મુખમાં એક સ્વયંભૂ લિંગ છે. આ લિંગમાં કુંડલિની શક્તિ સાડાત્રણ આવર્તનયુક્ત થઈને સુષુપ્ત અવસ્થામાં અવસ્થિત છે. મૂલશક્તિ કુંડલિનીનો આધાર હોવાથી આ ચક્રને 'મૂલાધાર ચક્ર' કહેવામાં આવેલ છે.

મૂલાધાર ચક્રમાં કામબીજ બિરાજે છે - તે છે - '**क्लीं**' . આ ચક્રનું તત્ત્વબીજ છે '**लं**' કાર. આ '**लं**' કાર પરથી જ મહર્ષિ વાલ્મીકિજીએ તે સ્થાન માટે 'લંકા' શબ્દ પ્રયોજ્યો છે. આમ 'લંકા' એટલે 'ૐ' " કાર જેમનું તત્ત્વબીજ છે, તેવું મૂલાધાર ચક્ર.

આ સ્થાનને 'શિવની' પણ કહે છે. આ શિવનીમાં એક સૂક્ષ્મ શિવલિંગ છે. તેને 'રામાયણકાર ત્રિકૂટ' પર્વત કહે છે. રાવણની લંકા પણ ત્રિકૂટ પર્વત પર જ વસેલી છે. આ શિવલિંગ તપ્ત કાંચન જેવું ચળકતું છે. તેથી રાવણની લંકાને સોનાની લંકા કહેલ છે. લંકા બાહ્ય જગતમાં અસ્તિત્વ ધરાવે છે. તેનું સ્વરૂપ આધિભૌતિક છે. મૂલાધાર ચક્ર સૂક્ષ્મ શરીરમાં છે અને તેનું સ્વરૂપ આધ્યાત્મિક છે. બાહ્ય જગતમાં જે લંકા છે, તે આંતરજગતમાં મૂલાધાર ચક્ર છે. આમ લંકા અને મૂલાધાર ચક્ર આ બંને વચ્ચે સંગતિ છે.

સમાપન : રામકથાનાં આ સપ્ત સ્થાન માનવીદેહમાં પણ છે અને ભારતભૂમિમાં પણ છે. ભારતભૂમિમાં ભગવાન શ્રીરામની લીલા છે અને માનવદેહમાં આતમરામની લીલા છે. બંને વ્યક્તિ-સમષ્ટિનો સંબંધ છે અને તેથી બંને વચ્ચે સંગતિ બેસાડી શકાય તેમ છે. પ્રતિભાવંત મહાકવિ વાલ્મીકિ આ સ્થાનોનું આધિભૌતિક સ્વરૂપ કથા દ્વારા આપે છે અને આ સ્થાનોનું આધ્યાત્મિક સ્વરૂપ સંકેતો દ્વારા આપે છે. અહીં મહર્ષિ વાલ્મીકિજી માનવદેહ અને ભારતભૂમિનું એકત્વ દર્શાવે છે. આધિભૌતિક સ્વરૂપે જે સ્થાન ભારતભૂમિમાં છે, તે જ સ્થાન આધ્યાત્મિક સ્વરૂપે માનવદેહમાં છે, તેવો તેમનો એક મૂલ્યવાન સંકેત છે.

મહાકવિઓની કૃતિઓમાંથી એકીસાથે અનેક અર્થો નિષ્પન્ન થઈ શકે છે. તે જ તેમની મહત્તા છે. તદનુસાર રામકથાના આ મહાકાવ્યના એક કરતાં વધુ અર્થો માન્ય, સ્વીકાર્ય અને સેવ્ય છે, તેમ સમજવું જોઈએ. મહર્ષિ વાલ્મીકિની જગવિખ્યાત આ કૃતિ **"વાલ્મીકીય રામાયણ"**ની આ મહત્તા છે કે તેમાંથી એકસાથે આધિભૌતિક અને આધ્યાત્મિક, આ બંને અર્થો અતિરિક્ત અન્ય અર્થો પણ આમાં હોઈ શકે છે. આપણે માનવરામની કથાનું પાન કરીને માનવધર્મ સમજીએ. આપણે આતમરામની કથાને સમજીને રામકથાનું અધ્યાત્મતત્ત્વ સમજીએ. આપણે ભગવાન શ્રીરામની અવતારલીલાનું રસપાન કરીને રામભક્તિ રસમાં તલ્લીન બનીએ અને અંતે શ્રીરામને સમર્પિત થઈને કૃતાર્થ થઈએ. ■

નટવર આહલપરા
જાણીતા લેખક, કેળવણીકાર, કોલમિસ્ટ,
અભિનેતા અને ઉદ્‌ઘોષક, સારસ્વત એવોર્ડ વિજેતા
૩૨ પુસ્તકોનું પ્રકાશન અને ૩૫ પારિતોષિક વિજેતા છે.

ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વી પર અવતરશે....

અમે સંહારથી ત્રાસ્યા, હે કૃષ્ણ આપ અમારી અને જગતની આશ છો,
અધૂરીયાત્રા પુરી કરો પ્રભુ, આપ અમારી પાસ છો;

આજે પણ શ્રીકૃષ્ણ નામ ખૂબ સુંદર છે. પ્રેમમૂર્તિ કૃષ્ણ હૃદયમંદિરમાં બિરાજશે અને સર્વ બંધન તૂટશે અને શક્તિ વધશે. ગીતા, ભાગવત, વેદ, ઉપનિષદ ધર્મગ્રંથોમાં કરાયેલી કલ્પના સાકાર થશે. વર્ષો પહેલાંની વાત છે. યુગ વિત્યો કન્યાકુમારીને કાંઠે મા ભારતી નિસ્તેજ અને નિરુત્સાહ બની ઉભી હતી. આ વખતે હિમાલયનાં ચંદનહારે માતા રિઝી ગયાં. કાશ્મીરી ફૂલોના ગજરા અધર્મના કૌરવો મા ભારતીનાં વસ્ત્રો ખેંચી રહ્યાં હતાં. અધર્મના અંધકારમાં ભારતીને જરૂર હતી કે બત્રીશ લક્ષણાની જે વીરગર્જનાથી, કૌરવો સામે સુદર્શનચક્ર ફેરવી હણાઈ ગયેલા તેજને ફરી પ્રજ્વલિત કરી શકે.

મા ભારતીની પુકાર... મા ભારતીની સાધનાને સફળતા સાંપડી દૂર દૂર પડેલાં છીપમાં કૃષ્ણના સાનિધ્યરૂપી સ્વાતિબિંદુ પડ્યું. એ બિંદુમોતી બન્યું. રત્ન બન્યું. એ રત્ન માતા દેવકી - જશોદાનું નર રત્ન કૃષ્ણ. ગીતામાં સ્વયં ભગવાને જ વચન આપેલું છે. જ્યારે જ્યારે આ ધરતી પર અધર્મની જ્વાળા ફેલાશે ત્યારે હું કોઈના કોઈ સ્વરૂપે જન્મ લઈશ.

ગીતાનું વચન યુગે યુગે સાચું પડ્યું છે. કોઈ કાળે નરસિંહ તો કોઈ કાળે મીરાં, તો વળી કોઈ કાળે બુદ્ધ, મહાવીર અને ફરી ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વી પર અવતરશે જ... કન્યારકુમારીને કાંઠે મા ભારતી નિસ્તેજ અને નિરુત્સાહ નહીં બને.

સત્યનું કાવ્ય છે કૃષ્ણ, કાવ્યનું સત્ય છે કૃષ્ણ,
અંધારે પથ ભૂલેલી, સૃષ્ટિના પ્રકાશ છો કૃષ્ણ,

વર્ષાઋતુની ખુશબુભરી સવારે પૃથ્વી પર ભારતનો ડંકો વાગશે. ગંગા, યમુના, કાવેરી, ગોદાવરી ખળખળ વહેશે. સૂર્ય-ચંદ્ર વધુને વધુ તેજોમય બનશે. પૃથ્વી ઉપર કૃષ્ણના જન્મથી શાંતિ અને સુરક્ષા આવશે. સર્વત્ર કૃષ્ણ જ હશે. દુર્યોધનો, કંસો અને દુઃશાસનોનું દહન થશે. લોકશાહી ધર્મ રાષ્ટ્રધર્મ બનશે. સ્વાર્થી, વિકૃત આંતકી રાક્ષસો હણાશે. સુંદર ભારતની સોહામણી કલ્પના સાકાર થશે.

પૃથ્વી ઉપર શ્રીકૃષ્ણના અવતરણથી સૂર્ય, શુક્ર, મંગળ, શનિ અને ગુરુ એમ પાંચ ગ્રહો વધુને વધુ તેજસ્વી બની ઉચ્ચ સ્થાને બિરાજશે. આધુનિક રાક્ષસોનાં ચરિત્ર એમનું રહસ્ય, ભૂતકાળમાં બનેલી તમામ ઘટનાઓ વર્તમાનમાં જોવાની ક્ષમતા, ભવિષ્યમાં જે બનવાનું હોય તેનું પૂર્વજ્ઞાન, ત્રિકાળ દર્શન વગેરે અલૌકિક પ્રકારની દૈવી શક્તિઓ, તમામ યોગ સિદ્ધિઓ પ્રાપ્ત પુનઃ થશે.

શ્રી કૃષ્ણના અવતરણથી પૃથ્વી, ભારતની ભૂમિ અધિક તેજસ્વી બની યુવાનો કૃષ્ણ સ્વરૂપ બની રહેશે. ભારતભૂમિની છાતી ગર્વથી પહોળી થશે. યુએન હ્યુમન રાઈટ્સ કાઉન્સિલમાં વધુ મતો જોવા મળશે. પૃથ્વી સૌથી વધુ શક્તિશાળી બનશે. જી.એસ.ટી. ટેક્સ ક્લેક્શન કરોડોને પાર કરશે. નવાં સોલાર પાવર પ્લાન્ટ્સ સ્થપાશે. સૌર ઊર્જાનું ઉત્પાદન વધશે. જીડીપી આસમાને પહોંચશે.

સુપર સૌનિક મિસાઈલો છૂટશે. નકલી નોટનો વ્યવસાય સમાપ્ત થઈ જશે. શ્રીકૃષ્ણ અર્થાત પ્યારા ગોવિંદનાં ગુણ સર્વત્ર ગવાશે. સેનાને બુલેટ પ્રુફ સ્કોર્પિયોની વધુને વધુ કવચ મળશે. ઓટો માર્કેટ, વીજ ઉત્પાદન, સ્ટીલ, મોબાઈલ, ખાંડ, કાપડ ઉત્પાદન દિવસે ન વધે તેટલું રાત્રે વધશે.

આતંકવાદીઓનો સફાયો થશે. આખું વિશ્વ શ્રીકૃષ્ણની પૂજા કરશે. બે વિશ્વ યુદ્ધોના ભયંકર પરિણામથી અને વર્તમાન યુદ્ધોથી ત્રસ્ત થઈ ગયેલી માનવજાતને શ્રીકૃષ્ણ પૃથ્વી પર અવતરી ત્રીજું વિશ્વયુદ્ધ નહીં થવા દે.

પૃથ્વી ઉપર શ્રીકૃષ્ણ અવતરશે અને એકશ્લોકી ભાગવતનું ગાન કરશે. અંતરના ઊંડાણમાંથી આવતાં નરસિંહ મહેતાના કૃષ્ણભક્તના પદો મર્મસ્પર્શી બની સૌનાં હૃદયને ભક્તિભાવથી ભરી દેશે. કૃષ્ણલીલાના પદો સાંભળીને પણ શ્રીકૃષ્ણને પૃથ્વી પર અવતરવું જ પડશે. તો બીજી બાજું મીરાં કૃષ્ણ મૂર્તિમાં સમાઈ ગયાંની લોકવાયકા શ્રીકૃષ્ણ સાચી પાડશે અને સૌ ભક્તજનો મીરાંનું પદ કૃષ્ણ ભક્તિના રંગે રંગાઈને ગાશે,

પ્યારા ગોવિંદના ગુણ ગાશું, રાણાજી અમે પ્યારા ગોવિંદના ગુણ ગાશું,
ચરણામૃતનો નિયમ હમારે, નિત્ય ઊઠી મંદિર જાશું, રાણાજી.

શ્રીકૃષ્ણના યુગમાં આપણે રહેવાનું છે અને એ યુગ આપણો યુગ હશે. શ્રીકૃષ્ણના સ્વાગત માટે અને જન્માષ્ટમીના પાવન અવસરે કૃષ્ણ વિષયની ગઝલ પ્રસ્તુત છે,

જીવનમાં તારો પ્રેમરસ ઘૂંટાવજે કાના, તારી કૃપાને આંગણે વરસાવજે કાના.
પાવન કરું હું આયખું ગોકુળની રેણુથી, ગોકુળની ગલીઓ વાળવા બોલાવજે કાના.
કાળી ધરામાં તારાં દર્શન થયા કરે છે, તું હેતની સંજીવની પિવડાવજે કાના.
નરસૈયો રાસ જોતા કેવો લીન થયો'તો, અવસર મને તું એવો કદી આપજે કાના.
ઝુલાવું કાના હું તને હૈયાના હિંડોળે, આંખના આંગણે તું ફરવા આવજે કાના,

મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨

કવર સ્ટોરી

પ્રો. ડો. જે. એમ. પનારા
તંત્રીશ્રી "ઉમાસૃષ્ટિ" સામયિક, VUF અમદાવાદ
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

ભક્તિ અને શક્તિનું મિલન એટલે દશેરા

દશેરાનું મહત્વ : દશેરાના દિવસનું અનેક રીતે મહત્વ છે. રામ-રાવણ વચ્ચે ઘણા સમયથી યુદ્ધ ચાલતું હતું. છેવટે દશમનાં દિવસે શ્રીરામે રાવણને મારી વિજય પ્રાપ્ત કર્યો. તેથી આ દિવસ વિજયાદશમી કહેવાયો. નવરાત્રીના નવ દિવસના યુદ્ધ પછી માં જગદંબાએ મહિષાસુર પર વિજય મેળવ્યો તેથી પણ આ દશમને વિજયાદશમી કહે છે. પ્રાચીન સમયમાં રાજાઓ આ દિવસે વિવિધ પ્રકારની સ્પર્ધાઓ ગોઠવતા હતા, ખાસ તો ઘોડા દોડાવવાની સ્પર્ધા થતી. આ દિવસે ક્ષત્રિયો હથિયારોની પૂજા કરે છે. આ દિવસે રાજાઓ નગર યાત્રા પર નીકળતા હતા. આમ એક સમયે આ તહેવાર ક્ષત્રિયોનો તહેવાર ગણાતો હતો. આ દિવસે અનેક શૂર અને વીર માનવીઓએ વિજય પ્રાપ્ત કરેલ હોવાથી કે વિજય મેળવવા માટેનું મુહૂર્ત તે દિવસે કરેલ હોવાથી "વિજયાદશમી" અત્યંત સુયોગ્ય નામ છે. છત્રપતિ શિવાજી મહારાજે ઔરંગઝેબને પરાજિત કરવા આ જ દિવસે પ્રસ્થાન કર્યું હતું.

દશેરાનું પૌરાણિક મહત્વ : દશેરાના દિવસ સાથે અનેક કથાઓ સંકળાયેલી છે, અનેક પૌરાણિક પ્રસંગો જોડાયેલા છે. એમાં સૌથી લોકપ્રિય પ્રસંગ રાવણ પર ભગવાન શ્રીરામના વિજયનો આવે છે. દશેરાના પ્રસંગ પર રાવણ કુંભ-કર્ણ અને મેઘનાદના રૂપમાં રાક્ષસી વૃત્તિઓને સળગાવીને નષ્ટ કરી દેવામાં આવે છે.

રાવણ પર ભગવાન રામનો વિજય : લંકાના રાજા રાવણ પર પ્રભુ રામના વિજયના રૂપમાં જ દશેરા મનાવવામાં આવે છે. ત્રેતા યુગમાં ભગવાન વિષ્ણુએ અયોધ્યાના રાજા દશરથના પુત્ર તરીકે રામના રૂપમાં સાતમો અવતાર લીધો હતો. મહારાજ જનકની પુત્રી સીતા સાથે રામના લગ્ન થયા હતા. ભગવાન રામના દિવ્ય ગુણોને કારણે મહારાજા દશરથ તથા અયોધ્યાની પ્રજા બંને ઈચ્છતા હતા કે ભગવાન રામ અયોધ્યાના રાજા બને. પરંતુ રામની સાવકી મા કૈકેયીએ દશરથે અગાઉ આપેલ બે વચનની યાદ અપાવીને એમના પુત્ર ભરત માટે રાજગાદી તથા રામ માટે ૧૪ વર્ષનો વનવાસ માગી લીધો. દશરથ પાસે રાણીની વાત માનવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નહોતો.

રામ, લક્ષ્મણ તથા સીતા વનમાં જાય છે. પંચવટીના સુંદર વાતાવરણમાં પ્રકૃતિ વચ્ચે નિવાસ કરતા હતા. એકવાર રાવણની બહેન શૂર્પણખા જંગલમાં આવી. તે રામ પર મોહિત થઈ અને લગ્નનો પ્રસ્તાવ રાખ્યો. આ ઘટનાથી ગુસ્સે થઈને લક્ષ્મણે શૂર્પણખાના નાક-કાન કાપી નાખ્યા, ક્રોધિત થઈને તે રાવણ પાસે ગઈ અને આખી ઘટના સંભળાવી. ત્યારબાદ રામ સાથે બદલો લેવા માટે રાવણ પંચવટીમાં આવી, સીતાનું અપહરણ કરી લંકા લઈ ગયો. ભગવાન રામે હનુમાન, સુગ્રીવ તથા વાનરસેના વગેરેની મદદથી લંકા ઉપર હુમલો કર્યો અને રાવણને મારીને સીતાજીને મુક્ત કરાવ્યા. જે દિવસે રાવણનું મૃત્યુ થયું, તે આસો મહિનાની દસમી તિથિ હતી. આ આસુરી શક્તિ પર દૈવી શક્તિનો વિજય થયો હતો, આથી આ દિવસને દશેરા કે વિજયાદશમીના રૂપમાં મનાવવામાં આવે છે.

દેવી દુર્ગા દ્વારા મહિષાસુરનો અંત : દશેરા સાથે અન્ય એક મહત્વપૂર્ણ પ્રસંગ જોડાયેલ છે, આ દિવસે દેવી દુર્ગાના હાથથી દુષ્ટ તેમ જ દૂરચારી રાક્ષસ મહિષાસુરનો અંત થયો હતો. દેવી દુર્ગાએ નવ દિવસ સુધી મહિષાસુર સાથે યુદ્ધ કરી તેને ત્રણેય લોકને ભય મુક્ત કર્યા. અંતે દૈવી શક્તિનો વિજય થયો. આ દિવસ દુર્ગા માતાના વિજય નો દિવસ મનાય છે. દશેરા નવ-નવ દિવસ સુધી શક્તિની આરાધના કર્યા પછીના પરિપાકનો દિવસ છે. શરદઋતુમાં નવરાત્રી નો ઉત્સવ નવ દિવસ સુધી ઉજવાય છે, જેમાં દેવી દુર્ગાનું પૂજન- અર્જન થાય છે. એક માન્યતા મુજબ ભગવાન રામે રાવણને મારવા માટે દુર્ગા માતાને મદદ કરવા પ્રાર્થના કરી હતી.

પાંડવોના અજ્ઞાતવાસનો અંત : વિજયાદશમીનાં પૌરાણિક મહત્વ મુજબ શત્રુ પર વિજય મેળવવા માટે આ દિવસે પ્રસ્થાન કરવું જોઈએ. આ દિવસે શ્રવણ નક્ષત્ર યોગ છે, જે વધુ શુભ હોય છે, મહાભારતની કથા અનુસાર કૌરવો છળ-કપટ કરી પાંડવો સામે જુગારમાં જીતી ગયા. તેમણે પાંડવોને બાર વર્ષ વનવાસ અને એક વર્ષ અજ્ઞાતવાસનો આપ્યો હતો. શરત એવી હતી કે તેરમાં વર્ષે જો કોઈ તેમને ઓળખી લે તો ફરી બાર વર્ષનો વનવાસ ભોગવવો પડે.

અજ્ઞાતવાસ દરમિયાન પાંડવોએ પોતાના બધા દિવ્યાસ્ત્ર શમી વૃક્ષની બખોલ માં છુપાવી દીધા, અજ્ઞાતવાસનો સમય કાઢવા પાંડવોએ મહારાજા વિરાટ ની રાજધાનીમાં શરણ લીધી.અર્જુને પોતે બૃહન્નલાના વેશમાં રાજા વિરાટ ની પાસે નોકરી કરી હતી. જયારે ગૌરક્ષા માટે વિરાટના પુત્ર કુમારે

અર્જુનને પોતાની સાથે લીધો હતો ત્યારે અર્જુને શમી વૃક્ષ પરથી પોતાના હથિયાર ઉઠાવી શત્રુઓ પર વિજય મેળવ્યો હતો. અજ્ઞાતવાસના એક વર્ષ પછી પાંડવોએ પોતાના હથિયાર શમી વૃક્ષ પરથી ઉતાર્યા, ધારણ કર્યા અને કૌરવોને હરાવ્યા. શમી વૃક્ષ પરથી જે દિવસે હથિયારો ઉતાર્યા તે દિવસ પણ દશેરાનો હતો. ત્યારથી જ ક્ષત્રિય પરિવારોમાં દશેરાના દિવસે શસ્ત્ર પૂજનની પરંપરા ચાલી આવી છે.

કૌસ્તની ગુરુદક્ષિણા અને શમીપૂજન : પ્રાચીન સમયમાં પંઠાનગરમાં દેવદત્ત નામના ઋષિ રહેતા હતા. તેના પુત્ર કૌસ્તે ગુરુ વટતંતુ પાસેથી શિક્ષણ પ્રાપ્ત કર્યું. શિક્ષણ પૂરું થયા પછી કૌસ્તે ગુરુજીને પૂછ્યું કે ગુરુદક્ષિણામાં શું આપું ?પ્રારંભમાં ગુરુજીએ ના પાડી પરંતુ કૌસ્તના આગ્રહ પછી બોલ્યા કે એમને ૧૪૦ લાખ સુવર્ણ મુદ્રા જોઈએ છે. તેમણે કૌસ્તને શીખવેલી ૧૪ વિદ્યાઓના હિસાબથી પ્રતિ વિદ્યાદીઠ દસ લાખ સુવર્ણ મુદ્રાઓ ઈચ્છતા હતા. આ કાર્ય માટે કૌસ્ત રામના વંશજ રઘુની પાસે ગયા. રાજા રઘુ પોતાની ઉદારતા માટે પ્રસિદ્ધ હતા. કૌસ્તે રાજા પાસે પોતાની માગણી મૂકી. એ સમયે રાજા રઘુ એક યજ્ઞમાં પોતાની બધી સુવર્ણ મુદ્રાઓનું દાન કરી ચૂક્યા હતા, તેમ છતાં આ દાનવીર રાજાએ કૌસ્તને ત્રણ દિવસ પછી આવવા કહ્યું.

આ દરમિયાન રાજા રઘુ ભગવાન ઈન્દ્ર પાસે ગયા અને વિનંતી કરી કે તેઓ એમની અયોધ્યામાં ઉગેલા શમી (ખીજડા)ના વૃક્ષો પર સુવર્ણ મુદ્રાઓની વર્ષા કરી દે. ઈન્દ્રએ વૃક્ષો પર સુવર્ણમુદ્રાઓની વર્ષા કરી દીધી. આમાંથી ચૌદ કોટી (૧૪૦ લાખ) સુવર્ણ મુદ્રાઓ કૌસ્તને આપી દીધી. કૌસ્તે ગુરુ વટતંતુને ગુરુદક્ષિણા આપીને આશીર્વાદ મેળવ્યા, બાકી વધેલી સુવર્ણ મુદ્રાઓ રાજાએ દશેરાના દિવસે પ્રજામાં વહેંચી દીધી, લુંટાવી દીધી. તેથી આજે પણ લોકો દશેરાને દિવસે શમીપૂજન કરી તેના પાંદડાને સોનું ગણીને લુંટે છે અને એકબીજાને આપે પણ છે. લોકો શમી વૃક્ષને સમૃદ્ધિનું પ્રતિક માને છે.

વિજયાદશમી વિજય પ્રસ્થાનનો દિવસ : વિજયાદશમીએ થતા શુભ પ્રસ્થાન અંગે શાસ્ત્રોમાં કેટલાક વર્ણનો છે. જેમ કે શુભ કાર્યોની શરૂઆત માટે ઉત્તમ મનાતા આ દિવસે પાછલા પહોરે શમી પૂજન કરવું. વિજયની ઈચ્છાવાળાઓએ ગામનો સીમાડો આ દિવસે ઓળંગવો, રાજાઓએ મોટી સંખ્યામાં હાથી-ઘોડા શણગારીને ઠાઠ-માઠથી સવારી કાઢીને શમી પૂજન કરવા જવું. ત્યાં શમીના મૂળની તથા દિક્પાલોની હૃદયપૂર્વક પૂજા કરવી. સૂર્યવંશી રાજા રામચંદ્ર નું ધ્યાન ધરવું. પ્રજાજનોને બક્ષિસ આપી તેઓને ખુશ કરવા વિદ્યાર્થીઓએ પણ વિદ્યાની આરાધના કરવા માટે આળસ અને અજ્ઞાન ત્યજીને કલમની પૂજા કરવી. બ્રાહ્મણો દશેરાના દિવસે સરસ્વતી પૂજન કરી વિદ્યારંભ કરે છે અને ક્ષત્રિયો શસ્ત્રપૂજન કરે છે. શરૂઆતમાં દશેરા કૃષિ મહોત્સવ તરીકે જાણીતો હતો, પરંતુ પાછળથી તેનું સ્વરૂપ બદલાઈને ક્ષાત્ર મહોત્સવ બન્યો. દશેરાના પ્રસંગે ઘોડા દોડાવવાનો રિવાજ તો ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હજુય જાણીતો છે. વર્તમાન સમયમાં તો દશેરા એ અઢારેય વર્ણનો ઉત્સવ બની ગયો છે. ભારતના મોટાભાગના હિન્દુ પરિવારોમાં આ દિવસે કોઈપણ સારું કાર્ય કરવું શુભ માનવામાં આવે છે. કેરલમાં આ દિવસે ઔપચારિક રૂપથી શિક્ષણનો આરંભ થાય છે.

દશેરાનો ઉત્સવ એટલે ભક્તિ અને શક્તિનો સમન્વય સમજાવતો ઉત્સવ. નવરાત્રીના નવ દિવસ જગદંબાની ઉપાસના કરવાથી શક્તિ પ્રાપ્ત થાય છે અને શક્તિ પ્રાપ્ત કરેલો મનુષ્ય વિજય પ્રાપ્તિ માટે થનગની ઊઠે છે, આ રીતે જોતા દશેરાનો ઉત્સવ એટલે વિજય પ્રસ્થાનનો ઉત્સવ. ભારતીય સંસ્કૃતિ વીરતા અને શૌર્યની પૂજક છે. વ્યક્તિ તેમજ સમાજના લોહીમાં વીરતા પ્રગટે તે હેતુથી આપણા પૂર્વજોએ આ ઉત્સવનું આયોજન કર્યું હશે. દશેરા એ વિજયપ્રસ્થાનનું પ્રતીક છે. ભગવાન રામચંદ્રજીએ રાવણને મહાત કરવા આ જ દિવસે પ્રસ્થાન કર્યું હતું. છત્રપતિ શિવાજીએ પણ આ જ દિવસે ઔરંગઝેબ પર આક્રમણ કરી હિન્દુ ધર્મનું રક્ષણ કર્યું હતું. આપણા હિન્દુ રાજાઓ આ દિવસે વિજય પ્રસ્થાન કરતા હતા તેવા અનેક દ્રષ્ટાંત તો છે. એવું પણ મનાય છે કે શમી વૃક્ષે શ્રીરામના વિજયની ઘોષણા કરી હતી. આ કારણે પણ વિજયાદશમીએ શમીની પૂજા થાય છે.

બાહ્ય શત્રુઓની માફક આપણા આંતર શત્રુઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર (ષડરિપુ)ને પણ આ દિવસે આપણે ઓળખી લેવા જોઈએ. તેઓ આપણા ઉપર હુમલો કરે તે પહેલા તેને આગળ વધતા અટકાવવા જોઈએ. આજે નૈતિક મૂલ્યોનું જ્યારે અધઃ પતન થઈ રહ્યું છે અને ભારતની મહાન સંસ્કૃતિ પર આક્રમણ થઈ રહ્યું છે ત્યારે આપણે સૌએ સાથે મળીને વધતી જતી આસુરી શક્તિને ડામવાનો દ્રઢ સંકલ્પ કરવો જોઈએ. દશેરાને વણજોયું મુહૂર્ત માનવામાં આવે છે. એટલે જ વ્હીકલ, સોનુ,પ્રોપર્ટી તથા અન્ય કોઈ પણ ખરીદી માટે આ દિવસને શુભ માનવામાં આવે છે.

દશેરા અને રામલીલા : સમગ્ર ભારતમાં નવરાત્રીથી દશેરા સુધીનો સમય ઉમંગ તેમજ ઉલ્લાસથી મનાવવામાં આવે છે. દશેરાનું સૌથી મહત્વપૂર્ણ અંગ છે રામલીલા. વિશાળ મંચ પર પ્રભુ શ્રીરામના જીવનની લીલાઓનું મંચન થાય છે. નગરમાં રામલીલા કમિટીઓ હોય છે. આ કમિટીઓ પ્રતિવર્ષ વિશાળ સ્તર પર રામલીલાઓ આયોજિત કરે છે. વિભિન્ન કલાકારો તેમાં ભાગ લે છે. આબાલ-વૃદ્ધ સૌ ભક્તિભાવ પૂર્વક રામલીલા જુએ છે. પુરા નવ દિવસ સુધી પ્રભુ શ્રીરામની વિભિન્ન લીલાઓ બતાવવામાં આવે છે દશેરાના દિવસે પ્રભુ શ્રીરામના હાથે રાવણનો વધ

એક દર્શનનીય દ્રશ્ય હોય છે. દશમા દિવસે રાવણનું પૂતળું બાળવામાં આવે છે. ઘણી જગ્યાએ રાવણ, તેનો ભાઈ કુંભકર્ણ તેમજ તેના પુત્ર મેઘનાદના પુતળા પણ સળગાવવામાં આવે છે. રામ રાવણનું યુદ્ધ થયું તેમાં રામનો વિજય થયો અને રાવણ મરાયો તેના પ્રતિક રૂપે રાવણ દહનના કાર્યક્રમો થતા હોય છે. લોકો સાર્વત્રિક રીતે રાવણ દહન નો આનંદ લેતા હોય છે. દશેરાની રાત્રે રાવણનું પૂતળું બનાવીને તેનું દહન કરવામાં આવે છે અને આ રીતે રાવણ વધનું આબેહૂબ દ્રશ્ય ખડું કરવામાં આવે છે. દિલ્હીના રામલીલા મેદાન અને વારાણસી પાસે ગંગાની પેલે પાર રામનગરમાં ભજવાતી રામલીલા ખરેખર અદભુત હોય છે.

ભારતના વિવિધ રાજ્યોમાં દશેરાની ઉજવણી : પ્રવૃત્તિઓની વ્યસ્તતાથી ભરેલા જીવનમાં ઉમંગ - ઉલ્લાસ આવે તથા નિરાશા દૂર થાય અને ધાર્મિક આસ્થા મજબૂત બને તે માટે આપણા ધાર્મિક - સામાજિક તહેવારોનું એક વિશેષ મહત્વ છે. દશેરાના તહેવારની ઉજવણી ભારતના વિવિધ ભાગોમાં જુદી જુદી રીતે થાય છે. ભારતના દક્ષિણ પૂર્વીય અને ઉત્તર પૂર્વીય રાજ્યોમાં વિજયાદશમી દુર્ગાપૂજા નો અંત દર્શાવે છે જે રાક્ષસ મહિષાસુર પર દેવી દુર્ગાના વિજયનો ઉત્સવ છે. ઉત્તરીય અને પશ્ચિમી રાજ્યોમાં આ તહેવારને દશેરા કહેવામાં આવે છે. આ પ્રદેશમાં તે રામલીલા ના અંતને દર્શાવે છે. અને રાવણ પર ભગવાન રામની જીતની યાદ કરે છે. લંકાના રાજા રાવણ ઉપર ભગવાન રામચંદ્રએ મેળવેલા વિજયના માનમાં આ તહેવાર ઉજવવામાં આવે છે. માટે જ તેનું બીજું નામ વિજયાદશમી પણ છે. દશેરાના તહેવારને ભગવતીના વિજ્યા નામ પરથી વિજયાદશમી કહેવાય છે એવી પણ એક માન્યતા છે. દશેરા દેવી દુર્ગા અને ભગવાન રામના વિજયનું પ્રતીક છે, આમ દશેરા એ અધર્મ પર ધર્મના વિજયનો ઉત્સવ છે.

નવરાત્રી દરમિયાન ગુજરાત, મુંબઈ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ અને બંગાળમાં ભારે ઉત્સાહનું વાતાવરણ હોય છે. બંગાળમાં ઠેર-ઠેર દુર્ગા માતાની ભવ્ય અને કલાત્મક મૂર્તિઓ બનાવાય છે, અલગ - અલગ મૂર્તિઓ દ્વારા દુર્ગા માતાના અનેક રૂપો પ્રગટ થાય છે, નવરાત્રી દરમિયાન રાત્રીઓ ડાંડિયા-રાસ થી ધમધમતી હોય છે. નવરાત્રીએ અસુરો પર શૂરોનો વિજય એટલે કે અનિષ્ટ તત્વો ના વિજય નો ઉત્સવ છે. નવરાત્રીનો આ ઉત્સાહ દશેરાના દિવસે ચરમસીમા પર પહોંચી જાય છે. ઉત્તર ભારત, મુંબઈ અને દિલ્હીમાં ઠેક-ઠેકાણે દસમાથાવાળા રાવણના પૂતળા તૈયાર કરવામાં આવે છે અને દશેરાના દિવસે રાત્રે એ પૂતળા બાળવામાં આવે છે.

પશ્ચિમ બંગાળમાં આ તહેવાર દુર્ગા પૂજાના રૂપમાં મનાવવામાં આવે છે. મૈસૂરનો દશેરા ઉત્સવ પણ તેની અનોખી શાન માટે પ્રખ્યાત છે. અહીંયા મા દુર્ગા પર વધારે ભક્તિભાવ જોવા મળે છે. નવ દિવસની દુર્ગા પૂજા પછી દશેરા ના દિવસે દેવીની પ્રતિમાઓનું જળ વિસર્જન કરવામાં આવે છે. મૈસુરમાં આ તહેવાર ચામુંડી મંદિરમાં મનાવવામાં આવે છે. આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં પણ આ તહેવાર ધામધૂમથી ઉજવાય છે.

દશેરાની સવારે મોટા ભાગના ઘરોમાં દેવી દુર્ગા, ભગવાન રામ, લક્ષ્મણ, સીતાજી તથા હનુમાનજી નું પૂજન થાય છે. ભારતના કેટલાક પ્રાંતોમાં આ દિવસે શસ્ત્રપૂજન પણ થાય છે. કેટલાક પરિવારોમાં આ દિવસે ઘરના હથિયારો, પુસ્તકો, પેન વગેરેને પણ પુજવામાં આવે છે. દિલ્હીમાં સાંજના સમયે રામલીલા મેદાનમાં રાવણ, કુંભકર્ણ, તેમજ મેઘનાદના મોટા-મોટા પુતળા સળગવામાં આવે છે. આ પુતળાઓમાં ફટાકડા તેમજ આતશબાજી ભરેલા હોય છે. એના સળગવાથી ચારે તરફ પ્રકાશ થઈ જાય છે. રામલીલા મેદાનમાં એને જોવા માટે હજારો લોકોની ભીડ જમા થાય છે, જ્યાં રામલીલા થાય છે ત્યાં મોટા-મોટા મેળાઓ પણ ભરાય છે. ભારતના અન્ય ભાગોમાં પણ દશેરા ધામધૂમથી મનાવવામાં આવે છે. ક્યાંક નામ તથા પરંપરાઓ અલગ હોઈ શકે પણ ઉલ્લાસની લહેર એક જેવી જ હોય છે. સમગ્ર દેશમાં અનેક સ્થળોએ આ તહેવાર ઉજવવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિમાં અસત્ય પર સત્યના વિજયને કેન્દ્રમાં રાખીને અનેક કથાઓ, માન્યતાઓ અને ઉત્સવોનું મહત્વ છે. એક માન્યતાનુસાર પાંડવો એ કૌરવો પર વિજય પ્રાપ્ત કર્યો તે પણ દશેરા નો દિવસ હતો. આમ ભારત જેવા ભૌગોલિક દ્રષ્ટીએ વિશાળતા ધરવતા અને ભાષા પરંપરામાં પણ વિવિધતા ધરાવતા દેશમાં દશેરાની ઉજવણી વિશેની માન્યતા અલગ-અલગ હોય શકે છે, પરંતુ તેના કેન્દ્રમાં સત્યનો વિજય હોય છે. દશેરાના દિવસે લોકો રાવણ દહન કરીને અધર્મ પર ધર્મના વિજયનો ઉત્સવ ઉજવે છે.

સમાપન : રામ અને રાવણનો સંઘર્ષ તો સનાતન સંઘર્ષ છે. અજ્ઞાન ઉપર જ્ઞાનના, અસત્ય પર સત્યના, પાપ ઉપર પુણ્યના અને દુરાચાર ઉપર સદાચારના વિજયનું પ્રતિક એટલે દશેરાનો ઉત્સવ. પ્રત્યેક માણસની અંદર રામ અને રાવણ વધતા ઓછા અંશે વસે છે. આપણે આ અંદર વસતા રાવણ સામે યુદ્ધ કરવાનું છે. આ થાય તો જ વિજયાદશમીની ઉજવણી સાર્થક થઇ કહેવાય. આપણે સૌએ પણ ભગવાન રામના જીવનમાંથી બોધપાઠ લઈને સત્ય તેમજ વિવેકના માર્ગનું અનુસરણ કરવું જોઈએ. આવો આપણે સૌ આપણા આંતર શત્રુઓની સામે વિજય મેળવવા કટીબદ્ધ બનીએ.

સૌને જયશ્રી રામ - જય મા દુર્ગા

શિક્ષણ સૃષ્ટિ

ગુલાબભાઈ જાની
લેખક જાણીતા શિક્ષણવિદ્, પ્રયોગશીલ કેળવણીકાર
અને સિસ્ટર નિવેદિતા સંકુલના સ્થાપક છે.

વિદ્યાર્થીઓની આત્મહત્યા : કારણો અને ઉપાયો

હમણાં છેલ્લાં થોડા દિવસમાં જ સૌરાષ્ટ્રમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાના બનાવો ચિંતાજનક હદે વધી ગયા. રાજકોટમાં જ પંદર દિવસમાં આઠેક વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી. આ બનાવો સમગ્ર શિક્ષણજગત માટે આંચકારૂપ ગણી શકાય. સમગ્ર સમાજ માટે પણ આ બનાવો ચિંતાજનક છે. આપણા માસૂમ, કુમળા સંતાનો આ રીતે જીવનનો અંત લાવે તે ખૂબ જ દુઃખદ છે. વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, શિક્ષણસંસ્થાના સંચાલકોએ આ અંગે જાગૃતિ બતાવી, ભવિષ્યમાં આવા બનાવો ના બને તે માટે સજ્જ થવું પડશે.

વિદ્યાર્થીઓ શા માટે આત્મહત્યા કરે છે ? તેના કારણો તપાસીએ તો જણાશે કે –

(૧) પરીક્ષાનો ડર (૨) પરીક્ષામાં નિષ્ફળતા (૩) ખરાબ સોબતના કારણે ક્યાંક ફસાઈ જવું (૪) મા-બાપનો ડર (૫) મિત્રોમાં સહાધ્યાયીઓમાં હાંસીપાત્ર થવું (૬) પ્રેમમાં નિષ્ફળતા (૭) આત્મવિશ્વાસનો અભાવ (૮) હોસ્ટેલનું વાતાવરણ (૯) માતાપિતા, શિક્ષણસંસ્થા અને શિક્ષકો તરફથી હૂંફનો, પ્રેમનો અભાવ (૧૦) ટી.વી., ઈન્ટરનેટ, મોબાઈલ ની અસર (૧૧) વધારે પડતી ઊંચી અપેક્ષાઓ (૧૨) અસહિષ્ણુતા (૧૩) ભૌતિક સુવિધાની પ્રાપ્તિ માટેની દોડ (મોબાઈલ, ટુ-વ્હીલર, લેપટોપ વગેરે)

આવા બધા કારણોથી વિદ્યાર્થીઓ આત્મહત્યા કરવા પ્રેરાય છે. આ બધા કારણોનું વિશ્લેષણ કરીએ તો તેનું મૂળ આજની શિક્ષણપ્રથા છે. શિક્ષણ તો આત્મવિશ્વાસ આપે, ઊંચું આભ આપે, નિર્ભયતા આપે, જીવન જીવવાની ખુમારી આપે. સાચું શિક્ષણ કદી આત્મહત્યા તરફ દોરી ન જાય.

શિક્ષણનું મૂળ ધ્યેય તો સારો માણસ બનાવવાનું છે - To produce a good human being is the aim of education. બીજું ધ્યેય છે સારો નાગરિક બનાવવો. ત્રીજું ધ્યેય છે સારો ભાવક બનાવવો અને ચોથું ધ્યેય છે સારો સર્જક બનાવવો.

શાળાએ કેમ શીખવું તે શીખવવાનું છે. : આ ધ્યેયોને બદલે આજે શિક્ષણ કરતા પરીક્ષણનું મહત્ત્વ વધી ગયું છે. વધારેમાં વધારે ગુણ-ટકાવારી પ્રાપ્ત કરવા પર ભાર મૂકાય છે. ગુણ કરતા સદ્દગુણ અગત્યના છે તે વાત ભૂલાઈ ગઈ છે. વાલીઓ પણ પોતાના સંતાનો પાસેથી વધુ પડતી અપેક્ષા રાખે છે. Smart Kid બનાવવાની લ્હાયમાં, વધુ કમાઈ શકાય તેવા



કોર્સમાં દાખલ કરવા બાળકને તેની રસરુચિ-ક્ષમતા જોયા વિના દબાણ કરાય છે તેથી બાળક મૂંઝાઈ જાય છે. બાળકને જરૂર છે પ્રેમની, હૂંફની, મમતાની, માર્ગદર્શનની. તે માતાપિતા કે શિક્ષક કે શાળા સંચાલકો પાસેથી મળતાં નથી. પોતાનું દિલ ખોલી વાત કરી શકે તેવી મોકળાશ મળતી નથી. એવી પરિસ્થિતિમાં અકળાય છે, મૂંઝાય છે અને આત્મહત્યા કરવા તરફ વળી જાય છે.

આ પરિસ્થિતિમાં શું કરવું જોઈએ ?

માતાપિતાને માર્ગદર્શન-તાલીમ : એમ કહેવાય છે કે to give birth is easy, but to raise children is difficult બાળકને જન્મ આપવો સહેલો છે, બાળકને ઉછેરવું એ અઘરું છે. ગિજુભાઈ બધેકાએ આ માટે પુસ્તક લખ્યું છે, તેનું શીર્ષક છે 'માબાપ થવું અઘરું છે.'

વાલીતાલીમ - Parents Education - એ ખૂબ જરૂરી છે. વાલીને આપણે સમજાવવું પડશે કે દરેક બાળક કોઈને કોઈ શક્તિ લઈને અવતરે છે. તેને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. તેના વિકાસની તકો આપવાનું કામ કરવાનું છે. શાળા તથા યુનિવર્સિટીમાં જે ઠોઠ ગણાયા છે તેમણે જગતને ઘણું પ્રદાન કર્યું છે. મહાત્મા ગાંધી, આઈન્સ્ટાઈન, બીલ ગેટ્સ, સ્ટીવ જોબ્સ શાળા કે યુનિવર્સિટીની પરીક્ષામાં સારો દેખાવ નહોતા કરી શક્યા, પરંતુ વિશ્વમાં આજે તેમની નામના છે.

જે નવું વિચારે, નવી રીતે વિચારે, એ જ જીવનમાં સફળ થાય છે. બાળકની મૌલિકતા વિકસાવવાનું કાર્ય કરવાનું છે. તેને પ્રેમ આપો, હૂંફ આપો. તેની કોઈપણ પ્રકારની મૂંઝવણ તમને કહી શકે તેવું વાતાવરણ ઘરમાં હોવું જોઈએ.

વિદ્યાર્થી : વિદ્યાર્થીને એવી કેળવણી આપવી જોઈએ કે તે કોઈપણ પરિસ્થિતિનો સામનો કરી શકે. વિદ્યાર્થીને એ કહેવું જોઈએ કે

શિક્ષણ સૃષ્ટિ

માનવજીવન એ ઈશ્વરની અમૂલ્ય દેન છે. નાની-મોટી મુશ્કેલીઓથી ડરી તેનો અંત આણી દેવો એ નાદાની છે.

તૈતરીય ઉપનિષદમાં ગુરુએ શિષ્યને શીખ આપતાં કહ્યું - સ્વાધ્યાયન્મા પ્રમદઃ - સ્વાધ્યાયમાં કદી પ્રમાદ કરીશ નહીં. નિયમિત રીતે અભ્યાસ કરવાથી જ્ઞાન પ્રાપ્ત કરી જ શકાય છે. મૌલિક રીતે વિચારવું તે મહત્ત્વનું છે, ગોખવું તે નહીં. વિદ્યાર્થીને આપણે સમજાવવું પડશે કે જીવન મળવાથી, જીવન બની જતું નથી. માણસના જીવનનું પોત પણ તેનું વણાટ, એની તાલીમ કેવી રીતે થાય છે. તેના ઉપર છે. જેણે પોતાના જીવનને બનાવવું છે તેણે સ્વયં પોતાનું પોત વણવું પડશે. જીવન-પોતનું ઘટ્ટ વણાટ કરનારાં પાંચ તત્ત્વો છે. આ બધા અધ્યાત્મશિક્ષણના પાયા છે :

(૧) સ્વયંશિસ્ત, (૨) સ્વાશ્રય, (૩) સ્વાધ્યાય, (૪) સાદાઈ અને (૫) સંસ્કાર - સ્વ-સાક્ષાત્કાર.

યુવાનો માટે આપણા શાસ્ત્રોમાં કહ્યું છે.

युवास्यात् साधु युवाध्यापकः आशिष्ठः दढिष्ठः बलिष्ठः ।

तस्येयं पृथिवी सर्वतितस्य पूर्णास्यात ॥

યુવાન તો શીલવાન હોય, અભ્યાસપ્રિય હોય, આશાવાન હોય, દઢનિશ્ચયી હોય, બળવાન હોય, એવા યુવાન માટે તો પૃથ્વીની બધી સંપત્તિ તેની જ બની જાય છે.

શિક્ષણસંસ્થા અને શિક્ષક : આજની પરિસ્થિતિમાં શિક્ષણસંસ્થા અને શિક્ષકે બહુ અગત્યનો ભાગ ભજવવાનો છે.

આજે શાળામાં-કૉલેજોમાં મહદઅંશે વિષયશિક્ષણ જ અપાય છે, પરીક્ષણ પર જ ભાર મૂકાય છે. તે પરિસ્થિતિ બદલવી પડશે. વિષયશિક્ષણ કરતા પણ જીવનશિક્ષણ અગત્યનું છે. મૂલ્યશિક્ષણ એ ખૂબ મહત્ત્વનું છે. કિશોરાવસ્થાના વિદ્યાર્થીઓને પ્રેમ અને માર્ગદર્શનની જરૂર છે. કોઈ વિદ્યાર્થીને ઉતારી ન પાડીએ, તેની સંવેદના સમજીએ તે જરૂરી છે. શિક્ષણસંસ્થામાં વિદ્યાર્થીઓને તેની મૂંઝવણમાં માર્ગદર્શન મળી રહે તે માટે કાઉન્સેલીંગની વ્યવસ્થા કરવી જરૂરી છે. વિદ્યાર્થીને -સિદ્ધિ અભિપ્રેરણાની જરૂર હોય છે તે પૂરી પાડીએ.

ઈંગ્લેન્ડની એક શાળામાં શિક્ષકે વિદ્યાર્થીઓને નિબંધ લખવા આપ્યો, જેનો વિષય હતો 'What can I do to grow you ?' બ્રેડલે નામના એક વિદ્યાર્થીએ લખ્યું -

If you loko at me gently, If you loko at me and smile, and smile at me. I will grow, I will grow. વિદ્યાર્થીને આ જોઈએ છે. શિક્ષણસંસ્થામાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવો જોઈએ. એથી વિદ્યાર્થીઓમાં પડેલી અનેક શક્તિઓને બહાર આવવાની પ્રેરણા મળશે. વિષયોના અભ્યાસમાં કદાચ નબળા હોય, પણ ચિત્ર, સંગીત, નૃત્ય, સ્પૉર્ટ્સ વગેરેમાં ખૂબ આગળ હોય, તો તેમની નિરાશા-હતાશા દૂર થશે.

Oakland University નું સૂત્ર છે -

Consider your birth, You were not made to live like brates, But to follow courage and knowledge.

વિદ્યાર્થીને આપણે એ પણ શીખવવું પડશે કે નિષ્ફળતા હંમેશાં માણસને કચડી નાખે તેવું નથી. તેમાંથી મળેલા અનુભવમાંથી પ્રેરણા લઈ સફળતા પ્રાપ્ત કરી શકાય છે. એમિલ ઝોલા, આર. કે. લક્ષ્મણને શરૂઆતમાં નિષ્ફળતા મળી, પરંતુ મહેનતથી-એકાગ્રતાથી જબરી સફળતા પ્રાપ્ત કરી. શિક્ષણસંસ્થાઓ સમાજના સહયોગથી વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન શરૂ કરી શકે.

છાત્રાલય : હોસ્ટેલ એ માત્ર રહેવા-જમવાની વ્યવસ્થા નથી, હોટેલ નથી. એ બીજું ઘર છે. છાત્રવાસની તાલીમ જીવનમાં ખૂબ ઉપયોગી છે. શ્રમ, સંસ્કાર, સહજીવનના પાઠ શીખવા મળે છે. એ માટે ગૃહપતિ કે ગૃહમાતા તાલીમ પામેલા જોઈએ. વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમ, સહાનુભૂતિ ધરાવતાં હોવાં જોઈએ. નાનાભાઈ ભટ્ટે 'ગૃહપતિને' પુસ્તક લખ્યું છે તે ગૃહપતિ અને ગૃહમાતાએ વાંચવું જ જોઈએ.

સમાજ : સમાજના અગ્રગણ્યોની પણ યુવાનો પ્રત્યેની ફરજ છે. સમાજમાં એવું વાતાવરણ સર્જા, યુવાનોની માર્ગદર્શનની વ્યવસ્થા ઊભી કરી અસામાજિક તત્ત્વોની ગેરરીતિઓને ડામે, શૈક્ષણિક સંસ્થાઓને માર્ગદર્શન અને મદદ કરે.

સામૂહિક માધ્યમોઃ સામૂહિક માધ્યમો- Media આ પ્રશ્નમાં ઘણો અગત્યનો ફાળો આપી શકે. નકારાત્મક સમાચારોને ન ચમકાવે. વિદ્યાર્થીઓને પ્રેરણા મળે, માર્ગદર્શન મળે, હતાશામાંથી બહાર આવે તેવા પ્રસંગો, બનાવો વધુ પ્રસારિત કરે તો તેની ચોક્કસ વિધાયક અસરો પડશે.

આપણી નવી પેઢીને યોગ્ય માર્ગદર્શન, પ્રેમ તથા હૂંફ આપી હતાશા કે નિરાશામાંથી બચાવી લેવાની જરૂર છે. સહુ સાથે મળી આપણા યુવાધનને બચાવીએ. ■

શિક્ષણ સૃષ્ટિ

પ્રિ. સોમાભાઈ વી. પટેલ 'સોમલ'
નિવૃત્ત પ્રિન્સિપાલ, સરસપુર આર્ટ્સ - કોમર્સ કોલેજ,
તંત્રીશ્રી - ધરતી સામાયિક, અમદાવાદ, સુપ્રસિદ્ધ લેખક.

આજની લોકવાર્તા

એકવાર સ્વર્ગમાંથી ચાર દેવો કોઈ ઉત્સવ પ્રસંગે પૃથ્વી ઉપર ઊતરી આવ્યા. દરેક દેવના હાથમાં અલૌકિક પુષ્પોની માળા હતી. જેવો તેનો અપૂર્વ રંગ હતો તેથી જ તેની અપૂર્વ સુવાસ હતી. પુષ્પમાળા વિલક્ષણ હતી. જેના હાથમાં એ આવે તેનામાં અજબ સ્ફૂર્તિ પ્રસરતી, અમાપ સામર્થ્ય પ્રગટતું. એનો વિજય નિશ્ચિત બનતો. પૃથ્વીના લોકોએ દેવોના હાથમાં આ પુષ્પમાળાઓ જોઈ. તેમણે દેવોને પૂછ્યું, “ભગવાન ! આ માળાનાં પુષ્પો અમે ક્યારેય જોયાં નથી. આ પુષ્પો ક્યાં ઊગે છે ? એ કોને મળી શકે ?”

દેવોએ જવાબ આપ્યો, “હે મનુષ્યો ! આ પુષ્પો સ્વર્ગમાં ઊગે છે. જે જ્ઞાની અને પુણ્યશાળી હોય છે તેને જ આ પુષ્પમાળા અમે આપીએ છીએ; જેથી એની શક્તિ વધે અને તેના જ્ઞાન-પુણ્યનો લાભ જગતના બીજા લોકોને એ આપી શકે.” વળી કેટલાંક મનુષ્યોએ જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું, “પ્રભુ, કેવાં જ્ઞાન મેળવનાર અને કેવાં કેવાં પુણ્ય કરનારને આ માળાઓ મળી શકે?”

એક દેવ બોલ્યા, ‘જે મનુષ્ય બીજાની કમાણી પર આધાર રાખતો નથી, અને જાતમહેનત કરીને કમાય છે તેને આ પુષ્પમાળા મળી શકે.’

બીજા દેવે કહ્યું, ‘જે સાદું અન્ન ખાય છે, સાદું જીવન જીવે છે અને કોઈ પ્રકારનું વ્યસન કરતો નથી તેને માટે જ આ પુષ્પહાર છે.’

ત્રીજા દેવ બોલ્યા, જે હંમેશા સત્ય જ બોલે છે, બોલેલું વચન પાળે છે અને વચન આપ્યા પછી કદી વિશ્વાસઘાત કરતો નથી તેમને આ માળા મળી શકે.

ચોથા દેવ કહે, ‘જે માણસ શક્તિશાળી અને સમૃદ્ધ છે; અને તે પોતાની શક્તિ તથા સમૃદ્ધિનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે નહિ, પરંતુ બીજાને ઉપયોગી થવામાં કરે છે, લોકહિતાર્થે કરે છે તેને આ પુષ્પમાળા આપવામાં આવે છે.’ દેવ અને લોકો વચ્ચે આવી વાત ચાલતી હતી ત્યાં એક પડછંદ માનવી બાજુમાં ઊભો રહી આ વાત સાંભળતો હતો. તેની મુખમુદ્રા ઉપરથી તો નિર્દોષ જણાતી હત; પરંતુ તેની આંખોનું ઊંડાણ અમાપ હતું, તેમાં ધૃષ્ટતાનાં સાપોલિયાં સળવળતાં હતાં.

તે માણસ ધીમે રહીને દેવોની પાસે આવ્યો તેમને સાંષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને પછી મીઠી વિનમ્ર વાણીથી બોલ્યો, ‘ભગવન આપે કહ્યા તેવા સઘળા ગુણ હું ધરાવું છું. હું જાતમહેનત કરીને કમાણી કરું છું. અત્યંત સાદું જીવન જીવું છું. હું આપેલું વચન કદાપિ તોડતો નથી અને મને જે કંઈ મળે છે તે હું યથાશક્તિ લોકહિતમાં જ વાપરું છું. માટે આપ પુષ્પમાળાઓ મને આપો.’ દેવોએ કહ્યું, જો પૃથ્વીલોકના આ સૌ માનવીઓ કહેતા હોય તો જ અમે તને આ પુષ્પમાળાઓ અર્પી શકીએ. પછી પેલા માણસે લોકસમૂહ પર નજર કરી. ભોળાં લોકોને એમાં શો વાંધો હોય? એમણે તો તરત સંમતિ આપી દીધી. દેવો ચારેય પુષ્પમાળાઓ પેલા માણસને આપી અને અંતર્ધાન થઈ ગયા.

આ દૈવી પુષ્પમાળાઓાંથી એક જ પ્રાપ્ત થાય તો યે જીવનને શક્તિ, સામર્થ્ય અને સમૃદ્ધિથી તરબાટ કરી દે એમ હતું; ત્યારે આ તો ચારેય પુષ્પમાળાઓ એક સામટી પેલા માણસના હાથમાં આવી પડી હતી; પછી શું બાકી રહે? એની પાસે શક્તિ, ધન અને સત્તા ખૂબ વધી ગયાં. એ માણસ ધૃષ્ટ અને ઢોંગી હતો. તેણે પોતાની અમાપ શક્તિથી નિર્બળને દબાવ્યા, ધનથી લાલચુઓને વશ કર્યા; અને અજેય સત્તાથી લોકોને મૂંગા કરી દીધા. હવે જનસમૂહમાંથી કોઈનીયે તેની સામે એક હરફ પણ ઉચ્ચારવાની તાકાત ન હતી. પછી ફરિયાદની કે વઢવાની તો વાત જ શી? પેલો માણસ સૌ ઉપર એક હથ્થુ સત્તા અને સંપત્તિના મદમાં રાચવા લાગ્યો. પૃથ્વી ઉપર જાણે હાહાકાર મચી ગયો. લોકો અણકલ્પી અગણ્ય યાતનાઓમાં સબડવા લાગ્યા. પૃથ્વીના લોકો ત્રાહિમામ્ પોકારી ગયા. તેઓ ભેગા થઈને દેવો પાસે ગયા. પેલા બ્રાહ્મણની વાત કરી કહ્યું, ‘ભગવાન આ માણસે અમને છેતર્યા, એની પાસેથી કોઈપણ રીતે પુષ્પમાળાઓ પાછી લઈ લો અને અમને આ યાતનામાંથી મુક્ત કરો.’

દેવોએ કહ્યું, માળાઓ અમે તમારી સંમતિથી આપી છે. હવે અમારાથી પછી ન લેવાય. જે સત્તા અને શક્તિનો ઉપયોગ તમારા ઉપર થવાનો હોય તે સત્તા આપવાની બાબતમાં ભોળપણ દાખવવું કે ઉદારતા દાખવવી એ કેવું ઘોર અજ્ઞાન છે, અને તે કેટલું હાનિકારક છે એ સમજાવવા માટે જ મેં આમ કર્યું હતું. આ માળાઓ તો અમે એની પાસેથી અબઘડી જ લઈ લઈએ છીએ; પરંતુ સાંભળો! પૃથ્વી ઉપર લોકશાહી શાસનમાં તો લોકો પોતે જ દેવ છે. તમે જ તમારા હાથે માણસને પુષ્પમાળા રૂપી અમાપ શક્તિ અને સત્તા આપો છો, જેનો ઉપયોગ તમારા ઉપર થાય છે. ચૂંટણી વખતે આ માણસો નિર્દોષ ચહેરા લઈને પોતાની યોગ્યતા તમારી સમક્ષ રજૂ કરે છે; અને તમે એમને સાચી માની લઈને તમારી પાસેની અલૌકિક પુષ્પમાળા સમી સત્તા ભોળપણથી તેને સોંપો છો; પણ તેમના નિર્દોષ દેખાતા ચહેરામાં શું છુંપાયું છે તે તમે નહિ ઓળખો તો તમે આપેલ સત્તાના દંડનો માર તમારે જ ખાવો પડે એમાં શી નવાઈ ?પછી દેવ ધીમું હાસ્ય કરતાં બોલ્યાં, ‘આજની જ વાત કરોને ! પેલા માણસની શક્તિ અને સત્તાથી તમે પરેશાન થઈ ગયા છો. છતાં ફરીવાર ચૂંટણી ટાણે તમે જ એને મતરૂપી પુષ્પહાર પહેરવાનું ભોળપણ દાખવો છો તો બીજું શું થાય?’

મો.૯૭૨૬૪ ૮૫૧૧૬

શિક્ષણ સૃષ્ટિ

ભાવેશભાઈ એમ. આખજા
લેખક : આચાર્યશ્રી પ્રા. શાળા
મતિરાળા, તા.લાઠી, જી. અમરેલી

લખવું એટલે કે...

વાચક મિત્રો.હું નાનો હતો ત્યારે વાંચતા એટલે કે કક્કા બારાક્ષરીની ઓળખ પાકી થઈ ગઈ હતી એ સમયે શાળાની ચોપડી સિવાય અન્ય કાંઈ વાંચું ત્યારે તેના લેખકનું નામ વાંચતાની સાથે મનમાં એવી ભાવના થતી કે : શું આપણે આવું ક્યારેય લખી શકીએ ખરા ? મન જ કહેતું. રહેવા દે. આ બધુંય આપણું કામ નહીં , ઈ તો મોટા માણસો અને મોટા લેખકોનું કામ. હેં દોસ્તો , તમને ક્યારેય આવી લાગણી થઇ છે ? જેનો જવાબ હા છે એ મિત્રો આ લેખ તમારા માટે જ છે હો.

તમે પણ લખી શકો છો.તમારામાં પણ એ શક્તિ , આવડત અને છૂપો ખજાનો પડ્યો જ છે. પણ આ ખજાનો ઈ કાંઈ ‘ ખુલ જા સીમસીમ’ એવા મંત્રથી નથી ખુલતો.એ પામવા માટે અણથક માનસિક કવાયત કરવી પડે. અને મારે વિનમ્ર સ્પષ્ટતા કરવી છે કે ; હું કાંઈ સિધ્ધહસ્ત લેખક નથી.પણ મારા મનમાં ઉદભવતા વિચારો , લાગણીઓને હું વ્યવસ્થિત, મઠારીને વ્યક્ત કરી શકું છું.આટલી સજ્જતા મેળવવા માટે મેં જે માનસિક , વૈચારિક મથામણ કરી અને અંગત મોજશોખમાં કાપ મુકીને સમય ફાળવ્યો ત્યારે જરાક સફળતા પ્રાપ્ત થઈ છે.એ પાછળની લાંબી સફરની ટૂંકી વાત કહું ?

લખવું એટલે કે..લેખન કૌશલ્ય.એમ પરબારું , પાધરું આવી જતું નથી. ગિરનારની ટોચે પહોંચવા જેમ એક એક પગથિયા સર કરવા પડે એવી જ રીતે. (૧) પહેલાં સારું સાંભળતા શીખવું પડે.જેટલું ઉત્તમ શ્રવણ એટલી અસરકારક ભાષા ! કારણ ? તેનાથી જ નવા નવા શબ્દોનું ભંડોળ ઉમેરાય. ભાષા વૈભવ ત્યાંથી જ શરુ થાય. (૨) બરાબર સાંભળતા શીખી ગયા એટલે બીજું પગથિયું છે..કથન એટલે કે બોલવું કે વાણીની અભિવ્યક્તિ ! ટૂંકા શબ્દો . અર્થપૂર્ણ વાક્ય રચના. તાર્કિકતા.મધુરતા અને આરોહ અવરોહસભર અભિવ્યક્તિ એટલે કે.. ટૂંકાણમાં , મીઠાશસભર અને અર્થપૂર્ણ બોલવું એ જ કથનકળા.એ મેળવવા સભાનતાથી પ્રયત્ન કરવા પડે. (૩) પછીનું ત્રીજું પગથિયું છે:- વાંચન. હાર્ડ કોપીમાં , છપાયેલું લખાણ કે ડિજિટલ સ્વરૂપનું લખાણ હોય તેનું વાંચન. આ સંસ્કાર બહુ મહત્વનો છે.તમારે જે ક્ષેત્રમાં આગળ વધવું છે તેને લગતું વાંચવું જ રહ્યું. તમને પ્રિય હોય એ વક્તાના જીવનમાં ડોકિયું કરજો.એ તમને સ્પર્શી જાય એવું ભાષણ કરે છે તેની પાછળ તેની કેટલાય કલાકો , મહિનાઓ અને વર્ષો સુધીની વાંચન સાધનાનું તપ છુપાયેલું હોય છે.દરરોજ નિત્ય નૂતન મૌલિક અને રસપ્રદ વાતો કહેવા માટે વાંચનનું વ્રત લેવું પડે. સ્વ.મનુદાદા પંચોળી કહેતા. “ **સરસ્વતી ક્યારેય વાસી અન્ન પર નભતી નથી.**” નીવડેલા વડીલ વાર્તાકાર શ્રી ગોરધનભાઈ ભેંસાણિયા કહે છે. ‘ **તમે વાર્તા લખવા માટે હાથમાં કલમ પકડો એ પહેલાં તમારે , ગુજરાતી ભાષાની ઉત્તમ એક હજાર વાર્તાઓ દિલથી વાંચીને તેમાંથી પસાર થવું જોઈએ.**” આપણી પાસે આટલી નિરાંત , મોકળાશ અને ચીવટ છે ? તમે જેના લખાણથી પ્રભાવિત થાઓ છો એ લેખકને પૂછજો. ‘ તમે તમારા જીવનમાં કેટલું વાંચ્યું ? કેટલું ચિંતન- મનન કર્યું ? કેટલું પચાવ્યું ?

આપણી પાસે બેન્કનું એ.ટી.એમ. કાર્ડ ગમે તેવું નવું , રૂડું રૂપાળું હોય પણ બેંક ખાતાંમાં સિલક જમા ન હોય તો ? એવી રીતે આપણે પહેલાં અંદર ઘણુંય જમા કરાવવું પડે.લેખન કળા સુધી પહોંચવા માટે શ્રવણ - કથન અને વાંચનની, મહેનત અને એકાગ્રતા માંગી લે તેવી યાત્રામાંથી સફળતાપૂર્વક પસાર થવું પડે. દોસ્તો, પ્રયોગ અને પ્રયત્ન કરી જુઓ.પછી..કલમમાંથી શબ્દો ટપકે છે કે નહીં ? આપણા હૃદયમાંથી નીકળેલા શબ્દો સામાના હૃદય સુધી ચોટડૂક રીતે પહોચે એવું લખવું અને એવી કળા પ્રાપ્ત થવી તેનું નામ જ લખવું એટલે કે..

“વેર્યા મેં બીજ અહીં /છૂટ્ટે હાથ તે / હવે વાદળ જાણે ને વસુંધરા.”(મકરંદ દવે) ■

મો. ૯૪૨૮૩૪૩૨૦૭

નારી સૃષ્ટિ



ડૉ. મફતલાલ પટેલ
સુપ્રસિદ્ધ વરિષ્ઠ કેળવણીકાર, સમાજસેવક, લેખક અને 'અચલા'ના તંત્રી

ઘરને સમજો, ઘર વસાવો

'જીવન'ને ઘડનાર વ્યક્તિ પોતે છે, એવું પણ નથી, વ્યક્તિની સાથે તેના માતાપિતા અને ઘર પણ છે. દરેક માનવી ઘર વસાવે છે. ઘર બનાવે છે. ઘરમાં મોટા ભાગનો સમય પસાર કરે છે. દરેકને પોતાનું ઘર ગમે છે, કારણ કે ઘર વિકાસનું સૌથી મોટું કેન્દ્ર છે. ગમે ત્યાં જાઓ, ગમે ત્યાં ફરો પણ છેલ્લે તો ઘર જ યાદ આવે છે કારણ કે આપણી લાગણીઓ સાથે અદ્ભુત રીતે વણાઈ ગયેલું હોય છે.

પછી ભલે ઘર નાનું હોય, ઘર તો ઘર છે. જીવનમાં વિકાસ કરવો, જીવનમાં આગળ આવવું હોય તો તમારું ઘર તમને આમાં વધારે પૂરક બનશે, કારણ કે મોટાભાગનો સમય ઘર સાથે છે. આપણે ઘરમાં રાત પસાર કરવાની છે, ને દિવસનો કેટલાક ભાગ ઘરમાં જ વ્યતીત કરવાનો છે. રજાઓના દિવસોમાં પણ ઘરમાં રોકાવાનું છે, રહેવાનું છે. હવે વિચારો કે ઘર કેવું જોઈએ?

ઘર શા માટે જોઈએ ? ઘર આપણને શું આપે છે ?

દરેક માણસની મોટાભાગની જરૂરિયાતો ઘર સંતોષે છે. શારીરિક તકલીફો ઘર દૂર કરે છે. ખાવાનું ઘરમાં, ઊંઘવાનું ઘરમાં છે, લખવાનું ઘરમાં છે, ભાવિ કાર્યક્રમો ઘડવાના ઘરમાં છે. મિત્રોને ઘરમાં મળવાનું હોય છે. સંબંધીઓ પણ ઘરમાં મળવા આવે છે. હવે ઘર પૂરી સગવડોથી સજ્જ બનાવવું જોઈએ. હવા-ઉજાસ, કુદરતી પ્રકાશ ઘરને મળી શકે તેવું હોવું જોઈએ. ઘરની બાજુમાં ઝાડ હોવાં જોઈએ. નાના-નાના ફૂલોથી ભરપૂર ક્યારાઓ જોઈએ. પંખીઓ વૃક્ષ ઉપર બેસીને કલરવ કરી મૂકે તેવું ઘર હોય તો કેવું સારું. આકાશનું દર્શન થઈ શકે, સૂર્યનો પ્રકાશ ઘરની કોઈ બારીમાંથી અંદર આવી શકે, ચંદ્રનો પ્રકાશ પણ આકાશમાં નજર કરીએ તો જોવા મળે તેવું ઘર હોય તો મન પ્રફુલ્લિત બની જાય. ઘર મનને સુવાસિત બનાવી દે તેવું હોવું જોઈએ.

તમારો અલગ બેડરૂમ હોવો જોઈએ.

લગ્નજીવનની સફળતાનો મહત્ત્વનો આધાર વ્યક્તિનો પોતાનો બેડરૂમ છે. બેડરૂમ પતિ-પત્નીને માત્ર ઊંઘવા માટે નથી, પણ પોતાની આંતરિક શારીરિક-માનસિક ભૂખ સંતોષવાનું સૌથી મોટું સાધન છે. બહારથી થાકીને આવ્યા હોય, ત્યારે તમારો થાક બેડરૂમ જ ઉતારી શકે છે. બેડરૂમમાં તમે સ્વતંત્ર છો, ત્યારે બંધનો વિહિન ત્યાં રહેવાનું છે. બેડરૂમ મોટો જોઈએ, જેમાં તમે યોગના આસનો કરી શકો, થોડી કસરત કરી શકો. પતિ-પત્નીના સુખનો, શાંતિનો, પ્રેમનો, હૂંફનો આધારસ્તંભ બેડરૂમ છે. બહારથી થાકેલો, નંખાઈ ગયેલો, વેદનાથી ભરાઈ ગયેલો પુરુષ બેડરૂમમાં આવતાં જ બધું ભૂલી જતો હોય છે, હળવાશ અનુભવે છે. જગતના બધા જ બાહ્ય દુઃખો બેડરૂમ પીગળાવી દે છે. પત્ની બેડરૂમની આત્મા છે. પ્રેમાળ પત્ની પોતાના પ્રેમ-હૂંફ વડે પુરુષને નવું પ્રભાત અર્પણ કરે છે. માટે બેડરૂમને સમજી લો. વિકાસનું એક મહત્ત્વનું પરિબળ બેડરૂમ છે.

ઘર એટલે શું ? તેઓ પ્રશ્ન શરૂઆતમાં જ મેં કર્યો. એકલો પુરુષ રહે તો ઘર બનતું નથી ને એકલી સ્ત્રીથી પણ ઘર બનતું નથી, અલગ અલગ સ્ત્રી-પુરુષ જીવન જીવે તો તે ઘર નહિ પણ મકાન હોય છે. મકાનમાં બારી-બારણાં હોય છે, પણ પ્રેમનો સાગર હોતો નથી. એકલો પુરુષ સાત માળના મકાનમાં રહેતો હોય તો તેને ઘર કહેવાય નહિ, તેને વાંઢાવિલાસ લોકો કહે છે. ઘર સ્ત્રીથી બને છે. પુરુષ સાથે સ્ત્રી પ્રવેશે એટલે મકાન પણ ઘર બની જાય છે.

અગાઉ આપણે વાત કરી કે 'જીવન' ટૂંકું છે, થોડા દિવસોના જ આપણે આ પૃથ્વી ઉપર મહેમાન છીએ, આપણું અસ્તિત્વ કાયમી નથી. ઘર આપણા વિકાસમાં પૂરક સાધન છે. આપણે જે કંઈ મેળવવાનું છે, તે ઘરમાં મેળવી શકીએ છીએ, ઘર દ્વારા મેળવી શકીએ છીએ. નવું ઘર ભવિષ્યમાં ખરીદીશ – આમાં પણ સમય બગાડ્યા સિવાય જે કરવાનું તે ઝડપથી કરી નાંખવું જોઈએ. દિવસો બગાડવાની જરૂર નથી. સમય ટૂંકો છે એટલે મેં આ વાત કરી છે, ને નવું ઘર બનાવવાનું હોય ત્યારે તમે તમારા માટેનું ઘર બનાવજો.

લોકો બહાર ખાધા કરે છે, બહાર ફર્યા કરે છે, તેઓએ પોતાને યોગ્ય ઘર બનાવ્યું નથી. રસોડું પણ પોતાને યોગ્ય જ જોઈએ, ને પોતાની ઈચ્છાનુસાર રસોઈ પોતાના ઘરમાં જ થવી જોઈએ, માનો કે તમારી પત્ની સર્વિસ કરતી હોય, તેને ટાઈમ ન હોય, તે રસોઈ કરતાં થાકી જતી હોય કે કંટાળી જતી હોય તો પણ તમે બહાર ખાવાનું કે બહારનું ખાવાનું કદી પસંદ ના કરતા. ઘર સાથે ખોરાકનો સંબંધ છે. ઘરમાં જ રસોઈ બને, ઘરમાં પોતાના શરીરને ભાવે તેવી, શરીરને સાચવે તેવી રસોઈ બનવી જોઈએ, ને આની વ્યવસ્થા પતિ-પત્નીએ

નારી સૃષ્ટિ

સાથે મળીને કરવી જોઈએ. રસોડું તો થાક દૂર કરનારું ઉત્તમ સાધન છે. સ્ત્રી રસોઈ કરતાં કરતાં થાકી જાય કે કંટાળી જાય તો માની લેજો આવી સ્ત્રીઓ ઘરમાં બીમારીઓ લાવે છે. રસોડા સાથે પ્રેમ જોઈએ, સાચી સ્ત્રીઓ રસોડામાં પ્રવેશ કરતાં જ અનેરો આનંદ અનુભવે છે, તેને ખાવા કરતાં ખવડાવવામાં રસ પડે છે. પતિને ખવડાવીને તે આનંદ અનુભવે છે. સ્ફૂર્તિમાં આવી જાય છે.

ઘર વિષે તમે સમજી ગયા કે ઘર કેવું જોઈએ. પણ ઘરને વસાવવાનું છે. સ્ત્રી વિના ઘર વસે નહિ. ઘરમાં સ્ત્રી જોઈએ. પુરુષ પૂર્ણપુરુષ ત્યારે જ બની શકે છે, કે તેની બાજુમાં સ્ત્રી હોય, સ્ત્રી અર્ધાંગિની છે. પુરુષને બળ આપવાનું કાર્ય પોતાની પત્ની કરે છે. પત્ની પ્રેમાળ, લાગણીસભર હોવી જોઈએ. પતિના કાર્યોને પુશ (Push) કરનારી જોઈએ. જગતમાં જે મહાપુરુષ આગળ આવ્યા છે, તેની પાછળ તેની પત્નીનું સમર્પણ છે, ત્યાગ છે. સ્ત્રી ત્યાગની સાક્ષાત્સૂર્તિ છે, એના હાથને હૃદયમાં ઈશ્વરે અવર્ણનીય તાકાત કેન્દ્રિત કરેલી છે, તે ધારે તો પોતાના પતિને યોગ્યસ્થાને ગોઠવી શકે છે.

દરેક માનવીને પ્રેમ જોઈએ. દરેક માનવીને કોઈ વખાણ કરનાર જોઈએ. દરેક માનવીને તેને કરેલાં કાર્યોને શણગારનાર જોઈએ. આશ્વાસન આપનાર જોઈએ. દુઃખ આવે ત્યારે આંસુ લૂછનાર જોઈએ. તમે ઘરથી બહાર નીકળો, સર્વિસ કે ધંધા ઉપર જાઓ ત્યારે તમારી બુટની દોરી બાંધનાર કોઈ મળી જાય, તમારા બુશર્ટનું બટન ટાંકનાર કોઈ મળી જાય ને છેલ્લે તમારા ગજવામાં પૈસાનું પાકીટ મૂકીને ઘરનું બારણું ખોલી પ્રેમથી ગાલ ઉપર હળવી ટપલી મારીને 'આવજો, સાંજે ભજિયાં ખાઈશું' આવું કહેનાર કોઈ મળી જાય તો માનજો કે તમારો આજનો દિવસ ધન્ય બની ગયો છે, ને આવતીકાલનું પ્રભાત પણ ધન્ય બનવાનું છે. આ કાર્ય કોણ કરશે ? પત્ની જીવનસાથી, આવી પ્રેમાળ પત્ની જેને મળી છે, તે ધન્ય છે. તમારે પણ 'જીવન'નું ઉત્તમ સંઘર્ષવિહિન આયોજન કરવું હોય તો આવી પત્ની દ્વારા જ શક્ય છે. સ્ત્રી જ પુરુષની શક્તિ છે. સ્ત્રી જ પુરુષનું ભાગ્ય છે, સ્ત્રી જ પુરુષના કાર્યનું નવનીત છે. પુરુષના હૃદયની પ્રેરણા સ્ત્રી છે. પુરુષને મહાન બનાવવામાં, તેને યોગ્ય સ્થાને ઉંચકીને ગોઠવવામાં સ્ત્રીનો જ સાથ-સહકાર, પ્રેમ, હૂંફ જ કામ કરી જાય છે.

એકલો પુરુષ કશું જ કરી શકે નહિ,

એકલો પુરુષ ભટકતો હોય છે,

એકલો વારંવાર નીચે પડી જતો હોય છે, ગબડતો હોય છે. અથડાતો હોય છે, લૂંટાઈ જતો હોય છે. એકલા પુરુષથી કોઈ ઘર બને નહિ. ને ઘર બનાવવા જાય તો તે સ્મશાન ભૂમિ જેવું બની જાય છે. ઘરમાં સ્ત્રી આવતાં જ ગુલાબ જેવી સુવાસ ચારેબાજુ ફેલાતી શરૂ થઈ જાય છે. પણ પુરુષને અપેક્ષાવિહિન, સમર્પિત-જીવન જીવનારી સ્ત્રી પત્ની સ્વરૂપે મળે તો જ આ બધુ શક્ય બને છે. ઘરમાં સારાં પુસ્તકોનું નાનું પુસ્તકાલય જોઈએ. પુસ્તકો વ્યક્તિના જીવન ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, જેથી સારાં પુસ્તકો વસાવાં, ને નિયમિત વાંચતા રહો. હવે કમ્પ્યૂટર વિના નહિ ચાલે, ઈન્ટરનેટ પણ જોઈએ, જગતનું જ્ઞાન મેળવવાનું સર્વોત્તમ સાધન આજે કમ્પ્યૂટર બની ગયું છે, જેથી વસાવો, ને તેની પ્રક્રિયા શીખી જાઓ.

વર્તમાન અને ભાવિ કાર્યક્રમોની ડાયરી જોઈએ, જેમાં તમારી નોંધો થતી હોય. મગજ બધું યાદ નહિ રાખી શકે. ડાયરીઓ તમને બચાવશે. ભાવિનું પ્લાન કરીને આગળ વધો. પ્લાનર બનાવો. વર્ષનું પ્લાનિંગ કરી શકાય તો સારું. આખા જીવનનું પણ પ્લાનિંગ કરી શકાય. દરેક કાર્યમાં સમયનું પાલન કરવાનું રાખો. સમય જ મૂલ્યવાન છે. કારણ કે જીવન એ સમયની રમત છે.

નક્કામી વસ્તુઓ ઘરમાં ભેગી ના કરી રાખો. જેનો આજે ઉપયોગ થતો નથી. ને કાલે પણ થવાનો ના હોય તો તેવી વસ્તુઓથી ઘરનાં માળિયાં ભરી ના રાખો, કોઈને આપી દો કે ફેંકી દો. મગજ અને ઘર બન્ને ખોટી નક્કામી વસ્તુઓનું ભરી રાખવાનું કેન્દ્ર બનવું જોઈએ નહિ. જે લોકોના ઘરમાં નક્કામી વસ્તુઓના ઢગલા હોય છે, તેઓનું મગજ પણ નક્કામી વસ્તુઓ ને વિચારોથી ખદબદતું હોય છે. ઘર સંપૂર્ણ સ્વચ્છ, એક પણ વસ્તુ ગમે ત્યાં અથડાતી ન હોય. યોગ્ય સ્થાને બધી વસ્તુઓ ગોઠવાયેલી હોવી જોઈએ, ને કઈ વસ્તુ ક્યાં છે ? તેને ખ્યાલ હોવો જોઈએ. અંધારામાં પણ હાથ નાંખો તો તમારી મૂકેલી વસ્તુ હાથમાં આવવી જોઈએ. આવું ઘર વસાવો, આવું ઘર બનાવો, વિકાસનું કેન્દ્ર ઘર છે. શાંતિનું કેન્દ્ર ઘર છે, સલામતીનું કેન્દ્ર ઘર છે. પ્રેમનું કેન્દ્ર ઘર છે, લાગણીઓને વાચા આપવાનું કેન્દ્ર ઘર છે, મળવાનું કેન્દ્ર ઘર છે, જમવાનું કેન્દ્ર ઘર છે, ઘરને સ્વર્ગ બનાવો, જીવન જીવવાનો આનંદ મળશે. ■

મો. ૯૮૨૪૦૨૧૦૬૩

નારી સૃષ્ટિ

શ્રીમતી ગીતા ઉનડકટ
ભારતીય સંસ્કૃતિની પક્ષધર અને
નારીવાદી લેખિકા, રાજકોટ.

એક સફળ સ્ત્રી કઈ રીતે બનશો ?

આપણા સમાજમાં આધુનિક સ્ત્રી શું નથી કરી શકતી એ જ પ્રશ્ન છે. જીવનના દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓ સફળતા પ્રાપ્ત કરી ચૂકી છે. એક પુરુષ જે કામ કરી શકે છે, તે બધાં જ કામ એક સ્ત્રી પણ કરી શકે છે. હવે સવાલ એ થાય છે કે એક સ્ત્રી જે કામ કરી શકે છે તે બધી સ્ત્રીઓ કેમ ના કરી શકે ? સર્જનહારે તો કોઈ જ ભેદભાવ રાખ્યો નથી. અમેરિકાના ફર્સ્ટ લેડી બાર્બરા બુશ હોય કે હિલેરી ક્લિન્ટન હોય, ઇંદિરા ગાંધી હોય કે પછી એક સાવ સામાન્ય - સાધારણ સ્ત્રી હોય, ભગવાને તો દરેકને એકસરખી મનની શક્તિઓ આપી છે. બધાંને એકસરખી જ શક્તિ આપી છે તો પછી બધી સ્ત્રીઓ કેમ સફળ થઈ શકતી નથી ? શા માટે અમુક સ્ત્રીઓ જ સફળ થઈ શકે છે ?

એક ખાસ વાત એ છે કે દરેક સ્ત્રીઓ સ્માર્ટ નથી હોતી. તમને લાગશે વળી સફળ થવાને અને સ્માર્ટ હોવાને શું સંબંધ છે ? પરંતુ સરળતાથી સફળતા મેળવવા માટે સ્માર્ટ હોવું અત્યંત જરૂરી છે. સ્માર્ટ એટલે કે....

S - Self - confidence, - આત્મવિશ્વાસ

M - Meaningful life, - અર્થપૂર્ણ જીવન

A - Activeness, - ચપળતા

R-Responsibility, - જવાબદારી

T - Talent -કુશળતા

જીવનમાં દરેક સ્ત્રી સફળ થવા ઇચ્છે છે અને એ માટે કેટલી મહેનત કરે છે ? આધુનિક સ્ત્રી ઘરને તો સંભાળે છે પણ સાથે સાથે ઑફિસ કે બિઝનેસ પણ સંભાળે છે. રાત-દિવસ ઊંચું જોયા વગર અને ક્યારેક તો વિચાર્યા વગર બસ મહેનત જ કરતી રહે છે. સ્ત્રી બધું કરી શકે છે પણ ક્યારેક એવુંયે બને છે ને કે અમુક સ્ત્રીઓ નિર્ણય જ લઈ નથી શકતી. કોઈ એક વાત નક્કી જ ના કરી શકે કે મારે શું કરવું છે? જ્યારે નિર્ણય લેવાની પળ આવે ત્યારે ગભરાઈ જાય છે. ક્યારેક એવું પણ બને કે કાંઈ સારું થયું હોય તો તરત કહે કે એ તો મેં કર્યું છે પણ એથી વિપરીત થાય તો તરત દોષનો ટોપલો બીજા ઉપર ઢોળી દે. લગભગ દરેક સ્ત્રીઓને આવી આદત હોય છે. જીવનનું કાંઈ ધ્યેય નક્કી ના કરી શકે અને ફક્ત મહેનત જ કર્યે જાય તો એ મહેનત ક્યાંથી સફળ થાય? એટલે સૌપ્રથમ તો જીવનમાં શું કરવું છે તે ધ્યેય નક્કી હોય તો સાચી દિશામાં મહેનત કરી શકાય.

પેલી કરોળિયાની વાત ખબર છે ને ? ઝાળું બાંધતાં બાંધતાં સાત વાર નીચે પડે છે તોયે અટકતો નથી અને આઠમી વારે ઝાળું બનાવવામાં સફળ થાય છે. કેમ કે એ માર્ગ જાણતો હતો. જો એકવાર સાચો માર્ગ મળી જાય તો એ રસ્તે કેટલીયે મુશ્કેલીઓનો સામનો કરીને પણ આગળ વધી શકાય. પરંતુ એ માટે સાચા રસ્તાની તો ખબર હોવી જોઈએ ને !

હવે લાગે છે ને કે "સ્માર્ટ" થવાની જરૂર છે ! સેલ્ફ કૉન્ફિડન્સ એટલે આત્મવિશ્વાસ હોવો જરૂરી છે. સ્ત્રીઓમાં લગભગ આનાથી વિરુદ્ધ હોય છે. બીજી વ્યક્તિ ઉપર વિશ્વાસ ખરો પણ પોતાની જાત ઉપર નહિ. બીજા ઉપર એટલો વિશ્વાસ હોય ને કે - કોઈને કહેતા નહિ હોં - કહીને ઘરની અંગત વાતો પણ બીજાને કહી દે. ખરેખર આત્મવિશ્વાસ એવો ગુણ છે જે બીજા બધા ગુણો એકત્રિત કરવાની શક્તિ ધરાવે છે અને સફળતાને આકર્ષે છે. પરંતુ સફળતા મારો જન્મસિદ્ધ અધિકાર છે અને હું આ કામ કરીશ જ - બધા કરી શકે તે હું કેમ ના કરી શકું ? એવો આત્મવિશ્વાસ જ્યારે હોય તો કોઈ મુશ્કેલી આવતી નથી. નિષ્ફળતાનો ભય જ પ્રગતિને રોકે છે અને કોઈ પણ કામની શરૂઆત જ આપણે કરતા નથી.

જીવન છે તો સંઘર્ષ તો રહેવાનો જ.. તો શું સંઘર્ષથી ડરીને નિરાશાના ઘોર અંધકારમાં ડૂબી જવાનું ? ડર કરતાં ડરની કલ્પના જ વધુ ડરાવે છે. જો આપણને આપણી શક્તિમાં વિશ્વાસ હશે તો દુનિયા પણ આપણી શક્તિની કિંમત કરશે. તો શા માટે લઘુતાગ્રંથિથી પીડાવાનું ? અન્ય સ્ત્રીઓ કરતાં પોતાને નિર્બળ શા માટે માનવાનું ? નસીબમાં લખ્યું હશે એમ થશે, એવું વિચારીને બેસી રહેવાથી સફળ ના થવાય. નિષ્ફળતાનો ટોપલો નસીબના માથે તો ના ઓઢાડાય ને ? પરિશ્રમ જ પ્રતિભાને ચમકાવે છે. કોઈ પણ સફળ સ્ત્રીનું જીવન જોઈશું તો એ સફળતા પાછળ પણ એની વરસોની મહેનત અને મુશ્કેલીઓનો સામનો કરવાની હિંમત જ દેખાશે.

ઘણી વાર સમાજમાં એવું જોવા મળે છે ને કે સ્ત્રીઓ કામની જવાબદારી સ્વીકારવાથી ડરે છે. કામ કરવાનું પણ જવાબદારી ના જોઈએ. સ્વાશ્રયી સ્ત્રીઓમાં આપોઆપ ધીરજ, હિંમત, શ્રદ્ધા, વિશ્વાસ વગેરે બધા સદ્ગુણો આવે છે. જેનાથી સંસારસાગરમાં અનેક ઝંઝાવાતો વચ્ચે પણ તેની

નારી સૃષ્ટિ

જીવનનૈયા હેમખેમ તરતી રહે છે. ઘણી સ્ત્રીઓ કહે છે કે તનતોડ મહેનત કરવા છતાં અમારું કામ કેમ સફળ થતું નથી ? જ્યારે અમુક સ્ત્રીઓ તો જે કામ હાથમાં લે તેમાં સફળતા જ મેળવે છે. આવું કેમ બનતું હશે ? સફળતાનો આધાર આપણા વિચારો, માન્યતાઓ અને લાગણીઓ ઉપર પણ છે. આ ચાર પ્રકારના હોય છે : હકારાત્મક અને નકારાત્મક, જરૂરી અને વ્યર્થ હવે હકારાત્મક એટલે - પ્રેમ, દયા, ખુશી, આશા, શાંતિ, પ્રમાણિકતા, ઉત્સાહ, સમજદારી અને સહનશક્તિના વિચાર. હમેશા પ્રેરણાદાયી વિચારો જ કરવાના. "હું કામ સરસ રીતે કરીશ જ'. આવા વિચાર કરીને નિર્બળ મનને સબળ કરવાનું, તો કામ અચૂક થશે જ.

પરંતુ નકારાત્મક એટલે - ઈર્ષ્યા, અદેખાઈ, શંકા, ગુસ્સો, તનાવ, અહમ્, આળસ, લાચારી, ચિંતા, બદલો લેવો. આ આપણને નિષ્ફળ બનાવે છે. મનમાં એકવાર નક્કી કરીએ કે હું આ કામ નહિ કરી શકું. મારાથી કેમ થાય ? તો ક્યારેય નહિ થાય. માટે જીવનમાંથી નકારાત્મક વિચારો, લાગણીઓ અને માન્યતાઓ દૂર કરવાં જોઈએ. પણ ખાસ કરીને સ્ત્રીઓ નકામા - બિનજરૂરી વિચાર જ કરે છે. અને તે છે ભૂતકાળના વિચાર અને ભવિષ્યકાળના વિચાર. ભૂતકાળની ભૂલોને ભૂલી શકતી નથી અને ભવિષ્યની ચિંતા કરે છે. ખરેખર તો ભૂલ બદલ ક્ષમા આપવી એ જ મહાનતા છે. પોતાની જાતને પણ અને બીજાઓને પણ !

માટે જો જીવનમાં ખરેખર સફળ થવું હોય તો ચિંતા, ભય, ગુસ્સો અને ઈર્ષ્યા વગેરે બધું ભૂલીને હંમેશા ખુશ રહેવાનું. બધા પ્રત્યે પ્રેમ રાખાવનો, સુખ-શાંતિ સાધનમાં નહિ સંતોષમાં છે. "નથી" એની ચિંતા નહિ કરવાની પરંતુ "છે" એમાં સુખ અને સંતોષ માનવાનો. જે આપણા પાસે છે તેનું જતન કરવાનું. નથી એની ઝંખના શા માટે ? મનમાં વિશ્વાસ રાખવાનો દ્દઢ આત્મવિશ્વાસ કે - હું સફળ થઈશ જ - બધા મને ચાહે છે, બધા મારા કામની કદર કરે છે - બસ જરૂર છે ફક્ત અડગ વિશ્વાસની.

હમ હોંગે કામિયાબ એક દિન, મન મેં હૈ વિશ્વાસ - પૂરા હૈ વિશ્વાસ
હમ હોંગે કામિયાબ એક દિન.

નારી સૃષ્ટિ

પ્રાગજીભાઈ પટેલ

લેખક : નારી શક્તિના પ્રખર પક્ષધર છે.

સ્ત્રીએ સમજવા જેવું એક વિશ્વવ્યાપી સત્ય

પતિ-પત્નીનો સંબંધ જ કંઈક એવો છે કે તેમાં છેક મુશ્કેલી, ફરિયાદ અને અનુભૂતિ અન્યોન્યને કહી શકાય છે. આજ કારણથી આ સંબંધ સૌથી વધારે મહત્ત્વપૂર્ણ છે. ઘણી વાતો એવી હોય છે કે જે પત્નીને જ કહી શકાય, બીજાને નહીં પત્ની જ એક એવી નજીકની વ્યક્તિ છે, જેની સામે પુરુષ બાળકની જેમ જિદ કરી શકે છે. પત્ની એક સાથે અનેક સંબંધોનો આનંદ આપી શકે છે.

માણસ ઉતાવળમાં અગર લાગણીવશ થઈ પોતાના જીવનસાથીની ફરિયાદ બીજાની પાસે કરવા માંડે ત્યારે વાત વણસી જઈ શકે છે. શક્ય છે કે, ત્રીજી વ્યક્તિ આપણા પ્રત્યે હમદર્દી બતાવે, મદદરૂપ થાય, પરંતુ કોઈ હોશિયાર અને સમર્થ પતિએ ક્યારેય પત્નીની અણસમજ માટે કોઈ ત્રીજાની પાસે જઈને દુઃખ રડવું ન જોઈએ. ત્રીજી વ્યક્તિ એક સહયોગી અથવા નજીકનો મિત્ર હોય તો તે બંનેને એક સાથે રાખીને મુશ્કેલીનો તોડ કાઢી શકે છે, પરંતુ જ્યાં સુધી આવી વ્યક્તિ આપણી પાસે ન હોય, ત્યાં સુધી ચૂપ રહેવામાં અને ધીરજ રાખવામાં જ ભલાઈ છે.

થોડા સમય માટે રાહ જોઈને ચુપ રહો તો મોટાં મોટાં તોફાનો પણ શાંત થઈ જાય. શબ્દ આગ લગાવી શકે છે, તેમ બુઝાવી પણ શકે છે. ગુસ્સામાં એક બીજાના મોંમાંથી નીકળેલા શબ્દોને સાચા ન માની લેવા જોઈએ. તે ક્ષણિક હોય છે અને તે બાબત પસ્તાવો થતાં વાર નથી લાગતી.

કોઈ ત્રીજાની પાસે જવા કરતાં વધુ સારું એ છે કે, પતિ-પત્ની બન્નેએ એકબીજાને અનુકૂળ બની રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. પત્ની પોતાનો પતિ રસ્તો ભૂલે તો પણ જે સ્વરૂપ પહેલાં હોય, તે સ્વરૂપે ફરી તેને સ્વીકારી લે છે. પરંતુ પતિની બાબતમાં મોટે ભાગે એવા સાહસ અને સમજણનો અભાવ હોય છે કે દોષિત પત્નીને સ્વીકારવાનું તેને માટે શક્ય બનતું નથી.

સાચી વાત એ પણ છે કે, પત્નીનો તિરસ્કાર કરીને પુરુષ પોતે પણ દુઃખી તો થાય છે જ. પરંતુ બાણ ભાથામાંથી છૂટી ગયું હોય છે. પત્નીએ પતિના આવા મનોવલણને સમજી લેવું જોઈએ. પ્રેમ અને પ્રશંસાના બે મીઠા શબ્દો બોલવાથી તે પતિની હતાશાનો ઈલાજ કરી શકે છે.પુરુષને પ્રેમથી જીતો તો તે જીતાઈ જાય છે. પણ સમાનતા બતાવવાથી કે જબરજસ્તીથી એને ક્યારેય ન જીતી શકાય આ વાત દરેક સ્ત્રીએ સમજવા જેવી છે.

પતિને જીતવાનો એક જ માર્ગ છે, પ્રેમ, પ્રેમથી પતિ-પત્નીનો કોઈ પણ ગુનો માફ કરી એને માટે કંઈ પણ કરવા તૈયાર થઈ જાય છે. પોતાના શિક્ષણ, આર્થિક સ્વતંત્રતા કે સૌંદર્યના જોર પર પતિનો પ્રેમ મળી જશે તેમ માનવું ભૂલ ભરેલું છે.

પુરુષને કેવળ પ્યારથી જ જીતી શકાય એ એક વિશ્વવ્યાપી સત્ય છે. પ્રેમ મેળવવા કે આપવા કોઈ પણ જાતના દેખાવની નહીં, પરંતુ સંવેદનશીલતા અને ત્યાગની જ આવશ્યકતા છે. પરણેલા પૈકી મોટા ભાગના લોકોની માન્યતા હોય છે કે પ્રેમ રોમાંસ જેવી વાતો લગ્ન પહેલાંની જ વાતો છે. પરણ્યા પછી તો રોજબરોજની જરૂરિયાતોની ચિંતા, બાળકોનો કકળાટ અને પત્નીનો રૂક્ષ વ્યવહાર બધો જ પ્રેમ સૂકવી નાખે છે, તે માન્યતા ખોટી છે.

પતિ જ્યારે થાક્યો-પાક્યો ઘેર આવે ત્યારે એક વહાલ ભર્યા હાસ્ય સાથે ગરમ ચાનો કપ- ઘરમાં ન મેળવનાર પતિ જ્યારે ઘરની બહાર ફરતો થાય છે ત્યારે પત્ની ચિડાઈને બોલી ઊઠે છે, "આખો દિવસ ઘરની બહાર રહ્યા અને વળી પાછા બહાર ચાલ્યા, તમારું મન એક જગ્યાએ ચોંટતું જ નથી તે?" પરંતુ પત્નીમાં પતિ પોતાની પ્રિયતમાને શોધી શકતો નથી ત્યારે એ બહાર ભટકતો થાય છે.

નારી સૃષ્ટિ

પતિ જો પોતે જ પત્નીમાં રહેલું પ્રિયતમાનું રૂપ અને પત્નીનું રૂપ એમ બંનેને સરખી રીતે જીવંત રાખે, તો કોઈ પણ પત્ની સારી પ્રિયતમા સાબિત થઈ શકે છે. રસ, પ્રેમ અથવા રોમાંસ કોઈ બહારની વસ્તુઓ નથી. પરંતુ જીવનની વચ્ચે વિકસતી વસ્તુઓ છે. ઘેર આવેલા પતિનું સ્વાગત તો એક મહેમાનની જેમ થવું જોઈએ.

વાસ્તવમાં પત્નીનું પ્રિયતમાં સ્વરૂપ સદાય હર્યુંભર્યું રાખવા માટે પતિએ નાના-મોટા રોમાંસના પ્રસંગો શોધી કાઢવા જોઈએ. કોઈવાર સિનેમાની ટિકિટ મંગાવીને પત્ની સાથે અચાનક પિક્ચરનો કાર્યક્રમ ઘડી નાખવાથી દાંપત્યજીવનમાં મીઠાશ આવી જાય છે.

વસ્ત્રોનો ટાપટીપયુક્ત પહેરવેશ તેમ જ શણગાર સજવાનું પત્નીનું કાર્ય પતિને મોહિત કરતું હોય છે એને કારણે પણ પતિ રોમેન્ટિક થઈ જાય છે. ગંભીર અને કાયમી સારું પરિણામ મેળવવા માટેની આ વાત છે તો નાની, પરંતુ જીવનમાં રોમાંસની સૃષ્ટિના અવસરો વારંવાર શોધતાં રહેવું જોઈએ.

આજના યુગમાં પત્ની પતિ જેટલી જ સુશિક્ષિત હોય છે, કમાતી હોય છે, ઘર પણ સંભાળે છે. આટલી બધી સિદ્ધિઓ પછી પણ એને પતિ તરફથી તો ઠપકો- મેણાં-ટોણાં અને અંતે વિયોગ કે છૂટાછેડા અને જીવનભરના દુઃખ સિવાય કશું મળતું નથી.

હકીકત તો એ છે કે, જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા છતાં પણ સ્ત્રીઓ પ્રેમની બાબતમાં જરા પાછળ રહી ગઈ છે. બીજી બધી બાબતોનું ધ્યાન રાખતાં એની પાસે પ્રેમ માટે નથી સમય રહેતો કે નથી શક્તિ રહેતી આ કારણે અનેક વિવાહિતા સ્ત્રીઓ બધું મળવા છતાંય જીવનથી અસંતુષ્ટ રહી જાય છે.

ભારતીય સંસ્કૃતિ અદ્વિતીય સંસ્કૃતિ છે. ભારતીય સંસ્કૃતિમાં નારીને નારાયણી ગણવામાં આવે છે. નારીને મહાન શક્તિ તરીકે પૂજવામાં આવી છે. નારીશિક્ત જ આ જગતની નિર્માત્રી છે તેવું માનવામાં આવે છે. ઈશ્વરની ઉપાસના પણ કોઈ એક દેવીને ભક્તિભાવથી પૂજીને કરતા હોય છે. દુનિયાના મોટા ભાગના ધર્મોમાં ઈશ્વરને કેવળ પુરુષ રૂપમાં જ કલ્પવામાં આવ્યો છે. એક માત્ર ભારતીય સંસ્કૃતિ જ એવી છે, જેમાં ઈશ્વરને પુરુષ રૂપમાં તેમજ સ્ત્રીરૂપમાં કલ્પવામાં આવ્યો છે.

સ્ત્રી એટલે સ્ત્રી.

સ્ત્રીને બીજી એક પણ શક્તિ સાથે સરખાવી શકાય તેમ નથી. ભારતના ઈતિહાસમાં એવા અનેક પ્રસંગો છે કે જ્યારે આ દેશની સંસ્કૃતિ ઉપર આફત આવી છે ત્યારે નારીએ જ દૈવીશક્તિનું રૂપ ધારણ કરી સંસ્કૃતિને બચાવી છે. કોઈ પુરુષે પણ કોઈ મહાન કાર્ય કર્યું હશે તો પણ તેની પ્રેરણાશક્તિ તો એક નારી જ હશે.

કાવ્યાચન

હવે બધું ડીજીટલ

સાંભળ્યું છે હવે બધું ડીજીટલ થઇ જવાનું
પછી તો જીવવાનું મુશ્કેલ થઇ જવાનું !
પહેરો ચશ્માં તો દેખાશે બરફ ચારે કોર
ને ચારધામનું દર્શન તો રોજનું થઇ જવાનું
ડીજટલ છત્રી ઓઢો તો વરસાદ ઝમાઝમ
અને ડીજીટલ વરસાદમાં સાવ કોરા રહી જવાનું
અરે, પત્ની સાથે વાત કરવા પાસવર્ડ જોઇશે
ને પત્ની ચાહે તો લોગ આઉટ થઇ જવાનું
પેલી ઓફીસ વાળી છોકરીને સ્માઇલ પણ ના દેવાય
પત્નીની ચીપમાં બધું રેકર્ડ થઇ જવાનું

સૌના પગે લાગી જશે ડીજીટલ એક ચીપ
પછી તો ઉમળકા અને ડાન્સનું બ્રેકઅપ થઇ જવાનું
કોઇના ગાલનો ખાડો જોઇ ધબકારા એ વધે નહિ
હૃદય ૧૨૦-૮૦ પર એકદમ પરફેક્ટ થઇ જવાનું
આંસુ વહે તો વહી જાય ક્યારેક ટેવ વશ
પણ પછી આંસુનું ય એનાલીસીસ થઇ જવાનું
ઉટવું - બેસવું - ખાવું - પીવું બોલવું ને ચાલવું
ડીજીટલી બધું પ્રિ-પ્રોગ્રામ્ડ થઇ જવાનું
ટાઇમર પ્રમાણે ઉઠી જવાનું અને સુઇ જવાનું
આપણે તો માણસ મટી રોબોટ થઇ જવાનું !

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને
સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

કાચું સુખ ને સાચું સગપણ !

વ્યવહારજીવનના આપણા સંબંધો સુખદાયી છે કે દુઃખદાયી ? ક્ષણવી છે કે ચિરંજીવી ? વિષાદગ્રસ્ત છે કે ઉલ્લાસપૂર્ણ ? એનો સ્વસ્થ ચિત્તે વિચાર કરીએ. દિવસોના દિવસો સુધી ખેતર ખેડીએ અને સારા પાકની આશા રાખીને જીવીએ, પરંતુ જો વાવેતર કરવામાં ધ્યાન ન રાખીએ તો શું થાય ? જીવનના સંબંધોમાં પણ સતત ભાવનાઓનું વાવેતર કરતા રહેવું જોઈએ. એક વાર કોઈ વ્યક્તિ સાથે સંબંધ બંધાયો એટલે પૂર્ણવિરામ આવી જતું નથી; બલ્કે એ તો અલ્પવિરામ હોય છે અને એવાં અનેક અલ્પવિરામ વટાવીએ, ત્યારે અંતે પૂર્ણવિરામ આવે છે .

વ્યક્તિ જેટલી સંબંધ બાંધવા આતુર હોય છે એટલી સંબંધ નિભાવવા અને વિકસાવવા માટે જાગૃત હોતી નથી, આથી આવા સંબંધો તત્કાળ બંધાય છે અને થોડા જ સમયમાં ગ્રીષ્મની બપોરે આકાશમાંનાં વાદળો વીખરાય એ રીતે વીખરાઈ જાય છે. આનું કારણ એ છે કે સંબંધ બંધાયા પછી એમાં જે સ્નેહ, સદ્ભાવ અને સમર્પણનું સતત સિંચન થવું જોઈએ તે થતું નથી.

કેટલીક વ્યક્તિઓ સંબંધ બાંધવામાં અતિ માહેર હોય છે. જ્યાં જાય, ત્યાં ગાઢ સંબંધ બાંધીને પાછી આવે છે. એ સંબંધ થોડો સમય ટકે છે, પરંતુ આવા સંબંધના સર્જનમાં સાવધાની રાખી ન હોય તો તે દુઃખદાયી પણ બને છે. કોઈ સજ્જન સાથે સંબંધ થયો હોય તો વ્યક્તિ જીવનમાં શુભ માર્ગે પ્રગતિ કરવા પ્રયત્ન કરે છે, પરંતુ જો કોઈ વ્યસની, દુષ્ટ કે દુર્ભાવવાળી વ્યક્તિ સાથે સંબંધ થાય તો ધીરે ધીરે એની દૂષિત અસર એ વ્યક્તિ પર પણ થતી હોય છે અને અન્ય વ્યક્તિનાં દુષ્ટ કાર્યોમાં ક્યારેક સંડોવણી પણ થઈ જાય છે.

સંબંધ બાંધ્યા પછી એના ભીતરમાં ઊતરતી વખતે સાવચેત રહેવું પડે છે. આમાં ક્ષતિ થાય તો ઘણી વાર આવા સંબંધ દુઃખદાયી બોજ બની જાય છે અને પરિણામે વ્યક્તિને જીવનભર આવા સંબંધો અકળામણ આપનારા હોય છે, પરંતુ સંબંધ બંધાયો હોવાથી એમાંથી મુક્ત થવું એને માટે મુશ્કેલ હોય છે અથવા તો એ માટેની જરૂરી હિંમત એનામાં હોતી નથી. આથી પરિણામ એ એ આવે છે કે આવા સંબંધમાં ઇચ્છા વિના વ્યક્તિ ઘસડાયે જાય છે અને પોતાના જીવનને દુઃખમય બનાવતી રહે છે. આથી વ્યક્તિએ પ્રત્યેક સંબંધ વિશે ચિકિત્સા કરવી જોઈએ. જીવનમાં સ્વાર્થથી સંબંધ બાંધવા જોઈએ નહીં. કેટલીક વ્યક્તિઓ એમ માને છે કે એક ધનવાન સાથે સંબંધ રાખું છું, એનો મતલબ એ કે એણે મને પૈસા કમાવી આપવા જોઈએ. કોઈ એમ માને છે કે આ પ્રધાન સાથે સંબંધ એ માટે કેળવું છું કે એમાંથી મને સરપંચ બનવાની તક મળે. આવી અપેક્ષાથી થતા સંબંધો દુઃખદાયી અને ક્ષણજીવી હોય છે. હકીકત એ છે કે બીજા પાસે સુખની ઇચ્છાથી રાખેલા સંબંધો જ્યારે ફળદાયી બનતા નથી, ત્યારે વ્યક્તિ એની ઉપેક્ષા સેવવા લાગે છે.

હકીકતમાં તો તમારી પાસે જ તમારું સુખ સર્જવાની શક્તિ છે. તમારા સુખ માટે બીજાના સંબંધ પર નિર્ભર રહેશો નહીં. આવા પરોપજીવી અને પરાવલંબી સંબંધોમાં સ્વાર્થની દુર્ગંધ હોય છે. કોઈ મંત્રીને પૂછશો તો એ કહેશે કે મારી આસપાસ બણબણતી મધમાખીઓ જેવું લેભાગુઓનું ટોળું ફર્યા કરે છે. એ બધાની ઇચ્છા કશુંક મેળવવાની હોય છે, પણ જેવું એ વ્યક્તિનું મંત્રીપદ ચાલ્યું જાય કે આ સઘળી મધમાખીઓ પણ ઊડી જાય છે.

સાચો સંબંધ જો આવી સ્વાર્થમય ગણતરીથી બાંધ્યો હશે તો એ લાંબો સમય ટકશે નહીં. વળી આ સંબંધોમાં પણ તર અને તમ ભાવ હોવા જોઈએ. કેટલાક સંબંધો માત્ર લટકતી સલામના જ હોય છે, કેટલાક થોડો સમય મળનારા મિત્રોના હોય છે અને કેટલાક એવા હોય છે કે જે સંબંધો જીવનભર ટકતા હોય છે. ટકાઉ સંબંધો કેળવતી વખતે વ્યક્તિએ જાગૃતિ રાખવાની જરૂર છે, કારણ કે આ સંબંધો એના જીવનના રાહમાં નિર્ણાયક બનતા હોય છે. આવા સંબંધોને માટે સમય આપવો જરૂરી હોય છે. સંબંધોની દઢતાને માટે તમારે સમય ખર્ચવો પડે છે, કારણ કે એકબીજાની સાથે જેટલો સમય ગાળવામાં આવે એટલી નિકટતા સધાતી હોય છે અને પરસ્પર અનુકૂલન સર્જાતું હોય છે. પરંતુ આવા સમયે પણ ભિન્નત્વને ઓળખીને એકત્વ તરફ જવાનું હોય છે. બે વ્યક્તિઓમાં ભિન્નતા તો હોવાની જ, પરંતુ ભાવ અને લાગણીની એકતા હોય તો એ પરસ્પર જોડાઈ રહે છે.

સમાજ સૃષ્ટિ

ક્યારેક વ્યક્તિનું જીવન સંબંધોની જાળમાં એવું ગૂંચવાઈ જાય છે કે એના પર એના અઢળક સંબંધો જ પ્રભુત્વ જમાવવા લાગે છે. કેટલીક વ્યક્તિઓ માત્ર કૌટુંબિક સંબંધોમાં ગૂંથાઈ રહે છે. કેટલીક પોતાના અનેક મિત્રોમાં રચી-પચી રહે છે અને આમ સંબંધોની એક એવી જાળ પથરાઈ જાય છે કે વ્યક્તિ ખુદ એમાં અટવાઈ જાય છે. શરૂઆતમાં આવા સંબંધો એને ખૂબ ગમતા હોય છે, પરંતુ સમય જતાં ધીરે ધીરે એ સબંધો એને સમય, શક્તિ અને સંપત્તિ વેડફનારા પણ લાગે છે અને એમાં પણ જો એને સાધનાનું જીવનલક્ષ્ય પ્રાપ્ત થાય તો આવા સંબંધો સમસ્યારૂપ પણ બની રહે છે. સાંસારિક સંબંધોમાં આનંદની સાથે આઘાત આવતો હોય છે. ઈચ્છાની સાથે સ્વાર્થ આવતો હોય છે અને સ્નેહની સાથે ક્યારેક અહંકાર ડોકિયાં કરી જતો હોય છે. વિરહિણી મીરાં આને 'સંસારીનું કાચું સુખ' કહે છે.

આ બધા જ સંબંધો કરતાં વ્યક્તિનો એક મોટો સંબંધ એ પોતાની જાત સાથેનો છે. આ જાત સાથેના સંબંધને કારણે ભગવાન બુદ્ધે પત્ની, પુત્ર અને રાજ્ય છોડીને મહાભિનિષ્ક્રમણ કર્યું અને રાજકુમાર વર્ધમાન સંસાર છોડીને યોગી વર્ધમાન અને ભગવાન મહાવીર બન્યા. આપણા સંતોએ પણ સાંસારિક સંબંધોના બદલે આવા આધ્યાત્મિક સંબંધોનો મહિમા કર્યો છે. સંતકવિ દેવાનંદ સ્વામી કહે છે:

સાચું તે સગપણ રે, સમજ મન શ્યામ તણું;
બાકી સહુ જૂઠું રે, કશું નથી કામ તણું.

માત પ્રિયા, સુત, તાત ને ભગિની, સગાં, સહોદર સોય; કુળ કુટુંબ સખા ગોત્ર ને જ્ઞાતિ એમાં તારું છે નહિ કોય; સગું એ તો સર્વે રે, સુખ ને દામ તણું. અહીં પરમ સાથેના સંબંધની વાત છે અને જ્યારે યોગી કે સંત પરમ સાથે સંબંધ જોડે છે ત્યારે સંસારની સઘળી બાબતો સરી પડે છે. વ્યક્તિ સંન્યાસી થાય ત્યારે એની સૌથી નિકટ રહેલું એનું નામ પણ બદલાઈ જાય છે. આથી જીવનલક્ષ્ય ધરાવનાર પોતાની જાત સાથે સંબંધ કેળવે છે અને પછી એ જીવનલક્ષ્ય જ એના સંબંધોનું નિર્ણાયક બળ બને છે.

એ સાધક બનવા ચાહતો હશે તો સાધકો સાથે સંબંધ રાખશે અને સદ્ગુરૂની નિશ્રાનું સેવન કરશે. એ યોગી થવા ચાહતો હશે તો યોગમાર્ગે ચાલીને યોગીજનોની કૃપા મેળવવા માટે પ્રયાસ કરશે. આમ, સાંસારિક સંબંધોનો અંત આવે છે, પણ પોતાના જીવનલક્ષ્યને સહાયરૂપ એવા સંબંધોનું સર્જન થાય છે. આ જીવનલક્ષ્યને સહાયરૂપ એવા સાધકના સંબંધોમાં કોઈ બાહ્ય બાબત કારણભૂત હોતી નથી. માત્ર અંતરની સમાન મતિ અને ગતિનો સાથ હોય છે. એમને સાધના કરવાનો રંગ હોય છે અને એ રીતે સાધકવૃંદમાં જીવવાનો અનેરો આનંદ હોય છે.

જીવનમાં વ્યક્તિ સાથે ગમે તેટલો ગાઢ સંબંધ હોય તોપણ થોડીક તો ભિન્નતા રહે જ છે. એકબીજા પ્રત્યે અપાર સ્નેહ હોય તોપણ એમાં પૂર્ણતા પમાતી નથી. આવો પૂર્ણ સ્નેહ તો વ્યક્તિને પરમાત્મા પાસેથી જ પ્રાપ્ત થાય છે, આથી પૂર્ણ સ્નેહની વાંછના રાખનાર પરમાત્મા તરફ જશે અને એ જેમ જેમ પરમાત્મા તરફ ગતિ કરશે, તેમ તેમ એની જગતના સંબંધો અંગેની દૃષ્ટિ પલટાઈ જશે. એ સંબંધોનો સદંતર ઈન્કાર નહીં કરે, પરંતુ એનાથી મહાન એવા પરમ સાથેના સંબંધ પ્રત્યે વધુ આદર પ્રગટ કરતો રહેશે. વ્યવહારના સંબંધોમાં તો વ્યક્તિ સામે હતી. એની સાથે રહેવાનું બનતું હતું. એ ભેટ પણ લાવતી હતી અને આમ બધું ચાલતું હતું.

પરમાત્મા સાથેનો સંબંધ બંધાશે એટલે ભેટ આપવાનું ચાલુ રહેશે. પરમાત્મા સાક્ષાત્ સામે નહીં હોય તોપણ વ્યક્તિ પોતાની નિર્બળતાની ભેટ આપતી રહેશે અને ધીરે ધીરે સાંસારિક સંબંધોનું આકર્ષણ ઓછું થતું જાય છે. પિતા એ પિતા રહે છે, માતા એ માતા રહે છે, પરંતુ એની સાથોસાથ એની ગતિ પ્રભુ તરફ ચાલે છે. આ એક એવો સંબંધ છે કે જ્યાં સામે પરમાત્મા દેખાતો નથી, એ ક્યારે પ્રાપ્ત થશે એનો પણ ખ્યાલ હોતો નથી અને તેમ છતાં વ્યક્તિ એ માર્ગે સ્નેહ અને સમર્પણથી ચાલવા લાગે છે અને એથીય વિશેષ એ પ્રકારે જીવવા લાગે છે. સંસારના સંબંધોમાં વ્યક્તિને મળવાની તીવ્રતા રહે છે.

પ્રિયતમા પ્રિયતમને મળવા માટે માતા પુત્રને મળવા માટે કે મિત્ર મિત્રને મળવા માટે અતિ આતુર હોય છે, જ્યારે અહીં સામે પરમાત્મા હોતા નથી તેમ છતાં સાધક એને પામવા માટે અતિ ઉત્સુક હોય છે. એના સંદર્ભમાં સંબંધોનાં સઘળાં સમીકરણો ફરી જાય છે.

સમાજ સૃષ્ટિ

પ્રફુલ્લ કાનાબાર
સુપ્રસિદ્ધ લેખક, નવલિકાઓ, નવલકથા, લઘુનવલકથાના સર્જક, અનેક માન-સનમાન અને એવોર્ડથી વિભૂષિત છે.

જિંદગી કે સફરમે ગુઝર જાતે હૈ જો મકામ..
વોહ ફિર નહિ આતે....

આપણે જીવનમાં મળતી દરેક ક્ષણને માણીએ કે ન માણીએ, જીવન તો વહેતી નદીની જેમ ખળખળ વહેતું જ રહેવાનુ છે! આપણે બારમુ ધોરણ પાસ કરીને સ્કૂલ છોડીને કોલેજમાં આવીએ ત્યારે સ્કૂલની સાથે સ્કૂલના મિત્રો છૂટતા જાય છે. નોકરી કે વ્યવસાયમાં લાગીએ એટલે અન્ય મિત્રો ઉમેરાતાં જાય ..અને આ સિલસિલો વર્ષો સુધી ચાલુ રહેતો હોય છે.

વાસ્તવમાં જીવન એક યાત્રા છે. જન્મથી શરુ થઇને મૃત્યુ સુધીની યાત્રા. વીતી ગયેલી દરેક ક્ષણ જીવનમાં ફરીથી ક્યારેય આવતી નથી. આવતી કાલે મારી પાસે વધારે સમય હશે એ જીવનની સૌથી મોટી ભ્રમણા છે. પૃથ્વી પર રહેતાં એક પણ માણસને ખુદનું આયુષ્ય કેટલું છે એની જાણ હોતી નથી. બિછાનો પાથરવાનો સમય થાય એ પહેલાં તો મોટાભાગના લોકોની જીવનલીલા સંકેલાઈ જતી હોય છે! સ્વામી વિવેકાનંદનું આયુષ્ય માત્ર ૩૯ વર્ષનું જ હતું પણ એટલી ટૂંકી જિંદગીમાં તેઓ જગતને જે આપી ગયા છે એના માટે ચાર પાંચ અવતાર પણ ઓછા પડે.

આપણે ફલાઈટમાં મુસાફરી કરતી વખતે સેલફોનને એરોપ્લેન મોડમાં મૂકી દેતા હોઈએ છીએ. જેઓ સતત પ્રવૃત્તિમય રહેતા હોય એમણે જીવનને પણ થોડીક વાર માટે આરામના મોડમાં મુકવું જ જોઈએ. એમ કરવાથી અલ્ટીમેટલી એમની ઉર્જામાં વધારો થતો હોય છે! એનાથી ઉલટું જેઓ ચોવીસ કલાક આરામના જ મોડમાં રહેતા હોય છે, એમણે નાની અમથી પણ કાંઈક તો પ્રવૃત્તિ કરવી જ જોઈએ. ઘણાને પ્રોપર્ટીના ભાડાની બેઠી આવક હોય છે (એમાં કાંઈ જ ખોટું નથી). એવી વ્યક્તિ પણ એને પસંદ પડે તેવું નાનુ અમથું સેવાનું કાર્ય તો કરી જ શકે છે. દરેક કાર્યને પૈસાથી તોલવા બેસનાર વ્યક્તિ કોઈકની દુઆ મળતી હોય એવું કાર્ય કરવાનું ચૂકી જતી હોય છે. આપણે નાનું કે મોટું જે કર્મ કરીએ, એ ઈશ્વરને અર્પણ કરવાની ભાવનાથી કરીએ તો એ કર્મ યજ્ઞ બની જાય છે. બસ, એ જ સાચો કર્મયોગ છે!

બેન્જામીન ફ્રેંકલીનનું એક જાણીતું ક્વોટ છે.. જ્યારે તમે બીજાઓ માટે સારા બનો છો, ત્યારે ખુદને માટે શ્રેષ્ઠ બની જાઓ છો! હું એવા અનેક લોકોને ઓળખું છું, જેમની જિંદગી જીવવાની સાચી શરૂઆત જ સાઠ પછી થઈ છે. એક વાત હમેશાં યાદ રાખવા જેવી છે...વર્ષો વધતાંની સાથે ઉંમર નથી વધતી પણ જિંદગીને ભરપુર જીવી લેવાની ઈચ્છાઓ ઘટતી જાય ત્યારે ઉંમર વધે છે!

એક વાર બુદ્ધ પાસે એક વૃદ્ધ ભિક્ષુ આવ્યો.

બુદ્ધે પૂછ્યું "તમારી ઉંમર કેટલી?"

પેલાએ કહ્યું "પાંચ વર્ષ".

બુદ્ધ કહે "તમારી ઉંમર તો સીતેરથી પણ વધારે લાગે છે".

વૃદ્ધ કહે "છેલ્લા પાંચ વર્ષથી જ સાચું જીવન જીવાયું છે. હવે જ ચિત્ત શાંત થયું છે આ જ કારણસર આગલાં સીતેર વર્ષને ગણતરીમાં લીધા નથી". માણસ કેટલું જીવ્યો એના કરતાં કેવું જીવ્યો એ જ મહત્વનું છે. ધારોકે, આપણે અમદાવાદથી ટ્રેનમાં બેસીને મુંબઈ જવા માટે નીકળીએ છીએ. આપણી આસપાસ બેઠેલા સહયાત્રીઓમાંથી કોઈક સુરત ઉતરી જાય છે, તો કોઈક વલસાડ. એ યાત્રીઓ સાથે આપણો નવો જ પરિચય થાય છે જેને કારણે આપણી યાત્રા પણ સુખદ બને છે. આપણે સુરત પહોંચ્યા કે વલસાડ એ મહત્વનું નથી પરંતુ આપણી ત્યાં સુધીની સફર આનંદદાયક છે કે કેમ, એ મહત્વનું છે. આપણુ નિર્ધારિત સ્થળ મુંબઈ આવે ત્યારે આપણે ટ્રેનમાંથી કેટલા સુખદ અનુભવ સાથે અને કેટલા આનંદ સાથે ઉતરીએ છીએ એ સૌથી વધારે મહત્વનું છે. મુંબઈ ઉતરતી વખતે આપણે આપણો સામાન ચેક કરીએ છીએ કે કાંઈ રહી તો નથી ગયું ને? કદાચ આપણને જેની સાથે સૌથી વધારે લગાવ હોય એવો રૂમાલ કે મફલર રહી જાય તો દુઃખ થાય છે. બસ, જીવનનું પણ આવું જ છે. જીવનના અંતિમ પડાવ પર પહોંચતાં સુધીમાં જો આપણી અંદરના પ્રેમ, કરુણા અને પરોપકારની ભાવના જ છૂટી ગયા હોય, તો એનાથી મોટું દુઃખ એક પણ નથી. ખરેખર તો વધતી ઉંમરની સાથે એ ભાવનામાં ઉત્તરોત્તર વધારો થાય તો જીવન ખરેખર સાર્થક થઈ જાય.

આજનો વર્તમાનકાળ એ આવતીકાલનો ભૂતકાળ છે.ગીતકાર સંતોષ આનંદ એક ગીતમાં લખે છે...સમય કી ધારામે ઉંમર બહ જાની હૈ ...એકદમ સનાતન સત્ય!

વીતી ગયેલો કે છૂટી ગયેલો સમય જીવનમાં ક્યારેય પરત આવતો નથી, એ વાત અદ્ભુત રીતે સમજાવતાં ગીતકાર આનંદ બક્ષી કહે છે ..**જિંદગી કે સફરમેં ગુઝર જાતે હૈ જો મકામ વોહ ફિર નહિ આતે..આ શબ્દો પૃથ્વી પર રહેતી દરેક વ્યક્તિને લાગુ પડે છે!** ■

મો. ૯૯૨૫૬ ૬૫૬૦૫

સમાજ સૃષ્ટિ

ડૉ. ભાવેશ જેતપરિયા
લેખક, સંશોધક, સંપાદક, અધ્યાપક,
સભાસંચાલક અને પ્રવક્તા
(પૂર્વ પ્રોફેસર જે. એ. પટેલ મહિલા કોલેજ - મોરબી)

માણસ માટે સાચું સુખ મેળવવું કઠીન છે

આજનો યુગ ગતિનો છે. આપણા હાથમાં મોબાઈલ છે, સ્ક્રીન પર નોટિફિકેશનની ઘંટડી સત વાગતી રહે છે, અને રાતે બે વાગ્યે પણ મનમાં કાલની મીટિંગ, પેન્ડિંગ મેલ અને અનસેન્ટ મેસેજ ચાલતા રહે છે. મંદિરની ઘંટડીનો અવાજ મેટ્રોના ઘસરકા અને ટ્રાફિકના હોર્નમાં ખોવાઈ જાય છે. છતાં આપણા અંદર એક જ પ્રશ્ન બાકી રહે છે – શાંતિ ક્યાં છે? પહેલાં લોકો એ શાંતિ શોધવા હિમાલયની ગુફામાં જતા હતા, મહિનાઓ સુધી મૌન ધારણ કરતા હતા. આજે એ શાંતિ ત્યારે મળે છે જ્યારે આપણે સિગ્નલની રાહ જોતાં એક ક્ષણ માટે રોકાઈને ઊંડો શ્વાસ લઈએ, અને બહારનો કોલાહલ બંધ કરીને અંદરની ધબકાર સાંભળીએ. એ ક્ષણ નાની છે, પણ એમાં આખો બ્રહ્માંડ સમાઈ જાય છે.

આધુનિક અધ્યાત્મનો અર્થ ભાગવું નથી. જૂના સમયમાં સાધુ સંસાર છોડીને જંગલમાં જતા હતા. આજે સાચું સાધન એ છે કે આપણે ભીડની વચ્ચે ઊભા રહીને પણ પોતાને ન ખોઈ બેસીએ. ઓફિસની મીટિંગમાં પણ જો આપણે સાંભળીએ, સમજીએ, અને બોલતા પહેલાં વિચારીએ, તો એ જ ધ્યાન છે. લેપટોપ બંધ કર્યા પછી પણ જે મૌન બચે છે, એ જ સાચું ધ્યાન છે. એ મૌનમાં જ આપણને ખબર પડે છે કે આપણે કોણ છીએ, કેમ થાકીએ છીએ, અને ખરેખર ક્યાં જઈ રહ્યા છીએ. બહારની સફળતા આપણને દોડાવે છે, પણ અંદરનું મૌન આપણને દિશા આપે છે.

આપણે ઈષ્ટદેવને ભૂલ્યા નથી, પણ ઓફિસના કેલેન્ડરમાં એને ફિટ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. સવારે પાંચ મિનિટની પ્રાર્થના પૂરી કરીને તરત જ ઈનબોક્સ ખોલીએ છીએ. કૃષ્ણની વાંસળી હજી વાગે છે, પણ એ અવાજ ઈયરફોનના બાસ, વ્હોટ્સએપના વોઈસ નોટ અને મેટ્રોના અવાજમાં દબાઈ જાય છે. અધ્યાત્મ આજે સંસાર ત્યાગવાનું નામ નથી. અધ્યાત્મ એ છે કે સંસારમાં રહીને પણ આપણે લોભ, અભિમાન અને ભયને ધીમે ધીમે ઓળખીએ અને છોડીએ. ઈ-મેઈલનો જવાબ આપતી વખતે પણ જો આપણો સ્વર કોમળ રહે, તો એ જ કરુણા છે. કોઈની ભૂલ પર તરત ટિપ્પણી કરવાને બદલે જો આપણે એક ક્ષણ રોકાઈએ, તો એ જ તપ છે. કારણ કે આજના યુગમાં ધીરજ રાખવી એ સૌથી મોટી સાધના છે.

આધુનિક માણસ માટે ધર્મ એ નથી કે તેણે વર્ષમાં કેટલા ઉપવાસ કર્યા, કેટલા તીર્થ કર્યા, કે કેટલી માળા ફેરવી. ધર્મ એ છે કે તેણે કેટલી વાર બીજાનાં દુખમાં પોતાને ભાગીદાર બનાવ્યો. જ્યારે આપણે કોઈના લાંબા મેસેજનો જવાબ ધીરજથી આપીએ છીએ, જ્યારે આપણે જાહેરમાં પોતાની ભૂલ કબૂલીએ છીએ, જ્યારે આપણે સફળતાનો શ્રેય એકલા ન લેતાં ટીમને આપીએ છીએ, ત્યારે આપણે બુદ્ધની કરુણાની નજીક પહોંચીએ છીએ. સત્ય એ છે કે ઈશ્વર હવે બહાર નથી. એ આપણી સ્ક્રીનની પેલી બાજુ નથી, ને ન તો કોઈ દૂરનાં આકાશમાં છે. એ આપણી છાતીની અંદર ધબકે છે. જે ક્ષણે આપણે નકલી હસવું બંધ કરીએ છીએ, અને સાચું મૌન ધારણ કરીએ છીએ, એ જ ક્ષણે અધ્યાત્મ શરૂ થાય છે.

આ યુગમાં જ્ઞાન ગૂગલ પર એક ક્લીકે મળી જાય છે. આપણે કોઈ પણ શ્લોક, કોઈ પણ દાર્શનિક વાત સેકન્ડમાં વાંચી શકીએ છીએ. પણ સમજણ હજી પણ મૌનમાં જ મળે છે. વાંચેલું ત્યારે જીવન બને છે જ્યારે એ આપણી દિનચર્યામાં ઊતરે છે. તેથી ક્યારેક વાઈ-ફાઈ બંધ કરીએ. સોશિયલ મીડિયાનો અવાજ શાંત કરીએ. અને અંદરનું નેટવર્ક ચાલુ કરીએ. ત્યાં આપણને મળશે એ અખંડ દીવો, જે ક્યારેય હવા વગર પણ ઓલવાતો નથી. એ દીવો જ આપણને કહેશે કે સફળતા અને શાંતિ એક સાથે જીવી શકાય છે, જો આપણે બહારની દુનિયામાં કામ કરતાં કરતાં અંદરની દુનિયાને પણ જીવતા રાખીએ.

આધુનિક અધ્યાત્મ એટલે સંતુલન. ન તો દુનિયાથી ભાગવું, ન તો દુનિયામાં ખોવાઈ જવું. કામ કરીએ, પણ કામ આપણને ન ચલાવે. સંબંધ નિભાવીએ, પણ સંબંધમાં આપણે પોતાને ન ગુમાવીએ. જ્યારે આપણે આ સંતુલન સાધીએ છીએ, ત્યારે જ આપણને ખબર પડે છે કે શાંતિ કોઈ સ્થળ નથી, એ એક સ્થિતિ છે. અને એ સ્થિતિ આપણી અંદર જ છે, ફક્ત એને યાદ કરવાની જરૂર છે. જ્યાં તું છે, ત્યાં આપણે બધા જોડાઈએ અને એ જોડાણમાં સાચો આધ્યાત્મ જીવંત થાય. ■

મો. ૯૮૭૯૮ ૩૫૭૧૭

સમાજ સૃષ્ટિ

ડો. જયેશ વાછાણી
સુપ્રસિદ્ધ લેખક, દિવ્ય ભાસ્કર કોલમિસ્ટ, 'ઉમિયા પરિવાર'ના તંત્રી
મોટીવેશનલ સ્પીકર, એજ્યુકેશનિસ્ટ, બિલ્ડર્સ, એન્જલ ઈન્વેસ્ટર

રાખો ચાવી આપણા સુખની, આપણા હાથમાં; હંમેશા.

સાંજ આથમે તો નવી સવાર ઉગે, વૃંદાવન છોડે એ નવી દ્વારકા રચે. વીતી જાય એનો આભાર, નવું આવે એને આવકાર. કશુંક જશે તો નવું જડશે. બારી બંધ થશે તો બારણું ખુલશે. નવો દિવસ, સારો સમય, અલગ અનુભવો, નવા સંબંધો મળશે.

ટાઈમ ફ્લાઈસ, બસ આપણે તો એને સાક્ષી બની જાણતા માણતા રહેવાનો. એક જ, આમ જ, કે એ જ, એકસરખું ને એવું જ ના પણ રહે; અહી તો નાનું મોટું, સારું ખોટું, જૂનું નવું, આવતું ને જતું રહે!

આપણે તો બસ એ બહુ બધું; જાતે જાતે, જોતા જોતા, બસ જીવતા રહેવાનું. પ્રશ્નો ને' સમસ્યા તો આવશે, પણ એ'ય પસાર થશે જ. સુખ ને' દુખ પણ અનુભવાશે, પણ એ'ય વીતી જશે. દવાની કડવી ગોળીની જેમ, ભૂલવા જેવું તરત ગળેથી ઉતારી, યાદ રાખવા જેવું સરસ, પેલી મિઠ્ઠી પીપરની જેમ ચગળવાનું. સુખદ સ્મરણો અને બહેતરીન અનુભવોને વધારતા રહી, બસ, જીવંત રહેવાનું. થાય ક્યારેક, ભાગી છૂટવાનું મન. ને' થાક'ય લાગે મહોરાં વચ્ચે જીવવાનો. છોડવાનું ને છૂટવાનું, મૂકવાનું ને ભૂલવાનું. આ બધું આમ જ ચાલવાનું, કોઈના હોવા – ન હોવાથી, ક્યાં કશું અટકવાનું! કોઈને દુખી ન કરવાનું હંમેશા યાદ રાખવાનું પણ સૌને ખુશ રાખવા જાતે દુખી નહીં જ થવાનું.

ઘટનાઓ ઘણું કહી જાય; અનુભવ ઘણું સમજાવી જાય. દિવસો, મહિનાઓ, વર્ષો બદલાય એમ માણસ પણ બદલાય! અનુભવની સાથે આત્મચિંતન કરીએ તો ઘણા ઓળખાય જાય.

કાંચિડાની સાથે હરીફાઈ કરતા હોય એમ ઘણાં જરૂરિયાત મુજબ રંગ બદલે! જ્યાં લાભ દેખાય ત્યાં 'કેમ છો' કરે અને જેની જરૂરિયાત પૂરી થાય તેને 'કોણ છો' કહે! પૈસા, નામ કે સત્તા હોય એને હરખપદુડા થઈ મોટા કરે અને કોઈ નહોતું ત્યારે સાથે રહયાં હોય એને 'ટેકન ફોર ગ્રાન્ટેડ' લે! એ ના હોય ત્યારે એનું બેફામ વાંટતા હોય, એને જ, સૌની હાજરીમાં હીંચકા નાખે! જેને રાખ્યું હોય એનું રાખવામાં એ મીંડું, વાપરી લેવામાં અવ્વલ પણ વે'વારમાં શૂન્ય! આવા લોકોનું તમે ગમે તેટલું રાખશો એ તમારા માટે ક્યારેય

છલકાશે નહીં. કારણ એમના દિલમાં તિરાડ હશે, જ્યાંથી તમારી બધી લાગણી ઢોળાઈ જશે!

હાં જો યાદ આવ્યું, આવા લોકોને ઓળખવા મલયાલમ મૂવી 'આટ્ટમ' જોજો. 'આટ્ટમ' નો મતલબ થાય નાટક. મૂવીમાં એક નાટક મંડળીની વાત છે. મંડળીમાં બારેક પુરુષો અને એક સ્ત્રી કલાકાર અંજલિ છે. બધા એકવાર ફરવા જાય છે ત્યાંથી મંડળીમાં નવો નવો એડ થયેલો હરી, અચાનક ભાગી જાય છે. અંજલિ એવું કહે છે કે હરિએ એમને રાત્રે અટકચાળો કરેલો. બાકીના બધા ભેગા થઈ, આ બાબતે પોતપોતાનો અભિપ્રાય આપે છે. ઈગો, ઈર્ષા, સ્વાર્થ, લોભ, લાલચ, સ્પર્ધા, સરખામણીથી માણસનું વર્તન, વાતચીત, વ્યવહાર કેટકેટલું બદલાતું હોય એનો અરીસો આ મૂવી છે.

એકલાં કંઈક કહે ને બધા હોય ત્યારે બીજું. એક ને બીજાંની વાત કરે ને બીજાને પેલાની. એકને સ્વાર્થથી ભેગો રાખે તો બીજાને ઈર્ષાથી દૂર. લાભ માટે કે એકબીજાને પાડી દેવા ઘણાખરા ખોટું બોલવા પણ તૈયાર થઈ જાય છે. ખુદ અંજલિનું તેમજ એના પ્રેમીનું સ્ટેટમેન્ટ પણ આમથી તેમ બદલાતું રહે છે. બધાની મેલી મુરાદ એક યા બીજી રીતે બહાર આવે છે. બધાનો દંભ દેખાય જાય છે.

છેલ્લે, કોને અટકચાળો કરેલો એની ખબર પડે છે ત્યારે અંજલિ એનું નામ પણ જાણવા નથી ઈચ્છતી કારણ સૌ ઓળખાય ગયા હોય છે!

પરિવાર, પાડોશ, ગ્રુપ કે સમાજમાં નજર નાખશો તો આવી ઘણી જીવતીજાગતી નાટકકંપની દેખાશે, જે પોતાની જરૂરિયાત મુજબનો રોલ ભજવતા-બદલાતા હશે! અનુભવ થશે ત્યારે એ

સમાજ સૃષ્ટિ

ઓળખાશે. સૌને ઓળખાણ વધારવી છે પણ કોઈને ઓળખાય જવું નથી! આવાવોથી બચવું થોડું અઘરું છે પણ એકવાર ઓળખાય જાય પછી, એમની વચ્ચે રહીને પણ આપણે જ સમજવું પડે. એમના નાટકવેડા જોઈ, મૂછમાં હસી, સાક્ષીભાવે, એમને દૂરથી જ સલામ કરી, આગળ નીકળી જવામાં માલ છે. મોટેભાગે આપણે દુખી તો બીજાથી જ થઈએ છીએ એનો મતલબ એવો કે આપણે આપણા મૂડ મસ્તી મજાની ચાવી તો બીજાને આપી દીધી છે!

લઈ લો પાછી એ ચાવી અને રહો એવા ટોક્સિક લોકોથી દૂર. એનું તમે ગમે તેટલું રાખશો, એમને મન તો હશે બધા સરખા! તમારી પ્રગતિ કે પ્રસિધ્ધિ એમનાથી સહન જ નહીં થાય, એમના સારા માટે પણ; તમારી આવડતનો ઉપયોગ કરતાં એ અચકાશે કારણ, એવું કરવાથી તો તમારું નામ થશે, તમે કર્યું ગણાશે ને' એ તો એને પચે જ ક્યાંથી! પોતાનું નબળું થવા દેશે પણ તમને મોટા નહીં કરે! અને બીજાને મોટા કરી તમને નાના કરવાના એ તમામ કાવતરા કરશે! એનું કોઈ નહોતું ત્યારે એની ઓળખાણ બીજાને તમે કરાવેલી એ ભૂલી જઈ; થડને અવગણી, ડાયરેક્ટ ડાળીઓ સાથે એ વધારશે. બીજાને સારું લગાડવા એ તમને ખોટું લગાડશે! પણ આવાઓથી ખોટું લગાડી, જાતે દુખી ન થવાય. એમના માટે બોલાય મનોમન એક મંત્ર - ૐ ઇગ્નોરાય નમઃ - એમને ગણકારાય જ નહીં.

ડોન્ટ હેટ, જસ્ટ ઇગ્નોર. અને હવે, આવા ટોક્સિક પીપલથી અંતર જાળવી બચેલા સમયમાં; ઉપાડો વાંચવા, ઉમાસૃષ્ટિ કે કોઈક પુસ્તક; જોઈ નાખો, સોફા પર આડા પડી એકાદ મૂવી કે સિરિજ; મારી આવો આટો, ડેમના બંધારે કે રેસકોર્સની પાળીએ; ઉપડી જાવ જમવા, સરસ રેસ્ટોરન્ટમાં કે બનાવો ગમતી ડિશ જાતે કિચનમાં; કરો મદદ, સિવિલે જઈ અજાણ્યાં પેશન્ટની કે ભણાવો સ્લમના કોઈ જરૂરિયાતમંદને; રહો ફેમિલી સાથે, સંતાનના ડાન્સ ફંક્શનમાં જઈ મારો સીટી કે માબાપ સાથે વળગો વાતે; જોડાઈ જાવ, કોઈ સામાજિક પ્રવૃતિમાં; નામના મોહ વગર બસ સંતોષ ખાતર. કરો આનંદ જાતે, જાત સાથે; જાત માટે અને રાખો ચાવી આપણા સુખની, આપણા હાથમાં; હંમેશા.

વ્હાલ હોય ત્યાં બધા સરખા ન હોય ને' ખાસ હોય ત્યાં વ્યવહારની વાતું ના હોય. ખેંચાઈને વ્યવહાર રાખવા તૂટી નહીં જવાનું ને' ખાસ માટે ઘસાઈને ઉજળા થવાનું. કોઈ શું કહેશે ને' કોઈને શું લાગશે એમાં બહુ બધું નહીં પડવાનું, રાખ્યું હોય એનું છડેચોક રાખવાનું, ને' સ્વાર્થીઓને આઘેથી રામરામ કરવાના. સારા કર્મો જમા કરતાં રહેવાના, રાખ્યું હોય ત્યાંથી નહીં તો બીજેથી, બીજી રીતે, ફળ મળશે જરૂર. માણતા ને' મજા કરતાં કરતાં, સૌને સિધ્ધી સમૃદ્ધિની સરપ્રાઈજ આપતા આપતા, બસ મસ્ત જીવવાનું. દેખાડી દેવાનો કે બદલો લેવાનો સમય જ ક્યા છે ! એ કામ તો સમયને જ સોંપી દેવાનું. સમય જ દેખાડી દેશે એને, અને લઈ લેશે એનો બદલો એની રીતે. આપણે તો બસ, જમાવટથી જીવવાનું. રાજેન્દ્ર શુક્લ યાદ આવે, 'અહી પહોંચ્યા પછી એટલું સમજાય છે; કોઈ કશું કરતું નથી, આ બધું તો થાય છે.' વિચારજો. ■

મો. ૯૪૨૮૯ ०૬૪૩૧

કાવ્યાયન

' મિત્ર '

ગાંડાઘેલા એના પ્રશ્નો જવાબ જેના ન જડે,

અજબગજબની એની વાતો પેટ પકડી હસાવે,

પડું જો હું કોઈ ચિંતામાં; આપ ઉકેલ સુઝાડે,

એવું નથી કે એ છે મોજમાં; સૌને મનમોજ કરાવે,

દોસ્ત, યાદ, ભેરુ, બંધુ નામ જડ્યા ન જડે,

'મિત્ર' કહી સાદ પાડું ત્યાં તો; પટ પડખે આવે.

જીંદગી

પા પા પગલી કરતાં ચાલી,

ડગમગ ડગલાં ભરતી;

ઊંચી નીચી, આડીઅવડી,

ચઢે પડે ને ઊભી થાતી;

ટકમક આંખે દૂર થી ભાળી,

બોલાવું તો નાઠી જાતી;

ટચૂકડી, ટિંચૂકડી છે ભારે તોફાની,

"જિંદગી !" કહ્યું કેમ નથી માનતી?

- અલ્પા શાહ

સમાજ સૃષ્ટિ

હરજીવન રંગપરિયા
લેખકના સામાજિક, ચિંતનાત્મક તથા જનસાધારણની મનોવ્યથાને વાચા આપતા લેખો વિભિન્ન સામયિકોમાં નિયમિત પ્રકાશિત થાય છે

જીવનમાં સકારાત્મકતાનું મહત્વ

આપણે ઘણી વખત વાતચીતમાં સકારાત્મકતા અને નકારાત્મકતા વિશે ચર્ચા કરતાં હોઈએ છીએ. મોટીવેશનલ સ્પીકર્સ સકારાત્મક બનવાં માટે જાતજાતની ટેકનિક્સ શીખવવાં પેઈડ સેમિનારનું આયોજન કરતાં હોય છે . લોકો પણ ફી ચૂકવણી આવા સેમિનાર્સમાં જાય છે.

જીવનમાં સકારાત્મકતાનું આટલું મહત્વ જોતાં આ સકારાત્મકતા શું છે તે વિશે આપણે જાણવું જરુરી છે. સકારાત્મક થિંકિંગને આપણે આ રીતે સમજાવી શકીએ: “આપણાં જીવનમાં બધું શ્રેષ્ઠ કે ઈચ્છિત હોય તે નહીં, પરંતુ આપણી સાથે જે બને , તે શ્રેષ્ઠ અને યોગ્ય જ છે, તેવું સ્વીકારવું.” “હું જે ઈચ્છું કે મને જે ગમે તે મળી જાય તો સારી વાત છે, ને ન મળે તો પણ મને સ્વીકાર્ય છે તેવો હકારાત્મક અભિગમ રાખવો. ને મને તે વિષે કશી ફરિયાદ નથી” તેવું દ્રઢતાપૂર્વક માનવું.આવી સકારાત્મક વિચારધારા વ્યક્તિને જીવનમાં રચનાત્મક અને સર્જનાત્મક કાર્યો કરવા પ્રેરણા આપે છે. સકારાત્મક વિચારસરણી વ્યક્તિને પોતાનાં વિશે ફક્ત સારું સારું વિચારવાનું શીખવાડે છે, તેવું નથી, પરંતુ જે પણ કાર્યો કરવાનાં આવે તેને શ્રેષ્ઠ રીતે કરવાં પ્રેરણા આપે છે. આથી, વ્યક્તિમાં કાર્યો કરવાનાં અભિગમમાં જરૂરી ફેરફાર થાય છે.

આવી વ્યક્તિનો અભિગમ ફક્ત અવૈજ્ઞાનિક બાબતો , પોતાનાં પૂર્વગ્રહ કે ગમા અણગમા પર નહીં , પરંતુ હકીકતો, પુરાવા તથા તર્ક ઉપર આધારિત હોય છે. આવી વ્યક્તિ સારી રીતે સમજે છે કે, પોતાના સમય તથા સંજોગો હંમેશાં પોતાની તરફેણમાં કે સાનુકૂળ ન હોઈ તેવું બની શકે. ન ધારેલું પણ બની શકે છે. તેઓ નિષ્ફળ વ્યક્તિની જેમ સફળતા માટે ફક્ત દિવાસ્વપ્નો જોતાં નથી . પરંતુ, તે માટે પ્લાનિંગ, પૂરતા પ્રયત્નો તથા હિંમતપૂર્વક સમયસર જરુરી નિર્ણયો લે છે. આમ, તેનો અભિગમ વ્યવહારિક તથા વાસ્તવિક હોય છે. તેઓ જીવનનાં સત્યને હિંમત તથા દ્રઢતાથી સ્વીકારી શકે છે.

સકારાત્મક વ્યક્તિ નિષ્ફળતા મળતાં નાસીપાસ થવાને બદલે મળેલાં પરિણામને કોઈપણ જાતની ફરિયાદ વગર તથા બીજાંને દોષ દીધાં વગર સ્વીકારે છે. પરિસ્થિતિનું યોગ્ય મૂલ્યાંકન કરી, કરેલી ભૂલોમાંથી શીખે છે, તથા ભવિષ્ય માટે પોતાની જાતને વધુ સક્ષમ બનાવે છે. હિંમત તથા વિશ્વાસથી ભરપૂર હોવાથી, બીજી તક મળે ત્યાં સુધી ધીરજપૂર્વક રાહ જોઈ શકે છે. તેઓ દીર્ઘદ્રષ્ટા હોય છે. વિપરીત પરિસ્થિતિનો હિંમત તથા કોઈપણ જાતનો ભય રાખ્યા વગર સામનો કરી શકે છે. તેઓ ક્યારેય પોતાની જાતને નબળી ગણતાં નથી, પરંતુ જાતને સંપૂર્ણ પ્રેમ કરી પોતાની ક્ષમતાને ઓળખે છે ને જાતને વધુ સક્ષમ બનાવી સફળતા માટે પ્રયત્નો કરે છે. તેઓ પોતાની પાસેના સંસાધનોનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરી શકે છે. તેઓ જીવનમાં આગળ વધવાનો અભિગમ ધરાવે છે. તેથી , ભૂતકાળની ભૂલોને વાગોળ્યા વગર તથા ભવિષ્યની કાલ્પનિક ચિંતાઓ કર્યા વગર , વર્તમાનની ક્ષણોનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવાં પ્રયત્નો કરે છે.

જ્યારે નકારાત્મક વ્યક્તિ નિષ્ફળતા મળતાં ભાંગી પડે છે. પરિણામને સ્વીકારવાને બદલે, પરિસ્થિતિ તથા અન્ય વ્યક્તિઓને દોષ દે છે. તેઓ નિર્બળ તથા આત્મવિશ્વાસ વગરના હોવાથી નિષ્ફળતામાંથી બહાર નીકળવાનું દ્રઢ મનોબળ ધરાવતાં નથી. તેઓ સર્વસ્વ ગુમાવી દીધાની લાગણીથી ઘેરાઈ માનસિક રીતે ભાંગી પડે છે. સકારાત્મક લોકો બરાબર જાણે છે કે, સફળતાનો માર્ગ આસાન હોતો નથી. તેમાં નિષ્ફળતા , અપયશ તથા અનેક અનપેક્ષિત વળાંકો આવવા સ્વાભાવિક છે. તેથી આવાં લોકો અનિચ્છનીય તથા

સમાજ સૃષ્ટિ

નિષ્ફળતાના બનાવો બનતા, 'આ કઠિન સમય પણ એક દિવસ જતો રહેશે', તેવું વિચારી આવેલી મુસીબતમાંથી જલ્દી સાંગોપાંગ બહાર નીકળી શકે છે.

સકારાત્મક વ્યક્તિ જીવનનાં મૂલ્યોને સમજે છે. તેથી ઈર્ષ્યા, અદેખાઈ, વેરવૃત્તિ , નિંદા તથા નફરત જેવી નકારાત્મક લાગણીઓથી દૂર રહે છે. અન્યની સફળતાથી બળવાને બદલે, તેઓ પોતાનાથી વધુ સક્ષમ વ્યક્તિઓ પાસેથી પ્રેરણા લઈ, પોતાના જીવનનું ઘડતર કરે છે. તેઓ કોઈની ઈર્ષ્યા કરવાને બદલે તથા અપમાનિત થયાની લાગણી રાખવાને બદલે, પોતાના સંપર્કમાં આવનાર વ્યક્તિનું "ટોટાલીટી"માં મૂલ્યાંકન કરી, તેઓને "જેવાં છે તેવાં" સ્વીકારી શકે છે. તેઓનાં બધાં સાથેનાં સંબંધો ઉષ્માભર્યા તથા લાગણીસભર હોય છે . તેઓને ભાગ્યે જ દુશ્મન હોય છે. તેથી, સમાજ, કુટુંબ તથા પોતાનાં ગ્રુપમાં સહજ સ્વીકાર્ય હોય છે.

સકારાત્મક વ્યક્તિ ઉત્સાહ, ઉમંગ તથા આત્મવિશ્વાસથી ભરેલ હોવાથી, કોઈપણ કામની શરૂઆત કરતા પહેલાં, "આ કામ હું આસાનીથી તથા સફળ રીતે કરી શકીશ" તેવું વિચારી, યોગ્ય પ્લાનિંગ તથા પૂરતા પ્રયત્નો દ્વારા કામને સફળતાપૂર્વક પૂર્ણ કરી શકવાની શક્તિ ધરાવે છે. જ્યારે નકારાત્મક વ્યક્તિ કામની શરૂઆતમાં જ, "આવી પડનારી મુસીબતોનો" વિચાર કરી કાલ્પનિક ભય અનુભવે છે. "કામ અઘરું છે, મારાથી થઈ નહીં શકે, નાહકના ફસાઈ જઈશું," જેવા નકારાત્મક વિચારો કરી, કામ શરૂ કરતાં પહેલાં જ અડધી લડાઈ હારી જાય છે. આવી વિચારસરણીને લીધે તેઓને સામાન્ય કામ પણ મુશ્કેલ લાગે છે. આવા નકારાત્મક અભિગમના લીધે તેઓ સફળ થતા નથી અથવા વાંછિત પરિણામ મેળવી શકતાં નથી.

સકારાત્મક વ્યક્તિ પાસે દરેક સમસ્યાનું સમાધાન હોય છે. સમસ્યા આવતાં તેઓ નથી નાસીપાસ થતાં કે નથી ગભરાઈ જતાં . તેઓનું વ્યક્તિત્વ પરિવર્તનશીલ તથા સમાધાનકારી હોય છે. જ્યારે નકારાત્મક વ્યક્તિ શંકાશીલ તથા અવિશ્વાસુ હોય છે. આને કારણે તેઓને જીવનમાં સર્વત્ર સમસ્યા જ દેખાય છે. તેઓને આ દુનિયા કાવતરાખોર, દગાખોર, લાલચું તથા અવિશ્વાસપાત્ર લાગે છે. તેઓ સંપર્કમાં આવતાં લોકોને શંકાની નજરે જુએ છે , તથા પોતાનાં વિરુદ્ધ તેઓ કાવતરાં કરી પોતાને પછાડી દેવાં માંગે છે, તેવું વિચારે છે.

નકારાત્મક વ્યક્તિને પાણીનો અડધો ભરેલો ગ્લાસ 'ખાલી', જ્યારે સકારાત્મક વ્યક્તિને 'અડધો ભરેલો' લાગે છે. સકારાત્મક વ્યક્તિને પગમાં ફ્રેક્ચરને કારણે ઓપરેશન કરાવવું પડશે તો વિચારશે કે , સારું થયું કે પગ કપાઈ ન ગયો." ધંધામાં નુકશાની થશે તો વિચારશે કે, 'જીવતાં તો છીએ ને ? પાછાં ઉભાં થઈ જઈશું.' અકસ્માતમાં એક આંખ ગુમાવશે તો કહેશે કે, 'એક આંખ તો સારી છે ને બધું દેખાય છે. 'હેલન કેલરે પ્રજ્ઞાચક્ષુ હોવાં છતાં બ્રેઈલ લીપીની, , સ્ટીફન હોકીંગસે સંપૂર્ણ દિવ્યાંગ હોવા છતાં બ્રહ્માંડનાં રહસ્યોની શોધો કરેલ તથા શ્રીકાંત બોલાએ પ્રજ્ઞાચક્ષુ હૉવા છતાં વિશાળ આર્થિક સામ્રાજ્ય ઉભું કરેલ. આ લોકોએ જીવનમાં કશી ફરિયાદ વગર જીવનને ભરપુર પ્રેમ કરેલ તથા અસાધારણ કાર્યો કરેલાં. સકારાત્મક લોકો જીવનના ઉજળા રંગોને જોવાની દષ્ટિ ધરાવતાં હોવાથી, તેઓને પોતાનું જીવન સુખમય તથા આનંદમય લાગે છે.

જ્યારે નકારાત્મક લોકો આવી વિપરિત પરિસ્થિતિમાં નાશીપાસ થઈ માનસિક રીતે તૂટી પડશે. તેઓ કોઈ પણ વ્યક્તિ, સંજોગો કે પરિસ્થિતિમાં દોષો ગોતતાં હોવાથી તેઓને કોઈની સારી બાબતો ધ્યાને જ નથી પડતી . તેઓ સુખ, સમૃદ્ધિ તથા સગવડોમાં પણ દુઃખ ગોતતાં રહે છે. જે છે તે અને જેટલું છે, તેનાથી તેઓને સંતોષ નથી હોતો. આમ, સકારાત્મક તથા નકારાત્મક વ્યક્તિના દ્રષ્ટિબિંદુમાં આસમાન-જમીન જેટલો ફરક હોય છે.

આપણી આવી સકારાત્મક કે નકારાત્મક વિચારસરણીનાં આધારે જ આપણાં વ્યક્તિત્વનું ઘડતર થાય છે. વિચારસરણીનું ઘડતર આપણાં બચપણના ઉછેર, ઘરનાં વાતાવરણ, અભ્યાસ, વાંચન તથા મિત્રનાં વર્તુળ પર આધારિત છે. વ્યક્તિ પોતાની સજાગતા, આત્મદર્શન તથા અભ્યાસ દ્વારા પોતાની નકારાત્મક વિચારધારાને બદલી સકારાત્મક બનાવી શકે છે. તો ચાલો, આપણે પણ આપણાં જીવનને સકારાત્મકતાના ઉજાસથી ભરી દઈએ! ■

મો. - ૮૯૦૫૦૮૮૭૨૭

સમાજ સૃષ્ટિ

ભદ્રાયુ વછરાજાની
લેખક જાણીતા કેળવણીકાર, વિચારક
અને મોટીવેશનલ સ્પીકર છે.

આ 'ફાધર' શબ્દનો પ્રવેશ કેવી રીતે થયો ?

ફાધર એટલે પિતા. પિતા એટલે અધિપતિ, કે જે આધિપત્ય ધરાવે છે. કુટુંબ જો સંસ્થા હોય તો પિતા તે સંસ્થાનો વડો. જોકે શાસ્ત્રો એવું નોંધે છે કે પિતાપણું એ પ્રાકૃતિક બાબત નથી, તે સંસ્થાકીય છે.. ફ્યુચરોલૉજી એવું ભાખે છે કે પિતૃત્વ કાળક્રમે નષ્ટ થઈ જશે, કારણ એક સમય હતો કે જ્યારે પિતા શબ્દ પણ ન હતો !! વર્ષો સુધી માનવજાત પિતૃત્વ વગર જીવી છે, તેના આધારો જૂના-પુરાણા ગ્રંથોમાં મોજૂદ છે.

કડવું લાગે તેવું તથ્ય એ છે કે 'અંકલ' એટલે કે 'કાકા' શબ્દ 'ફાધર' કે 'પિતા' શબ્દ કરતાં ઘણો પુરાણો છે, કારણ માતૃપ્રધાનતાનો પીછો પિતૃત્વએ કર્યો છે. સમાજમાં માતા હતી પણ પિતા કોણ તે જાણમાં ન હોય તેવું બનતું. માતા બનતી સ્ત્રી ઘણા લોકોને મળતી, ભળતી અને ઓગળતી. તેમાંથી 'કોઈ' તેના સંતાનનું કારણ બની રહેતું, પણ 'તે કોણ' ? તેનો જવાબ ન મળતો તેથી માતાના બાળકને 'કાકા' હતા, 'પિતા' ન હતા !! એમ કહે છે કે, જ્યારથી પ્રાઈવેટ પ્રોપર્ટી એટલે કે અંગત મિલકતની સંકલ્પના આવી ત્યારથી 'પિતા'ની ઓળખ જરૂરી બની...! પિતા શબ્દ તેથી અધિપતિ કે માલિક જેવા અર્થનો અહેસાસ કરાવે છે... પહેલાં સઘળું સહિયારું હતું. સાંઝા ચુલ્હા ભી થા ઔ સુખ-દુ:ખ ભી સબકે થે. વસંતસેના જેવી ગણિકા પણ સૌનું પાત્ર હતી. પણ સમય જતાં મારું કે તારું થવા લાગ્યું. આ અને આટલું મારું, એટલે કે એનો માલિક હું... તેમાંથી ચિંતા જન્મી કે, આ મારું; પણ મારા ગયા પછી કોનું ?... મારાં સંતાનનું ને?... તો મારું પોતાનું સંતાન કયું ? હું તો અંકલ છું, ફાધર નથી.

મારી સંપત્તિ મારાં બાળકને મળે તે માટે મારે પિતા બનવું જરૂરી છે. હું કોનો પિતા તે નક્કી કરવા માટે પત્ની પણ મારી હોવી જોઈએ અને તેનું સંતાન મારું હોવું જોઈએ'.... બસ, આમ ફાધર શબ્દ પ્રવેશ્યો, પ્રાઈવેટ પ્રોપર્ટીની પાછળ પાછળ ! આ બાળક આ પત્ની દ્વારા આ પતિનું જ છે, તેવું ચોક્કસ કરવા પત્ની તો પત્ની બને ત્યારે વર્જિન હોવી જોઈએ; તેવો ખ્યાલ બધા જ સમાજમાં સ્વીકૃત બન્યો. આ મારું

બાળક મારી મિલકતનું વારસ બની રહેશે, એવું પ્રસ્થાપિત કરવા સ્ત્રીઓ પર વર્જિનિટી, કુંવારાપણું થોપી દેવામાં આવ્યું... આવો સાર સહેજે તારવી શકાય. ફાધરે અંગત સંપત્તિ-મિલકતને કારણે પિતાપણું પ્રાપ્ત કરવા સમાજ પર, સંતાન પર પોતાનો અધિકાર આ રીતે અજાણતાં સ્થાપી દીધો !

કોઈ સ્ત્રી માતા ના બને ત્યાં સુધી તે પૂર્ણ નથી, એવું હિન્દુ શાસ્ત્રો જણાવે છે; પણ એવું પુરુષ માટે કહેવાયું નથી. એ પિતા હોય કે પિતા ન હોય છતાં એ પૌરુષ ધરાવે છે. કશું જ ગુમાવ્યા વગર પિતા થઈ શકાય છે. પણ માતૃત્વ પ્રાપ્ત કરવા પુષ્કળ બાબતો સમર્પિત કરવી પડે છે. આમ સર્જાય છે કુટુંબ નામની સામાજિક વ્યવસ્થા. એ વ્યવસ્થાનો માલિક છે પિતા. એ વ્યવસ્થાની વ્યવસ્થાપક છે માતા અને તેના ઉપભોક્તાઓ છે સંતાનો. આપણી આધ્યાત્મિક પરંપરા તો આ ઝંઝટને વશ થવાની ના પાડે છે. તમારો પુત્ર સપુત હશે તો પોતાનું સારી રીતે રળી લેશે, એટલે તેના માટે પિતાએ ધનસંચય કરવાની જરૂર નછી... અને તમારો પુત્ર કપુત પાકશે તો તમારું સઘળું રોળી નાખશે, તેથી તેના પિતાએ તેના માટે ધનસંચય કરવાની આવશ્યકતા જ નથી. **'પુત સપુત તો કા ધનસંચય ?.... પુત કપુત તો કા ધનસંચય ?...'** આ વાત ગળે ઊતરે તો ધનસંચય નહીં, પ્રાઈવેટ પ્રોપર્ટી નહીં, તેના વારસની ચિંતા નહીં, 'મારૂં બાળક'ની ઝંઝટ નહીં,... તો ફાધર હોવાની જરૂર જ નહી....! તો આધિપત્ય પણ નહીં... !

યાત્રા સૃષ્ટિ

પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી
જાણીતા હિન્દી લેખક અને વિવેચક
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

અવિસ્મરણીય સફર એટલે...
લક્ષદ્વીપ સમૂહ

પ્રસ્તાવના : લક્ષદ્વીપ' નામ સંસ્કૃત અને મલયાલમ ભાષા પરથી આવ્યું છે, જેનો શાબ્દિક અર્થ **"એક લાખ ટાપુઓનો સમૂહ"** (લક્ષ=લાખ, દ્વીપ=ટાપુ) થાય છે.

ટાપુઓનો સમૂહઃ જોકે વાસ્તવમાં અહીં માત્ર ૩૬ નાના-મોટા ટાપુઓ જ આવેલા છે જેમાંથી ૧૦ ટાપુઓ પર માનવ વસ્તી છે, પરંતુ પ્રાચીન સમયમાં ખૂબ જ મોટી સંખ્યામાં આવેલા નાના-મોટા ટાપુઓ, પરવાળાના ખડકો (Atolls) અને રેતીના ટેકરાઓના સમૂહને દર્શાવવા માટે સંસ્કૃતમાં 'લક્ષદ્વીપ' (લાખ ટાપુઓ) નામ આપવામાં આવ્યું હતું. તે ભારતની મુખ્ય ભૂમિ (કોચી, કેરળ) થી લગભગ ૨૨૦ થી ૪૪૦ કિમી દૂર અરબી સમુદ્રમાં આવેલ છે.

પ્રાચીન ઇતિહાસઃ અરબી અને મલયાલમ ભાષામાં તેને અગાઉ 'લક્કાદીવ' (Laccadive) તરીકે ઓળખવામાં આવતું હતું. બ્રિટિશ કાળ અને આઝાદી પછી પણ આ ક્ષેત્રને 'લક્કાદીવ, મિનિકોય અને અમિનીદીવી' ટાપુઓ તરીકે ઓળખવામાં આવતું હતું. તેનો ઇતિહાસ ૭મી સદી સાથે જોડાયેલો છે. અહીં મુખ્યત્વે મલયાલમ અને 'માહ્લ' (મિનિકોય ટાપુમાં) ભાષા બોલાય છે. ૧ નવેમ્બર ૧૯૭૩ ના રોજ ભારત સરકાર દ્વારા તેનું સત્તાવાર નામ બદલીને 'લક્ષદ્વીપ' (Lakshadweep) કરવામાં આવ્યું. લક્ષદ્વીપ ભારતનો એક અત્યંત સુંદર અને શાંત કેન્દ્રશાસિત પ્રદેશ છે, જે તેના નીલા-લીલા (Turquoise) લેગૂન, પરવાળાના ખડકો (Coral Reefs) અને સફેદ રેતીના કિનારાઓ માટે જાણીતો છે.

પ્રાકૃતિક સંપત્તિઃ તે જૈવ વિવિધતાથી સમૃદ્ધ છે. અહીં રંગબેરંગી કોરલ રીફ, કાચબા, ટ્યુના માછલી અને દરિયાઈ જીવનની અદ્ભુત દુનિયા છે. પર્યાવરણના રક્ષણ માટે અહીં પ્લાસ્ટિક અને અનિયંત્રિત બાંધકામ પર કડક નિયમો છે.

જવા માટેનો શ્રેષ્ઠ સમય : ઓક્ટોબર થી મેઃ આ પ્રવાસ માટે સૌથી ઉત્તમ સમય છે. સમુદ્ર શાંત રહે છે. અને વોટર સ્પોર્ટ્સ (Scuba, Snorkeling) માટે હવામાન અનુકૂળ રહે છે. **જૂન થી સપ્ટેમ્બર :** દરમિયાન ભારે વરસાદ અને દરિયાઈ મોજાને કારણે બોટ સેવાઓ મર્યાદિત રહે છે. **પરમિટ અને પ્રવેશ પ્રક્રિયા :** લક્ષદ્વીપ જવા માટે એન્ટ્રી પરમિટ ફરજિયાત છેઃ **ઈ-પરમિટ પોર્ટલઃ** અધિકૃત વેબસાઇટ (epermit.utl.gov.in) પરથી ઓનલાઈન અરજી કરી શકાય છે. **જરૂરી દસ્તાવેજોઃ** માન્ય ઓળખપત્ર (આધાર, પાસપોર્ટ અથવા મતદાર-

ID), પાસપોર્ટ સાઇઝ ફોટો અને હોટેલ/રિઝોર્ટનું કન્ફર્મ બુકિંગ. **ખર્ચઃ** પરમિટ ફી વ્યક્તિ દીઠ આશરે રૂા.૧૦૦ થી રૂા. ૨૦૦ હોય છે.

પહોંચવાના માર્ગો હવાઈ માર્ગઃ કોચી (Kochi) થી અગાતી ટાપુ (Agatti Airport - AGX) માટે સીધી ફ્લાઈટ્સ ઉપલબ્ધ છે. ફ્લાઈટનો સમય આશરે ૧.૫ કલાકનો છે. અગાતીથી અન્ય ટાપુઓ પર જવા માટે સ્પીડબોટ મળે છે.

દરિયાઈ માર્ગ (ક્રૂઝ અને જહાજ): સરકારી જહાજ (SPORTS): કોચીથી 'MV Kavarati' જેવા જહાજો ચાલે છે, જે ૧૪ થી ૨૦ કલાકનો સમય લે છે. **પ્રાઈવેટ લક્ઝરી ક્રૂઝ :** મુંબઈ, ગોવા કે કોચીથી લક્ષદ્વીપ માટે લક્ઝરી ક્રૂઝ ઉપલબ્ધ હોય છે. **ક્રૂઝ યાત્રા :** વિશેષતાઓ, બુકિંગ અને ખર્ચ

સરકારી 'સમુદ્રમ પેકેજ' (Samudram Cruise):

વિશેષતાઓઃ ૪ રાત/૫ દિવસનું પેકેજ જેમાં કોચીથી જહાજમાં રાતની સફર અને દિવસ દરમિયાન કવરત્તી, કલ્પેની અને મિનિકોય ટાપુઓની મુલાકાત શામેલ છે. તેમાં ભોજન અને વોટર સ્પોર્ટ્સનો સમાવેશ થાય છે.

ખર્ચઃ વ્યક્તિ દીઠ આશરે રૂા. ૩૫,૦૦૦ થી રૂા. ૪૫,૦૦૦ (AC કેબિન). **બુકિંગઃ** Lakshadweep Tourism (SPORTS) ની અધિકૃત સાઇટ પરથી.

પ્રાઈવેટ લક્ઝરી ક્રૂઝ (જેમ કે Cordelia Cruises):

વિશેષતાઓઃ જહાજની અંદર લાઈવ શો, સ્વિમિંગ પૂલ, રેસ્ટોરન્ટ્સ અને શાનદાર કેબિનની સુવિધા. **ખર્ચઃ** ૩ થી ૫ રાત માટે વ્યક્તિ દીઠ આશરે રૂા.૩૮,૦૦૦ થી રૂા. ૬૫,૦૦૦. **બુકિંગ :** કોર્ડેલિયા ક્રૂઝની ઓફિશિયલ વેબસાઇટ અથવા ટ્રાવેલ પોર્ટલ્સ દ્વારા. જોવા લાયક મુખ્ય ટાપુઓ અને બીચ.

બંગારામ ટાપુ (Bangaram Island): વિશેષતાઓ: શાંત વાતાવરણ, પારદર્શક લેગૂન અને રાત્રે સમુદ્ર કિનારે ઝળહળતી બાયોલ્યુમિનેસન્સ (Bioluminescence - વાદળી રોશની) નું અદ્ભુત દ્રશ્ય. **મુખ્ય બાબત:** સ્કૂબા ડાઈવિંગ અને હનીમૂન કપલ્સ માટે સૌથી પ્રિય જગ્યા.

અગાતી ટાપુ (Agatti Island) : વિશેષતાઓ: આ એરપોર્ટ સમુદ્રની વચ્ચે આવેલું છે, જે લેન્ડિંગ સમયે અદ્ભુત નજારો આપે છે.

મુખ્ય બાબત: સ્નોર્કલિંગ, ગ્લાસ-બોટમ બોટ રાઈડ અને વોટર સ્કૂટર. કવરત્તી (Kavarati - રાજધાની): **વિશેષતાઓ:** સુંદર મસ્જિદો, મરીન એક્વેરિયમ અને વોટર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ. **મુખ્ય બાબત:** કયાકિંગ અને ઊંડા સમુદ્રમાં માછીમારી (Deep Sea Fishing).

કદમત ટાપુ (Kadmat Island): **વિશેષતાઓ:** લાંબા સફેદ રેતાળ કિનારા અને કોરલ રીફની સમૃદ્ધ દીવાલો. **મુખ્ય બાબત:** ડાઈવિંગ સ્કૂલ અને વોટર એક્ટિવિટીઝ માટે શ્રેષ્ઠ.

મિનિકોય ટાપુ (Minicoy Island) : **વિશેષતાઓ:** માલદીવ્સની સંસ્કૃતિનો પ્રભાવ, ૩૦૦ ફૂટ ઊંચાઈ ધરાવતું બ્રિટિશ સમયનું લાઈટહાઉસ. **મુખ્ય બાબત :** પરંપરાગત બોટ રાઈડ અને ટ્યુના ફિશિંગ.

આયોજિત ૫-દિવસીય પ્રવાસ કાર્યક્રમ (Itinerary)

દિવસ ૧: કોચીથી અગાતી પહોંચો. ચેક-ઈન કર્યા પછી સ્થાનિક બીચ પર સૂર્યાસ્તનો આનંદ લો અને સ્પીડબોટથી બંગારામ જાઓ.

દિવસ ૨: બંગારામ ટાપુ પર આખો દિવસ વોટર સ્પોર્ટ્સ (Scuba Diving, Snorkeling)નો આનંદ લો. રાત્રે બાયોલ્યુમિનેસન્સ બીચ જુઓ. **દિવસ ૩ :** થીન્નાકારા (Thinnakara) ટાપુની એક દિવસીય મુલાકાત અને કયાકિંગ. **દિવસ ૪ :** કવરત્તી ટાપુ જાઓ, મરીન એક્વેરિયમ અને ગ્લાસ-બોટમ બોટથી પરવાળાના ખડકો જુઓ. **દિવસ ૫:** અગાતી પાછા ફરો અને ફ્લાઈટ દ્વારા કોચી જવા રવાના થાઓ.

લક્ષદ્વીપ જવા માટે ક્રૂઝ (Cruise) પ્રવાસ એ એક ખૂબ જ ભવ્ય, આરામદાયક અને રોમાંચક વિકલ્પ છે. ખાસ કરીને ભારતમાં 'કોર્ડેલિયા ક્રૂઝ' (Cordelia Cruises - The Empress) દ્વારા લક્ષદ્વીપની યાત્રા ખૂબ જ લોકપ્રિય છે. ક્રૂઝની ભવ્યતા, સુવિધાઓ, ક્ષમતા, મનોરંજન અને લક્ષદ્વીપના મુખ્ય દ્વીપો (ટાપુઓ) વિશેની સંપૂર્ણ માહિતી નીચે મુજબ છે:

૧. ક્રૂઝની ભવ્યતા અને ક્ષમતા (Capacity & Staff) : જહાજનું કદ અને ડેક (Decks) : આ જહાજ ૧૧ માળ (Decks) ઊંચું છે અને દરિયા પર તરતા એક ભવ્ય ૫-સ્ટાર રિઝોર્ટ સમાન લાગે છે.

પેસેન્જર ક્ષમતા : આ ક્રૂઝમાં આશરે ૧,૬૦૦ થી ૧,૮૦૦ મુસાફરો એકસાથે મુસાફરી કરી શકે છે.

ક્રૂ અને સ્ટાફ: મુસાફરોની સેવા માટે જહાજ પર આશરે ૬૫૦ થી ૭૦૦ અનુભવી સ્ટાફ સભ્યો (Crew members) ૨૪ કલાક તૈનાત હોય છે.

રૂમ / કેબિન: અહીં ચાર પ્રકારની કેબિન ઉપલબ્ધ હોય છે: ઈન્ટિરિયર કેબિન: બજેટ ફ્રેન્ડલી (બારી વગર).

ઓશન વ્યૂ કેબિન : સમુદ્ર તરફ ખુલતી બારી સાથે. **બાલ્કની કેબિન:** પ્રાઈવેટ બાલ્કની, જ્યાંથી દરિયાનો પવન અને નજારો માણી શકાય.

સ્યુટ્સ (Suites): અતિ ભવ્ય લક્ઝરી સેવાઓ ધરાવતા વિશાળ રૂમ.

૨. ક્રૂઝ પર મળતી સુવિધાઓ અને કાર્યો.

મલ્ટી-ક્યુઝીન રેસ્ટોરન્ટ્સ: શુદ્ધ શાકાહારી, જૈન ભોજન, દક્ષિણ ભારતીય, નોર્થ ઈન્ડિયન અને ચાઈનીઝ વાનગીઓ પીરસતા વિભિન્ન રેસ્ટોરન્ટ્સ અને વિશાળ બફે. **સ્વિમિંગ પૂલ અને જેકુઝી:** ટોપ ડેક પર ઓપન-એર સ્વિમિંગ પૂલ અને આરામ કરવા માટે જેકુઝી.

કેસિનો (Casino Royale): લાસ વેગાસ સ્ટાઈલનો કેસિનો જ્યાં રુલેટ, બ્લેકજેક અને સ્લોટ મશીન રમી શકાય છે.

સ્પોર્ટ્સ અને ફિટનેસ : રોક ક્લાઈમ્બિંગ હોલ, મોર્ડન જીમ, અને સવારે દરિયાની વચ્ચે યોગા કરવાની સુવિધા.

સ્પા અને સેલોન : આરામ અને રિલેક્સેશન માટે સુવિધાયુક્ત સ્પા.

કિડ્સ એકેડેમી: બાળકો માટે ગેમિંગ ઝોન અને સલામત વર્કશોપ્સ.

૩. અંદર થતા મનોરંજક કાર્યક્રમો :

ક્રૂઝ પર તમારો સમય ક્યારેય કંટાળાજનક નથી રહેતો. દરરોજ સાંજે ઓનબોર્ડ 'ડેઈલી ન્યૂઝલેટર' આપવામાં આવે છે જેમાં આખા દિવસના શો નું શેડ્યૂલ હોય છે: **રોયલ/માર્કી થિયેટર :** ૭૦૦થી વધુ લોકોની બેઠક ક્ષમતા ધરાવતું થિયેટર. અહીં બ્રોડવે સ્ટાઈલના મ્યુઝિકલ્સ, મેજિક શો, અને લાઈવ સ્ટેજ પર્ફોર્મન્સ થાય છે. **ડીજે અને નાઈટક્લબ :** રાત્રે ઓપન ડેક પર કે ક્લબમાં ડીજે પાર્ટીઓ, બોલિવૂડ નાઈટ્સ અને સનડાઉનર પાર્ટીઓ યોજાય છે.**લાઈવ મ્યુઝિક અને સ્ટેન્ડ-અપ કોમેડી:** ક્રૂઝના અલગ-અલગ લાઉન્જમાં લાઈવ ગિટાર, પિયાનો અને કોમેડી શો નું આયોજન થાય છે.

૪. ટોપ ડેક પરથી નજારો: (Top Deck Views)

સૂર્યોદય અને સૂર્યાસ્ત (Sunrise & Suns): ૧૧મા કે ૧૨મા માળ (Top Sun Deck) પરથી અનંત અરબી સમુદ્રમાં થતો સૂર્યાસ્ત અને સૂર્યોદય જોવો એ અદ્ભુત અનુભવ છે.**૩૬૦-ડિગ્રી ઓશન વ્યૂ:** ચારેય તરફ માત્ર નીલું પાણી અને ક્ષિતિજ (Horizon) નો અદભુત નજારો જોવા મળે છે. **રાત્રે આકાશ દર્શન :** શહેરના પ્રદૂષણ અને લાઈટોથી દૂર, મધ્ય દરિયામાં રાત્રે તારાઓથી ભરેલું સ્પષ્ટ આકાશ દેખાય છે.

૫. લક્ષદ્વીપના દ્વીપોની ખાસિયતો અને વિશેષતાઓ

જ્યારે ક્રૂઝ લક્ષદ્વીપ પહોંચે છે, ત્યારે પેસેન્જરોને નાના ટેન્ડર બોટ દ્વારા ટાપુઓ પર લઈ જવામાં આવે છે.

૧. અગાતી ટાપુ : વિશેષતા: આ લક્ષદ્વીપનું પ્રવેશદ્વાર છે. અહીંનો હવાઈ પટ્ટો સમુદ્રની વચ્ચે જ બનાવેલો છે.**ખાસિયત:** અહીંનું પાણી એટલું

યાત્રા સૃષ્ટિ

પારદર્શક છે કે કિનારેથી જ રંગબેરંગી માછલીઓ જોઈ શકાય છે. સ્નોર્કલિંગ અને ગ્લાસ-બોટમ બોટ માટે ઉત્તમ.

૨. કવરત્તી ટાપુ (Kavarati Island - રાજધાની) **:વિશેષતા :** આ લક્ષદ્વીપનું વહીવટી મથક છે. **ખાસિયતઃ** અહીં મરીન એક્વેરિયમ (Marine Aquarium) અને વોટર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ છે. કયાકિંગ (Kayaking), સ્પીડ બોટ રાઈડ અને સ્કૂબા ડાઈવિંગ માટે કવરત્તી ખૂબ પ્રખ્યાત છે.

૩. કદમત ટાપુ (Kadmat Island): **વિશેષતાઃ** લાંબા સફેદ રેતાળ કિનારા અને સમૃદ્ધ કોરલ રીફ્સ. **ખાસિયતઃ** દરિયાઈ જીવસૃષ્ટિ અને પરવાળાના ખડકો જોવા માટે આ ટાપુ શ્રેષ્ઠ છે. ડાઈવિંગના શોખીનો માટે સ્વર્ગ સમાન છે.

૪. કલ્પલેની ટાપુ (Kalpeni Island) : આ ટાપુની ચારેય તરફ વિશાળ અને શાંત લેગૂન (Lagoon) આવેલું છે. અહીંનું પાણી બહુ ઊંડું નથી હોતું, તેથી સુરક્ષિત રીતે સ્વિમિંગ, કયાકિંગ અને સ્નોર્કલિંગ કરી શકાય છે.

ક્રૂઝ યાત્રા માટે ઉપયોગી ટીપ્સઃ **બુકિંગ ક્યારે કરવું:** ક્રૂઝ માટે ૩ થી ૪ મહિના પહેલાં બુકિંગ કરાવવું હિતાવહ છે. **રૂમની પસંદગીઃ** દરિયાનો સાચો આનંદ અને પવન માણવા માટે બાલ્કની કેબિન સૌથી ઉત્તમ વિકલ્પ છે. **ઓન-શોર એક્સકર્સન :** ટાપુઓ પર વોટર સ્પોર્ટ્સ (સ્કૂબા, સ્નોર્કલિંગ) માટે ક્રૂઝ પરથી જ એડવાન્સ બુકિંગ કરી શકાય છે. અહીં ક્રૂઝ, લક્ષદ્વીપના ટાપુ અને સમુદ્રની સુંદર તસવીરો તથા ક્રૂઝ પ્રવાસ દરમિયાન રાખવાની ખાસ સાવધાનીઓની વિગતવાર માહિતી આપી છે :

લક્ષદ્વીપ અને ક્રૂઝની તસવીરો

૧. લક્ઝરી ક્રૂઝ, ૨. લક્ષદ્વીપનો ટાપુ ૩. પારદર્શક સમુદ્ર અને લેગૂન

ક્રૂઝ મુસાફરી દરમિયાન રાખવાની ખાસ સાવધાનીઓ દરિયાઈ સફરનો પૂરો આનંદ માણવા અને કોઈ અગવડ ન પડે તે માટે નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે :

૧. સી-સિકનેસ (Sea Sickness / ઉબકા-ચક્કર)ની તૈયારી, દરિયાઈ મોજાના કારણે જહાજમાં હલચલ થાય ત્યારે ઘણા લોકોને ચક્કર, ઉબકા કે ઊલટી જેવું થાય છે. **સાવધાની :** પ્રવાસ શરુ કરતા પહેલાં ડૉક્ટરની સલાહ મુજબ Avomine કે સી-સિકનેસની દવાઓ સાથે રાખવી. લક્ષણો દેખાય તે પહેલાં જ દવા લઈ લેવી હિતાવહ છે. ખુલ્લી હવામાં ડેક પર બેસવાથી અને ક્ષિતિજ (Horizon) તરફ જોવાથી આ રાહત મળે છે.

૨. ઓળખપત્રો અને પરમિટ : ક્રૂઝમાં બોર્ડિંગ વખતે અને લક્ષદ્વીપના ટાપુઓ પર ઉતરતી વખતે તમારું ઓરિજિનલ આધાર કાર્ડ/પાસપોર્ટ અને એન્ટ્રી પરમિટની પ્રિન્ટ સાથે રાખવી ફરજિયાત છે.

૩. સમયપાલન : મોટા ક્રૂઝ જહાજો સીધા ટાપુના કિનારે નથી જઈ શકતા, તેથી મુસાફરોને નાની 'ટેન્ડર બોટ' દ્વારા ટાપુ પર લઈ જવાય છે. ક્રૂઝ તરફથી આપવામાં આવેલા લાસ્ટ બોટ ટાઈમિંગનું કડકપણે પાલન કરવું. જો તમે મોડા પડશો તો બોટ છૂટી જવાની શક્યતા રહે છે.

૪. કપડાં અને ફૂટવેર : ટાપુઓ પર પાણીમાં ઉતરવા માટે વોટરપ્રૂફ અથવા વોટર-ફ્રેન્ડલી ફૂટવેર (Crocs/Flip-flops) જ પહેરવા. હાઈ હીલ્સ કે ચમડાના શૂઝ ન પહેરવા. તડકાથી બચવા માટે કોટનના હળવા કપડાં, સનગ્લાસ, હેટ (ટોપી) અને હાઈ-સનસ્ક્રીન લોશન સાથે રાખવું.

૫. ઈમરજન્સી ડ્રિલ : ક્રૂઝ ઉપડતા પહેલાં સ્ટાફદ્વારા એક સુરક્ષા કવાયત (Muster Drill) કરાવવામાં આવે છે જેમાં ઈમરજન્સીમાં લાઈફ જેકેટ કેવી રીતે પહેરવું તે શીખવવામાં આવે છે. આ ડ્રિલમાં ભાગ લેવો ફરજિયાત અને ખૂબ જ મહત્વપૂર્ણ છે.

૬. પર્યાવરણ અને સ્થાનિક નિયમોનું પાલન

પ્લાસ્ટિક પર પ્રતિબંધઃ લક્ષદ્વીપમાં પ્લાસ્ટિક અને કચરો ફેંકવો કાનૂની ગુનો છે. પરવાળા (Corals)ને નુકસાન ન પહોંચાડવું: સમુદ્રમાં સ્નોર્કલિંગ કે ડાઈવિંગ કરતી વખતે કોરલ રીફ કે દરિયાઈ જીવોને સ્પર્શ કરવો કે સાથે ઘરે લાવવો ગેરકાયદેસર છે.

૭. નેટવર્ક અને રોકડ : મધ્ય સમુદ્રમાં મોબાઈલ નેટવર્ક બિલકુલ હોતું નથી. (ક્રૂઝ પર વાઈફાઈ પેકેજ અલગથી ખરીદવું પડે છે). ટાપુઓ પર નાના દુકાનદારો કે વોટર સ્પોર્ટ્સ માટે ક્યારેક ઓનલાઈન પેમેન્ટ (UPI) ચાલતું નથી, તેથી જરૂરી કેશ (રોકડ રકમ) સાથે રાખવી. લક્ષદ્વીપ માટે પ્રાઈવેટ લક્ઝરી ક્રૂઝ (જેમ કે કોર્ડેલિયા ક્રૂઝ) અને સરકારી પેકેજના બુકિંગ, સંપર્ક નંબર અને વેબસાઇટની અધિકૃત માહિતી નીચે મુજબ છે:

૧. કોર્ડેલિયા ક્રૂઝ (Cordelia Cruises - પ્રાઈવેટ લક્ઝરી ક્રૂઝ)

કોર્ડેલિયા ક્રૂઝ દ્વારા મુંબઈ, ગોવા અને કોચીથી લક્ષદ્વીપ માટે લક્ઝરી ક્રૂઝ ચલાવવામાં આવે છે.

ઓફિશિયલ વેબસાઈટઃ www.cordeliacruises.com

ટોલ ફ્રી / બુકિંગ હેલ્પલાઈન નંબરઃ ૦૨૨-૪૮૯૪૪૪૪૧ / ૦૨૨-૪૮૯૪૪૪૪૪, ઈમેઈલઃ cs@waterways-leisure.com

૨. સરકારી ક્રૂઝ અને ટૂર પેકેજ (SPORTS - લક્ષદ્વીપ ટૂરિઝમ)

લક્ષદ્વીપ પ્રશાસન દ્વારા સંચાલિત સંસ્થા સરકારી જહાજ અને સમુદ્રમ પેકેજનું બુકિંગ કરે છે.ઓફિશિયલ બુકિંગ પોર્ટલઃ : www.lakshadweeptourism.com અથવા samudram.utl.gov.in ઈ-પરમિટ વેબસાઈટઃ epermit.utl.gov.in (પ્રવેશ પરમિટ માટે)

ફ્રોડથી બચોઃ ફક્ત ઉપર આપેલી ઓફિશિયલ વેબસાઈટ અથવા લક્ષદ્વીપ પ્રશાસન દ્વારા માન્યતા પ્રાપ્ત (Authorized) ટ્રાવેલ એજન્ટ્સ દ્વારા જ બુકિંગ કરાવો. **બુકિંગ સમય :** સરકારી ક્રૂઝની સીટો મર્યાદિત હોવાથી તેનું બુકિંગ ૩ થી ૪ મહિના પહેલાં કરવું જરૂરી છે. ■

મો. ૯૪૨૭૪ ૯૫૧૭૫

યાત્રા સૃષ્ટિ

રસિક પટેલ
"આંટીઘૂંટી" પુસ્તકના લેખક તથા જાણીતા અખબારોના કોલમમિસ્ટ - અમદાવાદ.

"કેનેડા અને તેનો નાયગ્રા ધોધ"

કેનેડાની અલભ્ય શોભામાં અભિવૃદ્ધિ કરતો વિશાળ જળ રાશિથી ફૂફાડા મારતો અને ગર્જના કરતો શકિતશાળી ધોધ... સતત વેગવાન પાણીનો અસ્ખલિત પ્રવાહ વહ્યા કરતો હોય અને તે પણ હજારો વર્ષોથી.. તો તે કેનેડાનો "નાયગ્રા ધોધ" હોઈ શકે, હજારો ગેલન પાણી જયારે ઉપરથી નીચે ખાબકતું હોય અને એ જ પાણીમાં મેઘધનુષનું સર્જન પણ થતું હોય ત્યારે તે દ્રશ્ય જોઈને જ ઘડીભર તો તમારું તન મન ચોક્કસ એકાકાર થઈ જાય, પાણીનો વેગવાન ધસમસતો પ્રવાહ ઉપરથી નીચે જોશભેર ઠલવાતો હોય ત્યારે ઘડીભર આ સૃષ્ટિના રચયિતાની કળાને સમજવી મુશ્કેલ બની જાય, બસ બધું ભૂલીને આ વિશાળ જળ પ્રવાહને નીરખ્યા કરીએ....બસ જોયા જ કરીએ....અદભૂત..લાજવાબ... અનેક પહાડો, બીચ,લેક,માઉન્ટેન, આઈલેન્ડ, જંગલો, નદીઓ, ઝરણાં..ધોધ.. થી શોભતો દેશ એટલે કેનેડા, જ્યાં બ્રહ્મ મુહર્તમાં થાય અજવાળું, ક્યાંક વળી પહાડને સ્પર્શીને ઝળૂંબી રહેલા વાદળો દેખાય, લાગે જાણે હમણાં ઉતરી આવશે આ બધા વાદળો ધરતી પર.

ક્યાંક વળી પહાડોના ખોળામાં રમતું નીલરંગી પાણીથી શોભતું વિશાળ તળાવ દેખાય, કોઈ નાનકડા બાળકના હલકા હલકા સ્માઈલની જેમ લેકના મોંજા.. કિનારાને હળવે હળવે અથડાઈને વળી જાય પાછા, મોંજાનો ઘૂઘવાટ લાગે કોઈ મધુર સંગીત જેવો, જ્યાં ઓક્સિજન ખોબલે ખોબલે હવામાં પ્રવાહિત થતો હોય..શુદ્ધ હવા પર્વતોને ચીરીને સુસુ...સુસુ.. અવાજ કરીને વિહાર કરતી હોય. જ્યાં ચેરી,પીચ, સફરજન, સ્ટ્રોબેરીના ફાર્મ ઠેર ઠેર જોવા મળતા હોય, જ્યાં આકાશ ધરતીને ચુંબન કરતું હોય તેટલું નજીક લાગે, જ્યાં ઉંચા ઉંચા પહાડો ખુલ્લા સ્વચ્છ આકાશને અડીને ઉભા હોય, જ્યાં વારંવાર સમયાંતરે મેઘ ધનુષ પોતાના સાતેય રંગોથી આકાશની સુંદરતામાં વધારો કરતું હોય, ખુલ્લા વિશાળ આકાશમાં વિહરતા અને કપાસના રૂ ની જેમ આકાશમાં ટિંગાઈ રહેલા વાદળો સાથે તમે વાત કરી શકો..ક્યાંક વળી સ્વચ્છ નિર્મળ બ્લ્યુ પાણીનું સરોવર તમારા હૃદયને અચૂક ટાઢક પહોચાડે, આ બધા અલભ્ય દ્રશ્યો તમે સતત નિહાળ્યા કરો તો પણ તમારું હૃદય ભરાય નહિ એવું કુદરતી સૌંદર્ય ખોબલે ખોબલે "કેનેડા"માં કુદરતે વેર્યું છે, કહેવાય છે કે જેટલા તમે કુદરત સાથે જોડાયેલો રહો તેટલા તમે શાંતિ આનંદને વધારે ને વધારે પામી શકો...અને માણી શકો.

અહીં તૂટેલા રોડ કે રોડ ઉપર પડેલી તિરાડ સરકારને ગમે નહિ અને ગોઠે પણ નહિ,રોડની તિરાડો જો તાત્કાલિક પુરાતી હોય તો પછી રોડ ઉપર ખાડા તો ક્યાંથી જોવા મળે? અહીંની ગટરો ક્યારેય ભરાઈ જતી નથી કે નથી ક્યારેય ઉભરાતી.. કારણ કે ગટરોમાં કચરો ઠલવાતો નથી... રોડ ઉપર પણ કોઈ પ્લાસ્ટિક કે કાગળના ડૂચા જોવા ના મળે, તો સાથે સાથે કૂતરા કે બીજા પશુની હગાર પણ જોવા ના મળે, રોડ એકદમ હમેંશા ચોખ્ખા જોવા મળે,ગટર વ્યવસ્થા..પાણી નિકાલની વ્યવસ્થા એવી કે ગમે તેટલો વરસાદ આવે પણ રોડ ઉપર ક્યાંય પાણીનું ખાબોચિયું જોવા ના મળે, રોડ ઉપર કે પછી ખુલ્લા બાગ બગીચામાં ક્યાંય થુંકવાનું અને ફુંકવાનું જોવા જ ના મળે, સિગારેટ, ડ્રગ, દારૂ નું ચલણ બહુ જ વધારે પડતું અહીંયા જોવા મળે, પરંતુ સાથે સાથે રોડ ઉપર સિગારેટનું એક પણ ઠુંઠું જોવા ના મળે તો સાથે સાથે દારૂ પી ને કોઈ લથડિયાં ખાતો માણસ પણ ક્યાંય જોવા ના મળે.

કેનેડાની મોંઘવારી મારફાડ લાગે, બધું ડોલર માં જ મળે, સારી આવક ના હોય તો બે છેડા ભેગા કરવામાં દમ પણ નીકળી જાય, મૂળ કેનેડાના લોકોની વસ્તી ખૂબ જ ઓછી.. બીજા કે અન્ય જુદા જુદા દેશોમાંથી આવીને કેનેડામાં વસેલા અને કેનેડિયન સિટીઝન શીપ લીધેલા માણસો વધારે જોવા મળે.. એટલે જ તમને જુદી જુદી વિવિધતા ધરાવતા વિવિધ પ્રકારનાં જુદા જુદા માણસો જોવા મળે. અહી ઇંગ્લિશ અને ફ્રેન્ચ બે ભાષાને અધિકૃત માનવામાં આવે છે. દરેક ચીજવસ્તુ ઉપર ઉપર આ બન્ને ભાષામાં લખાણ જોવા મળે પછી તે ખાદ્ય પદાર્થ હોય કે બીજી અન્ય કોઈ વસ્તુ હોય, ક્યુબેક એક એવું રાજ્ય છે જ્યાં ૧૦૦ ટકા ફ્રેન્ચ બોલવામાં આવે છે, ક્ષેત્રફળ અને વિસ્તારની રીતે વિશ્વમાં કેનેડા બીજા નંબરે આવે છે, લગભગ ભારત કરતાં ત્રણ ગણો મોટો વિસ્તાર કેનેડા ધરાવે છે, પરંતુ વસ્તીનું પ્રમાણ ખૂબ જ ઓછું, અહીંયા તમને ના ઓળખતા હોય તેવા લોકો પણ તમને હાઈ હેલ્લો કરીને સ્માઈલ જરૂર આપે પછી તે સ્ત્રી હોય કે પુરુષ હોય.

ખુશીઓનું સમર્પણ
મા ઉમિયાને અર્પણ

જગતજનની મા ઉમિયાના પરમ આશીર્વાદ અને અસીમ કૃપાથી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રણેતા અને લોકલાડીલા પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબના પરિવારમાં ખુશીઓનો નવો સુરજ ઉગ્યો છે. શ્રી આર. પી. પટેલ સાહેબના યશસ્વી સુપુત્ર શ્રી અમિતભાઈ અને સુપુત્રવધુ ડો. અપેક્ષા બહેનના આંગણે પુત્રરત્નનો જન્મ થતા સમગ્ર પરિવારમાં આનંદની લહેર છવાઈ ગઈ છે. આનંદના આ અવસરને વધુ પાવન અને યાદગાર બનાવવા માટે રૂા. ૧૧,૦૦૦/- ની રકમ મા ઉમિયાના ચરણોમાં શ્રદ્ધાપૂર્વક અર્પણ કરી આ નવદંપતીએ ધન્યતા અનુભવી છે.

"ખુશીઓ શ્રદ્ધાપૂર્વક વહેંચવાથી વધે છે અને જીવન ધન્ય બને છે."

જગતજનની મા ઉમિયા તેમના નવજાત શિશુને દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય, સંસ્કાર અને ઉજ્જવળ ભવિષ્યના આશીર્વાદ આપે અને શ્રીમતી મંજુલાબહેન તથા આર. પી. પટેલ સાહેબના સમગ્ર પરિવારના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદનાં પુષ્પો સદાય ખીલતાં રાખે તેવી હૃદયપૂર્વકની પ્રાર્થના અને અનંત શુભકામનાઓ.

જય મા ઉમિયા

રોડ ઉપર સસ્તો ક્રોસ કરવો હોય તો બટન પુશ કરો એટલે ટ્રાફિક રોકાઈ જાય પછી રસ્તો ક્રોસ કરી શકાય, બધી સિસ્ટમ ઓટોમેટિક અને બધા જ લોકો લાલ લીલી લાઈટને સંપૂર્ણ ફોલો કરે, ચાર રસ્તા ઉપર કોઈ ટ્રાફિક પોલીસ હોય જ નહિ. ટ્રાફિકને કંટ્રોલ કરવા માટે માનવ બળનો ઉપયોગ થતો નથી,એ પછી સવારનો સમય હોય કે રાત્રિના ૧૨ વાગ્યા હોય...રાત્રે એક વાગે પણ સિગ્નલ બંધ હોય તો બધા ઉભા જ રહે. ઘૂસ મારીને સડસડાટ નીકળી જવાની સિસ્ટમ અહીંયા નથી, નાના બાળકો પણ પાર્કમાં આવેલા ફુવારા કે લપસણી હીંચકા આગળ લાઈનમાં ઊભા રહે, શોપિંગ મોલ...બગીચામાં પણ લોકો શાંતિથી ઉભા રહે..કોઈ કોણી મારીને લાઈનમાં ઘૂસે નહિ, ટુ વ્હીલર ભાગ્યેજ જોવા મળે, સરેરાશ બધા જોડે ફોર વ્હીલર જ હોય, કુરિયર કંપનીનો ડિલિવરી બોય એક પાર્સલ હોય તો પણ ફોર વ્હીલ ગાડી લઈને જ આવે.

આ બધું સારું સારું હોવા છતાં સરકારી ટેક્ષનો રેશિયો ખૂબ જ ઉંચો છે, મેડિકલ ફેસિલિટી સંપૂર્ણ ફ્રી છે એમ છતાં સૌથી નબળું પાસુ હોય તો તે કેનેડાની મેડિકલ વ્યવસ્થા છે, એમ.ડી. કે એમ.એસ. ડોકટરોની એપાઈન્ટમેન્ટ માટે ૩ થી ૬ મહિનાનું વેઈટીંગ છે, ડાયરેક્ટ એમ.ડી. કે એમ.એસ. ડોકટરોની એપાઈન્ટમેન્ટ તમને ના મળે, સૌ પ્રથમ તમારે ફેમિલી સ્થાનિક ડોકટરને બતાવવું પડે એ ભલામણ કરે એ પછી જ તમે એમ.ડી કે એમ.એસ. ડોકટરોને બતાવી શકો. બાળકના જન્મથી જ દર માસે ૩૦૦ થી ૩૫૦ ડોલર સરકાર તેના મધરના એકાઉન્ટ માં માસિક રીતે જમા આપે. વધેલી રોટલી કે વધેલી ભાખરી માટે અહીં કોઈ વ્યવસ્થા નથી, ના કુતરા જોવા મળે કે.. ના ગાય દેખાય.. ના કાગડા દેખાય, વધેલા ખોરાક ની વ્યવસ્થા માટે તમારે કાં તો બિલાડી કે કૂતરું પાડવું પડે અને તે તો ઘાટ કરતા ઘડામણ વધી જાય, ક્યાં તો વધેલો ખોરાક તમારે ખાવો પડે અથવા ગારબેજ કરવો પડે. અહીં બધી સુવિધા હોવા છતાં એકલતા કોરી ખાતી હોય તેવું લાગે, ઘડપણની એકલતા દોજખ અને નર્ક જેવી બની જાય છે, બાજુ માં રહેતા પડોશી સાથે હાય હેલો થી વિશેષ સબંધ હોતો નથી સિવાય કે તે ઇન્ડિયાનો હોય.

સામાજિક રીતે હળવા મળવાનું ઓછું છે કારણ કે કોઈને સમય હોતો નથી, ભારતમાં તો કોઈ એક પડોશી ના ઘેર દુઃખ આવી પડે તો આજુબાજુ ના ૩ - ૪ પડોશીઓ ટેકો આપવા. હૂંફ આપવા.. મદદ કરવા દોડી આવે, જ્યારે અહી એવું નથી. અહી હોર્ન મારવો એટલે ગાળ દીધા બરાબર છે. લગભગ કોઈ ક્યાંય હોર્ન નો ઉપયોગ કરે જ નહિ અને હોર્ન નો અવાજ પણ ક્યાંય ના સંભળાય ઇન્ડિયામાં જેમ દરેક ચાર રસ્તા ઉપર ચા ની કીટલી અને પાન મસાલાનો ગલ્લો અચૂક જોવા મળે, તેમ અહીં કેનેડાના નાનામાં નાના ટાઉનમાં તમને વોકિંગ ડિસ્ટન્સમાં એક વિશાળ પબ્લિક લાયબ્રેરી અચૂક જોવા મળે, તેમાં જુદી જુદી ભાષાના પુષ્કળ પુસ્તકો હોય તો સાથે સાથે બાળકોના પુસ્તકોનો અલગ વિભાગ હોય,આખી લાયબ્રેરીમાં બેસવાની વ્યવસ્થા ખૂબ સારી હોય તમે ત્યાં બેસીને કોઈ પણ પુસ્તક વાંચી શકો. ■

મો. ૯૮૨૫૦૧૪૦૬૩

આરોગ્ય સૃષ્ટિ

ડો. શીતલ પંજાબી
લેખિકા ભારતના સિનિયર IVF નિષ્ણાત, Shashwat IVF - અમદાવાદના Chief Clinical Director તથા અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પારિતોષિકોથી વિભૂષિત છે.

શું ગર્ભ રહે છે પરંતુ ટકતો નથી?

સુજન અને સલોનીની જોડી જાણે કે સારસ બેલડી. અત્યંત લબ્ધપ્રતિષ્ઠ પરિવારોમાંથી આવતા સુજન અને સલોનીના લગ્નને લગભગ સાડા પાંચ વર્ષ થઈ ગયા હોવા છતાં તેઓ સંતાન-સુખથી વંચિત હતા.

સુખી-સંપન્ન પરિવારોના સુજન અને સલોનીનું જીવન બાળપણથી માંડી યુવાની સુધી અત્યંત સુખ-સાહ્યબીમાં વિત્યુ. પાણી માંગે ત્યાં શરબત મળે અને શરબત માંગે ત્યાં મિલ્ક-શેક મળે. લગ્નનું પહેલું વર્ષ તો જાણે હરવા-ફરવામાં અને મોજ-મજામાં ક્યાં વીતી ગયું તેની ખબર જ ના પડી. પરંતુ, લગ્નની પહેલી એનિવર્સરી લંડન અને પેરિસમાં ઉજવીને પરત ફરતી વખતે એરપોર્ટ પર બેઠેલાં એક યુગલના ખોળામાં રમી રહેલાં બે સુંદર બાળકોને જોઈને સલોનીને પણ વહેલી તકે માતૃત્વ ધારણ કરવાની તીવ્ર ઝંખના થઈ આવી.

સુજન અને સલોનીએ પ્રેગ્નન્સી માટે પ્લાનિંગ શરુ કર્યું અને બીજા જ મહિને સલોની પ્રેગ્નન્ટ થઈ. બંનેના પરિવારોમાં આનંદ છવાઈ ગયો. પોત-પોતાના પરિવારોના એકમાત્ર સંતાનો હોવાથી સુજન અને સલોનીના પરિવારો પોતાના વારસદારને આવકારવા માટે દિવસો ગણવા માંડ્યા પરંતુ, આ ખુશી લાંબો સમય ન ટકી શકી. Pregnancy રહ્યાના દસમા અઠવાડિયે જ સલોનીને Miscarriage એટલે કે કસુવાવડ થઈ ગઈ.

કસુવાવડના સમાચાર સાંભળતા જ સુજન-સલોની સહિત બંનેના પરિવારજનોને કારમો આઘાત લાગ્યો. જે પરિવારમાં નવ મહિના પછી નવજાત શિશુને વધાવવાના અને આનંદ-કિલ્લોલના શમણાં જોવાતા હતા ત્યાં માતમ છવાઈ ગયો. પરંતુ, આ કપરા સમયમાં સલોનીના સાસુ, કાજલબહેને બાજી સંભાળી લીધી અને સલોની સહિત તમામ પરિવારજનો ધીરે-ધીરે આ આઘાતમાંથી બહાર આવ્યા.

કસુવાવડ થયાના સાત-આઠ મહિના બાદ સલોનીએ ફરીથી ગર્ભધારણ કર્યો અને પરિવારમાં આનંદ છવાઈ ગયો. આ વખતે સલોનીની મમ્મી અને સાસુએ શરૂઆતથી જ સલોનીની કાળજી લેવાનું શરુ કર્યું. સલોનીને આ વખતે સંપૂર્ણ બેડ-રેસ્ટ આપવામાં આવ્યો. ફક્ત જમવા અને દૈનિક ક્રિયાઓ કરવા સિવાય સલોની સતત આરામમાં રહેતી. પરંતુ, અગાઉની જેમ આ વખતે પણ બાર અઠવાડિયા પૂરા થતાં જ સલોનીને કસુવાવડ (Miscarriage) થઈ ગઈ.

ઉપરોક્ત ઘટનાના સવા વર્ષ બાદ સલોનીએ ત્રીજી વખત ગર્ભધારણ



કર્યો. સુજન અને પરિવારજનો અગાઉના બે વખત કરતાં પણ અનેકઘણી વધુ કાળજી લેવા માંડ્યા. ઠંડકના ઈન્જેક્શનો પણ મુકાવ્યા પરંતુ, આ વખતે પણ સલોની કસુવાવડનો ભોગ બની. સલોની માટે આ આઘાત જીરવવો અત્યંત અઘરો હતો. સુજન અને સલોની સાવ જ ભાંગી પડયા. સંતાન સુખ પ્રાપ્ત કરવા માટે સુજન અને સલોનીએ સેવેલ તમામ સ્વપ્નો અને અરમાનો ચૂર થતાં લાગ્યા. પરંતુ, સલોનીના સાસુ, કાજલબહેને સહેજ પણ નિરાશ થયા વિના અત્યંત કુનેહપૂર્વક કામ લીધું. તેઓ સુજન અને સલોનીને લઈને મારી પાસે આવ્યા.

વ્હાલા વાચક મિત્રો, હકીકતે, સલોનીની આ શારીરિક પરિસ્થિતિને Recurrent Pregnancy Failure (RPF) એટલે કે વારંવાર થતો ગર્ભપાત કહેવામાં આવે છે. એક વખત ગર્ભપાત થવાનો અર્થ એ નથી કે તે મહિલા અથવા યુગલમાં કોઈ ગંભીર સમસ્યા છે. આથી, સામાન્ય સંજોગોમાં ગર્ભાવસ્થાના શરૂઆતના તબક્કામાં એકાદ વખત ગર્ભપાત થઈ જાય તો તેને સામાન્ય ઘટના ગણી શકાય પરંતુ, જ્યારે કોઈપણ મહિલા વારંવાર ગર્ભપાતનો ભોગ બને ત્યારે તેની પાછળના જવાબદાર કારણોને સમજીને તેની યોગ્ય તપાસ કરાવવી અત્યંત જરૂરી બને છે.

અહીં સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે વારંવાર ગર્ભપાત કેમ થાય છે? તો મિત્રો, ગર્ભાવસ્થા એક અત્યંત જટિલ જૈવિક પ્રક્રિયા છે કે જેમાં અંડાણુ, શુક્રાણુ, ભ્રૂણ, ગર્ભાશય, હોર્મોન્સ અને શરીરની અન્ય અનેક પ્રક્રિયાઓ મહત્વનો ભાગ ભજવે છે. ક્યારેક બધું સામાન્ય દેખાતું હોવા છતાં ગર્ભાવસ્થા સામાન્ય રીતે વિકસિત થઈ શકતી નથી. ખરેખર તો Chromosomal Abnormality એટલે કે રંગસૂત્રોની અસામાન્યતા

આરોગ્ય સૃષ્ટિ

વારંવાર થતાં ગર્ભપાતના મુખ્ય કારણોમાંનું એક છે. સામાન્ય સંજોગોમાં ભ્રૂણના વિકાસ માટે તેના Chromosomesની સંખ્યા અને રચના યોગ્ય હોવી અત્યંત જરૂરી છે. ક્યારેક અંડાણુ અથવા શુક્રાણુ બનવાની પ્રક્રિયા દરમિયાન અથવા ભ્રૂણના શરૂઆતના વિકાસ દરમિયાન કોઈ Chromosomal Abnormality ઊભી થઈ શકે છે. રંગસૂત્રોની અસામાન્યતા ધરાવતું ભ્રૂણ સામાન્ય રીતે વિકસિત થઈ શકતું નથી અને ગર્ભાવસ્થા કુદરતી રીતે જ સમાપ્ત થઈ જાય છે. ઉપરાંત, મહિલાની ઉંમર જેમ-જેમ વધતી જાય તેમ-તેમ ભ્રૂણમાં કેટલીક રંગસૂત્રોની અસામાન્યતા થવાની સંભાવના પણ વધી શકે છે.

જોકે, અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે વારંવાર ગર્ભ પડી જવા માટે ફક્ત Chromosomal factors જ એકમાત્ર કારણ નથી પરંતુ, દર્દીની વ્યક્તિગત પરિસ્થિતિ અને શારીરિક તાસીર પ્રમાણે અન્ય સંભવિત કારણો પણ હોઈ શકે છે, જેવા કે: ૧. ગર્ભાશયની રચના સાથે જોડાયેલી સમસ્યાઓ, દા.ત. કેટલાક Fibroids, Polyps, Adhesions અથવા જન્મજાત Uterine Abnormalities. ૨. કેટલીક Hormonal અથવા Mabolic સમસ્યાઓ, દા.ત. થાઈરોઈડ અથવા ડાયાબિટીસ નિયંત્રણમાં ન હોવો. અર્થાત, થાઈરોઈડ અને ડાયાબિટીસના સ્રાવોનું શરીરમાં અસંતુલન હોવું. ૩. કેટલીક Autoimmune conditions, દા.ત. Antiphospholipid Syndrome (APS). ૪. પતિ અથવા પત્નીમાં કેટલીક Genetic અથવા Chromosomal Abnormalities. ૫. અન્ય તબીબી અથવા પ્રજનન સંબંધિત કારણો.

વ્હાલા વાચક મિત્રો, Recurrent Pregnancy Failureના દર્દીઓમાં સૌથી પહેલું પગથિયું દર્દીની સારવાર શરુ કરવાનું નહીં, પરંતુ સંપૂર્ણ સમસ્યાને બિલકુલ બરોબર સમજવાનું છે. આથી, જ્યારે કોઈપણ દંપતી વારંવાર ગર્ભપાત બાદ Shashwat IVF - અમદાવાદ ખાતે અમારી પાસે આવે છે, ત્યારે સૌથી પહેલાં તેમની સંપૂર્ણ Reproductive History ને અત્યંત ઝીણવટપૂર્વક સમજવામાં આવે છે. અમે માત્ર એ નથી જોતા કે કેટલા ગર્ભપાત થયા છે, પરંતુ એ પણ સમજવાનો પ્રયત્ન કરીએ છીએ કે, ગર્ભાવસ્થા કયા તબક્કે સમાપ્ત થઈ?, ઉપરોક્ત તમામ બાબતોના આધારે ફક્ત મહિલાને જ નહીં પરંતુ પુરુષને પણ જરૂરી પરીક્ષણોની સલાહ આપવામાં આવે છે.

વ્હાલા વાચક મિત્રો, આજના અત્યાધુનિક તબીબી વિજ્ઞાનમાં અનેક પ્રકારની તપાસો અને પરીક્ષણો ઉપલબ્ધ છે. મારી ત્રણ દશકની પ્રેક્ટિસમાં મેં અનેક વખત જોયું છે કે મોંઘાદાટ Tests કરાવવાથી જે નિદાન કરી શકાતું નથી તે નિદાન સાવ સામાન્ય Testsથી પકડી શકાય છે.

"શું IVF અને Pre-implantation Genetic Testing (PGT) મદદ કરી શકે? તેનો જવાબ છે - હા. IVF એટલે કે In Vitro Fertilizationમાં અંડાણુ અને શુક્રાણુને Laboratoryમાં ભેગાં કરીને Embryo તૈયાર કરવામાં આવે છે. આ Embryosને અત્યંત સુવિધાયુક્ત Laboratory Environment માં વિકસાવવામાં આવે છે અને યોગ્ય સમયે Embryo Transfer કરવામાં આવે છે.

મિત્રો, અહીં આપણને પ્રશ્ન થાય કે Pre-implantation Genetic Testing (PGT) શું છે અને તે કેવી રીતે ગર્ભાધાનમાં મદદરૂપ થાય છે? PGT એ IVF દ્વારા તૈયાર કરવામાં આવેલા Embryos ની Genetic Testing કરવાની એક અત્યંત આધુનિક ટેકનિક છે. જ્યારે Embryo (ભ્રૂણ) વિકાસના એક યોગ્ય તબક્કે પહોંચે છે, ત્યારે તેના કેટલાક Cellsની ખૂબ જ સાવચેતીપૂર્વક Biopsy લેવામાં આવે છે. તેનું વિશ્લેષણ કરવામાં આવે છે. અલગ-અલગ પરિસ્થિતિઓ માટે Pre-implantation Genetic Testing (PGT)ના અલગ-અલગ પ્રકારો હોય છે.

આપણે જ્યારે IVF અને PGTની વાત કરી રહ્યાં છીએ ત્યારે સફળ ગર્ભાધાનથી શરુ કરીને એક તંદુરસ્ત બાળક પ્રાપ્ત કરવા માટેની પ્રક્રિયાનો એક અત્યંત મહત્વપૂર્ણ ભાગ છે - IVF Lab. આથી, IVF Labનું મહત્વ તેમજ સંતાન પ્રાપ્તિ યાત્રામાં તેની ભૂમિકા સમજવી અત્યંત જરૂરી છે.

મિત્રો, Embryoના શરૂઆતના વિકાસ દરમિયાન IVF Lab અને Embryologistની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. IVF Labમાં થતી તમામ પ્રક્રિયાઓમાં દરેક તબક્કે અત્યંત ચીવટ અને ચોકસાઈની જરૂર હોય છે. Shashwat IVF - અમદાવાદ ખાતે અમારી Fertility Specialists Team એકસાથે મળીને દરેક દંપતી માટે Individualized Treatment Strategy તૈયાર કરે છે કારણકે દરેક દંપતીની શારીરિક પ્રકૃતિ ભિન્ન હોય છે. આથી, દરેક દંપતીની સારવાર વ્યક્તિગત હોવી જરૂરી છે.

મિત્રો, ગર્ભપાત કોઈપણ મહિલા દંપતી માટે ખૂબ જ મુશ્કેલ અનુભવ

આરોગ્ય સૃષ્ટિ

હોઈ શકે છે. એક વખત ગર્ભપાત થયા બાદ ફરી ગર્ભધારણને લઈને ભય ઊભો થઈ શકે છે. ઘણી મહિલાઓ પોતાને જ દોષ આપવા લાગે છે. તેમને એવું લાગે છે કે કદાચ તેમણે વધારે કામ કર્યું, મુસાફરી કરી, Exercise કરી, કંઈ ખોટું ખાધું અથવા કોઈ રીતે પોતાની Pregnancy અને નુકસાન પહોંચાડ્યું. પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં મહિલાએ ગર્ભપાત માટે પોતાને દોષી ન માનવો જોઈએ. Recurrent Pregnancy Failure (RPF) એક Medical Condition છે, વ્યક્તિગત નિષ્ફળતા નથી. આથી, આવા દંપતીને માત્ર Medicines અને Investigationsની જ નહીં, પરંતુ સમજણ, સહાનુભૂતિ, Counselling અને Emotional Support ની પણ જરૂર હોય છે.

સલોનીને અગાઉ રહી ચૂકેલ પ્રેગ્નન્સીઓ, Medical History અને ઉપલબ્ધ Reportsની કાળજીપૂર્વક સમીક્ષા કરવામાં આવી. ઉપલબ્ધ ઉપચારના સારવારના વિકલ્પો સમજાવીને ટ્રીટમેન્ટ શરુ કરવામાં આવી. આજે જયારે હું આ લેખ લખી રહ્યો છું ત્યારે નવ મહિનાની શનાયા સુજન અને સલોનીના ખોળામાં રમી રહી છે. Recurrent Pregnancy Failure (RPF)નો સામનો કરી રહેલા પ્રત્યેક દંપતીને મારે જણાવવું છે કે જો તમને વારંવાર ગર્ભપાતનો સામનો કરવો પડ્યો હોય, તો યાદ રાખો કે તમે એકલા નથી. આ દુનિયામાં અનેક દંપતીઓ આ પરિસ્થિતિમાંથી પસાર થયેલા છે અને સફળતાપૂર્વક ગર્ભ ધારણ કરી સંતાનસુખ પામ્યા છે. આથી, પોતાની જાતને દોષ આપશો નહીં. ભૂતકાળમાં વારંવાર ગર્ભપાત થયા હોવાથી એવું બિલકુલ માની લેવાની જરૂર નથી કે આગલી Pregnancy પણ નિષ્ફળ જ જશે. મન શાંત અને તન સ્વસ્થ રાખો. જીવન પ્રત્યે હકારાત્મક દ્રષ્ટિકોણ અપનાવો અને સારા વંધ્યત્વ નિષ્ણાત (Fertility Specialist) ની સલાહ લો.

આજના વિજ્ઞાને આપણને એવી Technologies ઉપલબ્ધ કરાવી છે, જેની થોડા દાયકાઓ પહેલાં કલ્પના કરવી પણ મુશ્કેલ હતી. આવી અદ્યતન ટેક્નોલોજીના કારણે આપણે ગર્ભાશયનું વધુ સારી રીતે Evaluation કરી શકીએ છીએ. IVF દ્વારા સૌથી ઉત્તમ પ્રકારના Embryos તૈયાર કરી શકીએ છીએ અને જરૂરિયાત પ્રમાણે PGT જેવી Advanced Technologiesનો પણ ઉપયોગ કરી શકીએ છીએ. જ્યારે વિજ્ઞાન, તબીબી સંભાળ, દર્દીની ધીરજ અને હકારાત્મક અભિગમનો સુમેળ સધાય છે ત્યારે આગળ વધવાનો રસ્તો ચોક્કસ મળી જાય છે. ■

સંકલન : શ્રી પુષ્પક જવેરી - મો. ૮૧૨૮૮૦૫૩૧૦

કૃષિ સૃષ્ટિ

હીરજી ભીંગરાડિયા
પંચવટી બાગ, માલપરા, જી. બોટાદ
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી
અને અનેક એવોર્ડ અને પારિતોષિકોથી વિભૂષિત થયેલ છે.

"વાડી-ખેતર" આજીવિકાનું સાધન માત્ર નહિ, કર્મયોગનું મંદિર છે

'ખેતર' કે 'વાડી' એ મૂળે તો આ ધરતી-જમીનનો ખેડૂતે આજીવિકા માટે દોતેલો એક ટુકડો જ ગણાયને ? પણ એ હોય છે બાબરા ભૂતની ચોટલી જેવો ! એના દ્વારા ખેડૂત જેટલું મેળવવા ઈચ્છે તેટલું આપવાની હોય છે ત્રેવડવાળો ! હા, એ માટે ખેડૂત પાસે દ્રષ્ટિપુત પુરૂષાર્થ અને સંકલ્પબળ જોઇએ. વાડીને કેવી બનાવવી એ ખેડૂતની દ્રષ્ટિ, હિંમત, આવડત અને હૈયાઉકલત પર આધાર રાખે છે.

@ 'ખેતર-વાડી' એ પ્રથમ તો ખેડૂતની આજીવિકાનું સાધન છે. : વાત સાવ સાચી. સો ટકા 'વાડી-ખેતર' એ એના કુટુંબની આજીવિકાનું સાધન છે, એ જ એની ફેક્ટરી છે, એ જ એની દુકાન છે, એ જ એની મીલ ગણીએ તો મીલ, અને પેઢી ગણીએ તો પેઢી- જે કહો તે, એ જ એનું રળવા માટેનું સર્વસ્વ છે. પણ એ ક્યારે બને ? જ્યારે ખેડૂત પાસે વાડી પાસેથી કામ લેવાની આવડત હોય ત્યારે ! આપણામાં કહેવત છે ને કે **"કોઈ મરે 'ધાન' વાંકે અને કોઈ મરે 'ભાન' વાંકે !"** છે અમારા જ ગામનો એક જણ. એને ખેડૂત કહેવો એ ખેતી વ્યવસાયનું અપમાન છે.. જમીન તો એની પાસે છે પૂરી ૧૫ વીઘા, અને એય પાછી સમતળ અને નદીના કાંઠા પર જ. કૂવામાં પાણી પણ પાવા ધારે તો આખા પડાનું પિયત કરી શકાય એટલું. ! પણ ખાટલે મોટી ખોટ કે....એનામાં આળસથી વધુ બીજું કાંઇ જ નહીં ! જમીનનો એ ૧૫ વીઘાનો ટુકડો એવો દુઃખી થાય છે કે ન પૂછો વાત ! ફરતી વાડ કરવાની વાત તો બાજુ પર રહી, પણ ભર ચોમાસે ય પડાની અંદર ધરોડી, કોંગ્રેસિયું, ગાડરડી ને બોરડીના ઝાળાં એવા બથોબથ આવેલા ભળાય છે કે એ જણ પણ એમાં અંટાવાઈ જઈ પોતે તો દુઃખી થઈ રહ્યો છે, અને વાડીનેય દુઃખી કરી રહ્યો છે. અને એના જ શેઢા-પાડોશી છે મારા એક મિત્ર, કે જે પોતાની વાડી પાસેથી નાનાવીઘે ચાલીશ મણ ધોળો-દૂધ કપાસ ઉપરાંત એના મોટા કુટુંબને જરૂરી અનાજ, શાકભાજી, અને બજાર માટે તલ, ગુવાર-ગમ જેવા પાકોનું અઢળક ઉત્પાદન લઈ, મસ્તીથી મોટરમાં ફરે છે..

@ વાડી એક "પ્રયોગશાળા" પણ બની રહે ! : અન્ય ક્ષેત્રોની જેમ 'ખેતી' માં પણ વિજ્ઞાન જોરશોરથી આગળ વધી રહ્યું છે. કેટલાય નવાં બિયારણો, અવનવા ખાતરો, ભાતભાતની દવાઓ, નોખનોખાં ખેત-ઓજારો અને તરેહ તરેહની પદ્ધતિઓ- એટલાં ઊભરાઇ રહ્યાં છે કે એમાંથી આપણે કોનો ઉપયોગ કરવો તેનો નિર્ણય કરવામાં મુંઝારો ઊભો થઈ રહ્યો છે. એટલે કોઇ નવાં બીજ, ખાતર, દવા કે પદ્ધતિનો આપણી જમીન, આપણી પાણીની સોઇ, આપણાં ઠંડી-ગરમી, આપણાં બજારની રૂખ અને આપણાં ખિસ્સાની પહોંચ - એ બધામાં મેળ બેસે એમ છે કે કેમ તે તપાસ્યા વિના ઉલળીને કૂદકો મારી દઈએ તો ક્યારેક ભૂંડાઇના ગળોટિયું ખાઇ જઈ, માથામાં ફૂટ્યા કે હાથ-પગમાં ભાંગતૂટ કરી બેસીએ. એટલે પહેલાં નવા આયામને નાના પાયે પોતાની વાડીમાં અવાણી લેવાનું દ્રષ્ટિવંત ખેડૂતો ગોઠવતા હોય છે. અમારે એકવાર એક અજાણી જાત "વીર વિક્રમ" માની થોડી ચકાસણી વિના મોટાપાયે વાવી દીધેલી. જ્યારે કપાસ પાક્યો ત્યારે ખબર પડી કે 'ભારે કરી, આતો નીકળ્યો વૈતાળ !' હવે ? અમારું વરસ ગયું નલ્લે ! પછીથી તો અજાણ્યું બીજ પહેલાં એક કે વધીને બે થેલી જ વાવીએ, અને અમારી વાડીમાં કેવું હીર દેખાડી શકે છે, તે ચકાસીએ અને સારું લાગે તો પછીના વરસે મોટે પાયે અપનાવવાનું નક્કી રાખ્યું છે.

@ 'વાડી' એ ખેડૂતનું પોતીકું સંશોધન કેંદ્ર છે : મગફળીની ખેતી જોવા અમે ચાઇના ગયા હતા. ત્યાં જમીન પર. ૩-૪ ઇંચ ઊંચા એવા બેડ બનાવી, તેના પર પ્લાસ્ટિક પાથરી, તેમાં કાણાં પાડી,. ઊભડી મગફળી ઉગાડી, સારું ઉત્પાદન મેળવતા જોયા. પણ સાથોસાથ અમારા ધ્યાનમાં આવ્યું કે આ પદ્ધતિમાં પાક પૂરો થયે છોડવા ખેંચતાં તૂટી ગયેલ પ્લાસ્ટિક ખળું લેતાં પાંદડી-ડાંખળીમાં ભળે છે- એટલે ચારો-નીરણ બગડે છે અને જમીનમાં પડી રહેલ પ્લાસ્ટિકના ટુકડા સડતા ના હોવાથી જમીન બગડે છે; એ કદાચ ચાઇનાને પોસાણ છે, પણ આપણે તો આ ન જ પોસાય ! એવું મુંઝવણભર્યું રટણ સતત ચાલતું રહેલું. તમે જૂઓ ! મુંઝવણને જ સંશોધનની માતા કહી છે ને ? મુશ્કેલીઓ જ ખેડૂતને કંઇક ખોળવાની ફરજ પાડે છે. એમ સતત કંઇક રસ્તો શોધવાની મથામણમાંથી જ્યારે પંચવટી બાગમાં ચાઇના પદ્ધતિનો પ્રયોગ હાથ ધરવાનો થયો, ત્યારે તેની સાથોસાથ પોતાની કોઠાસૂઝને એ પદ્ધતિ ભેળી જોડી, અને પરિણામ સરસ મળી ગયું. મગફળીની પરંપરાગત વાવેતરની પદ્ધતિથી જેટલી જમીનમાંથી

કૃષિ સૃષ્ટિ

સાડાબાર મણ મગફળી ઉતરે છે, તેટલી જ જમીનમાંથી આ પદ્ધતિ દ્વારા વધારાના કશા જ ખર્ચ કે માવજત વિના વીસ મણ મગફળી ઉતારી શકાય છે તે વાત સિદ્ધ કરી શકાઇ. અને એવું જ દૂધી-પાકમાં માત્ર નિરીક્ષણના આધારે સંશોધન થકી તેમાં કશા જ વધારાના ખર્ચ વિના અઢીગણું વધારે ઉત્પાદન મેળવનારી તરકીબ હાથ કરી શક્યા. મારી જેમ કેટલાય ખેડૂતો ખેત-સાધનોમાં જરૂરી સુધારા, પાકસંરક્ષણના જુદા જુદા નુસ્ખાઓ કે વાવેતરની રીતોમાં પોતાને પડતી મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢતારહ્યા છે, એ બધાએ પોતાની વાડીમાં જ પાસ-નાપાસના બધા અખતરા કર્યા હોય છે ને ? એટલે વાડી એ ખેડૂતમાટે પોતીકું અને હાથવગું સંશોધનકેંદ્ર જ ગણાય, જો એનો લાભ લેતા ખેડૂતને આવડે તો.

@ વાડી પોતે 'જીમ' બની ખેડૂતની તંદુરસ્તીની ખેવના કરે છે.: આજે જે લોકો શરીરશ્રમથી દૂર રહેતા થઈ ગયા છે તેમને કેટલીક બીમારીઓમાં ડૉક્ટરો 'જીમ'માં જઈ, જાતજાતની અંગ કસરતો કરવાનું અને ચાલવા-દોડવાના કાર્યક્રમો આપી શારીરિક શ્રમ કરાવતા હોય છે. પણ એ બધો પરાણે પરસેવો વળાવવાનો બિન ઉત્પાદક શ્રમ છે. જ્યારે ખેડૂતને તો તેની વાડીમાં કુટુંબના ગુજરાનઅર્થે જે વિવિધ કામો કરવાના થતા હોય છે તે શ્રમમાંથી કંઇક નવું પેદા થતું હોય છે. ચોપવું, નીંદવું, ખોદવું ,ઉપાડવું, લણવું, ઉપણવું, ચઢવું-ઉતરવું, ખડકવું, ખેંચવું, ધોકાવવું, ફેરવવું જેવા વિધ વિધ કાર્યો કરવામાં જુદાજુદા આસનોની કસરતો આપોઆપ મળી રહેતી હોઇ, એની પાસે શારીરિક કટેવ ઓછામાં ઓછી ફરકે છે.ખેડૂતને ક્યારેય જીમમાં જાતો ભાળ્યો છે કોઇએ ? .

@ 'વાડી' ખેડૂતના આનંદ માટેનું ઉદ્યાન અને ઇશ્વર-અનુભૂતિ માટેનું મંદિર છે : માણસના પેટને જેમ અન્નની ભૂખ લાગે છે, તેમ માણસના મનને આનંદ અને શાંતિ માટેની પણ એક ભૂખ લાગતી હોય છે. અને એ ભૂખને ભાંગે છે વાડીની હરિયાળી મોલાતો, શોભાદાર અને ફળોથી લચી પડતાં વૃક્ષો, ઝાડ ફરતે વિંટળાઇ વળેલી વેલીઓ, સુગંધી પુષ્પો, ખેતીપાકમાં ભમતાં રંગબેરંગી પતંગિયાં, ઉડાઉડ કરતા પક્ષીઓના કલરવ અને ગાય, બળદ, ઘોડી, કૂતરાં જેવાં પાલતુ પ્રાણીઓનો નિર્વ્યાજ પ્રેમ ! જો માણતા આવડે તો આ બધા શું કુદરત-પ્રકૃતિ, કહોને પ્રભુનાં જ બધાં રૂપ નથી ભલા ! એને પછી કોઇ દેવ-દેરાં કે મંદિર-મસ્જિદના આંટાફેરાની જરૂર રહેતી નથી, વાડી પોતે કર્મયોગનું મંદિર બની રહે છે. એટલે તો કામ હોય કે ક્યારેક ન પણ હોય, પણ વાડીએ આંટો ન મરાયો હોય ત્યાં સુધી હૈયાને નિરાંત થતી નથી, એવો અનુભવ અમને તો થઈ રહ્યો છે હો મિત્રો !

@ 'વાડી' ગમતાનો ગુલાલ કરવાનું કેંદ્ર છે : સુખ તો વહેંચવાથી જ વધેને ! 'ખેતી' માં ખાનગી કે મોનોપોલી જેવું કંઇ હોતું નથી. તમે બરાબર યાદ કરો ! કોઇ ખેડૂતની વાડીના દરવાજે "રજા સિવાય અંદર આવવું નહીં" એવું લખેલું બોર્ડ ટીંગાતું ભાળ્યું છે ક્યારેય ? એટલે આપણને સારી લાગતી કોઇ વાત, રીત, પદ્ધતિ કે તરકીબ અન્યોને શુંકામ ન જણાવવી કહો ! 'ગમતાનો ગુલાલ કરવો' એતો ખેડૂતના લોહીનાસંસ્કાર ગણાય મિત્રો ! એટલે સફળ આયામની વાત કોઇને મોઢેથી કહીએ એના કરતાં આપણી વાડીએ એને બધું નજરોનજર જ શુંકામ ન કરી દેખાડીએ ? **પંચવટી બાગમાં અમને આવો લાભ મળે છે. વરસભરમાં અઢી-ત્રણ હજાર મુલાકાતીઓના આવન-જાવનથી વાડી ધમધમતી રહે છે. અને વાડી માણ્યલું કેટલુંક લઈ જવા જેવું લાગે તો આવનારા પોતાની સાથે લઈ જાય છે.** સારું સૌને ગમે છે અને એમાંય જ્યાં જળ અને જમીનસંરક્ષણ, વનવિદ્યા, પર્યાવરણ, ગોપાલન અને સજીવખેતી જેવા વિવિધ પાસાંઓ સાથે જોડાઇને, એક રળતી અને નમૂનેદાર વાડી બની હોય ત્યાં વાડીનો પરિચય પામવા, અહીં શું થઈ રહ્યું છે તે જાણવા-સમજવા અને પછી એ વાતોને સમાજ પાસે ખુલ્લી મૂકવાના શુભ આશયથી પત્રકારો, કૃષિ સામયીકોના તંત્રીઓ, આકાશવાણી અને ટીવી ના સંચાલકો-પર્યાવરણવાદીઓ, વિજ્ઞાનીઓ સામેથી આવી કંઇક નવું મળી રહેશે તેવા, આશયથી .વાડીની મુલાકાતે અવશ્ય આવતા હોય છે..

@ 'વાડી' થકી ખેડૂતની આગવી ઓળખ ઊભી થઇ શકે છે : જોજો તમે ! ખેડૂતની ઓળખાણ કરાવવામાં પણ વાડી ભેરે ચડતી હોય છે. દા. ત. કોઇની સાથે વાત કરીએ કે મારા મિત્ર "મુળજીભાઈ ભલાણી", ત્યાં તો બોલી ઉઠવાના. હા હા. પેલા.. "નિસર્ગફાર્મવાળા" ! અમારી જ વાત કોઇ કરે કે હીરજીભાઇ અને ગોદાવરીબેન-તો તરત જ સામાવાળા ઓળખાણ આપી દે કે હા હા, "પંચવટીબાગ" વાળા જ ને ? આમ વાડીને જો તન, મન, ધન દઈ વિકસાવી હોય તો વાડી એ માત્ર છોડવા-ઝાડવાના વાવેતરવાળું સ્થળ નહીં રહેતાં ખેડૂતના બોલાતા નામની પડખે ચડી જઈ પડછાયાની જેમ સંગાથી બની રહી, ખેડૂતની જાણે કે નવી શાખ કહોને સરનેમ બની સમાજમાં એક અદકેરી ઓળખ ઊભી કરનાર ભેરુબંધ બની રહેવા શક્તિમાન છે, આમ વાડી જ ખેડૂતનું સુખી અને સમૃદ્ધ જીવન બની રહે છે મિત્રો !

મો. ૯૩૨૭૫૭૨૨૯૭

ગિરા પિનાકીન ભટ્ટ
લેખિકા : સુપ્રસિદ્ધ બાળ સાહિત્યકાર
અને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા

સંપાદક :
ડો. ભગીરથ કે. પટેલ
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી, સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.

વૃક્ષો... જીવતા-જાગતા દેવ

કલ્પેશ પાંચમા ધોરણમાં ભણતો હતો. તે ભણવામાં ઘણો હોશિયાર હતો. તેના પિતાજીની ગામમાં મોટી દુકાન. એટલે એ ક્યારેક દુકાને પણ જતો. પિતાની કરિયાણાની દુકાનમાં રૂપિયા-પૈસાની ગણતરી એ સરળતાથી કરતો. એના વર્ગના બીજા છોકરાઓ કરતાં એ વધુ સ્માર્ટ હતો. પરંતુ... એ ભારે અળવીતરો હતો. અને એ કારણે બધા કલ્પો દૂંગો કહી ચીડવતા. આ કલ્પો દૂંગો ક્યાંય સીધો ન ઊભો રહે, એ જેટલો હોશિયાર એટલો જ ચંચળ. આસપાસની વનરાજી જોઈ નથી ને તોડી નથી... ઝાડ પાસે ઊભો હોય તો ઝાડની ડાળો તોડી નાખે. પાન તોડે, કૂણી કૂણી કૂંપળો, ફૂલ, કળીઓ, વેલો અરે ! નાના નાના છોડ પણ ઉખાડી નાખે. કોણ જાણે.... પરંતુ એની આ હરકતો છોડાવવાના પ્રયત્નોમાં કોઈ સફળ થતું નહોતું.

ગામમાં તેના કેટલાક પટેલ મિત્રો પણ હતા. પરંતુ ધીરેધીરે બધા એનાથી દૂર થતા ચાલ્યા. કોઈ મિત્રની સાથે એના ખેતરમાં જાય તો... છોડવાં ભાંગતો ચાલે. છોડવાં બટકી નાખે. અને એમ ઘણુંબધું નુકસાન કરી નાખે. હવે, એની આવી હરકતોથી મિત્રવર્તુળ ઘટતું ગયું. ને દિવસે દિવસે મિત્રોએ એને પડતો મૂક્યો. હવે... એ એકલો પડતો. તેથી તો એની આવી હરકતો વધતી ચાલી. માતાપિતા એને સમજાવી સમજાવીને થાક્યા હતા, કરે પણ શું ? રજાના દિવસોમાં એના પિતાજી એને દુકાને બેસાડતા. દુકાન ગામના પાદરે આવેલા શોપિંગ સેન્ટરમાં હતી. વળી ઘર ત્યાંથી ઘણું દૂર હતું. આ કલ્પા દૂંગાને સતત પ્રવૃત્તિશીલ રાખવો પડતો. એના હાથ અને મગજને કંઈક ને કંઈક નુકસાન કરવાનું જ સૂઝતું. અને કોણ જાણે... લીલાછમ્મ છોડવાઓ જોતાં એને તોડવા એના હાથ થનગની ઊઠતા.

એક દિવસની વાત છે. કલ્પો દૂંગો દુકાને હતો. ને એના પિતાજી પર ફોન આવ્યો. ને એ દુકાનેથી સીધા જ બહારગામ જવા નીકળી પડ્યા. કલ્પાએ દુકાનનું કામકાજ સમેટી, રૂપિયા-પૈસા લઈ ઘરે જવા નીકળ્યો. પરંતુ એ સમયે ચારે કોર વરસાદ અંધાર્યો હતો. કલ્પો ઉતાવળા પગલે ચાલવા લાગ્યો. પરંતુ... વરસાદ તો કહે મારું કામ. સહેજે અટકવાનું નામ ન લે. કલ્પા દૂંગા પાસે સારા એવા રૂપિયા હતા. એક તરફ પલળી જવાની ચિંતા, તો બીજી તરફ રૂપિયા સાચવવાની ચિંતા. આસપાસ કોઈ દેખાતું ન હતું. હવે કલ્પો ગભરાયો.

કલ્પો દોડતો દોડતો એક ઝાડ નીચે આવી ઊભો. એ 'હાશ !' કરતો જ્યાં ઊભો રહેવા ગયો ત્યાં જ ઝાડમાંથી અવાજ આવ્યો... કલ્પા દૂંગા, હું... તને જાણું છું... તું અહીંથી ખસી જા.' કલ્પો ગભરાયો. ચારે તરફ જોતો એ ત્યાંથી ડરીને ભાગ્યો. ભાગતો ભાગતો એક લીમડાના ઝાડ પાસે આવ્યો. લીમડો બોલ્યો : કલ્પા દૂંગા, તું... તું અહીં મારી પાસે નહીં, બિલકુલ નહીં, તું મારાથી દૂર દૂર જા. હું તને એક પળ પણ નહીં રહેવા દઉં...' કલ્પો ગભરાયો... . એને ઝાડ ઉપર જોયું, ઝાડ બોલ્યો : 'ફાંફાં ના માર, કહું છું જલદીથી ખસી જા.' ને કલ્પો ત્યાંથી

નાઠો.

હવે... હવે... એ ગભરાતો ગભરાતો, પલળતો ને પવનના ઝપાટે અથડાતો એક આંબાના ઝાડ પાસે આવ્યો. ત્યાં આંબો બોલ્યો : 'દુષ્ટ દૂંગા, અહીંથી જાય છે કે...પરચો બતાવું ..' કલ્પો દૂંગો તો ગળગળો થઈ ગયો. વરસાદનું તોફાન, વીજળીના ચમકારા, ગગનના ઘડઘડાટ અવાજો જ એને ડરાવવા પૂરતા હતા, ને ત્યાં એક પણ વૃક્ષ એને આશરો આપતું ન હતું. હવે... એની ધીરજ ખૂટી હતી. એ રડવા જેવો થઈ ગયો. ને બોલી ઊઠ્યો : "અરે ! મારો શું વાંક છે ? મને કેમ કોઈ ઊભા રહેવા દેતા નથી ?" ત્યાં તો આંબો બોલ્યો : તારી હરકતોથી અમે અજાણ નથી હોં, આ ઊંચે બેઠા બેઠા બધું જ જોઈએ છીએ. તું રોજ રોજ કેટલાય છોડવાઓ તોડી નાખે છે. કેટલાં પાન, ફળ, ફૂલને નુકસાન પહોંચાડે છે ? અમારાથી શું એ અજાણ છે ?... તું... તું અહીંથી નીકળી જા...' 'અરે ! અરે !...પણ હું ક્યાં જાઉં ? આ વરસાદ બંધ રહેશે ત્યારે ચાલ્યો જઈશ...

ના... ના... તું હત્યારો છે, સંપૂર્ણ હરિયાળીનો.'

હા... હા... હું તોડી નાખું છું એ વાત બરાબર, પણ... તમને ક્યાં કોઈ દિવસ નડ્યો છું ? કે ક્યાં તમારાં પાન, ફળ, ફૂલ તોડ્યાં છે ?" 'અમારાં નથી તોડ્યાં... પરંતુ અમારા નાના નાના કુમળા છોડ તેં તોડ્યા છે ? અમે તો લાંબા, પહોળા ગંજાવર, ભલા... તું અમારું શું નુકસાન કરી શકે ? પરંતુ અમારાં નાનાં નાનાં બાળને આમ પજવે તે અમારાથી સહન કેમ થાય ?

હવે એવું નહીં કરું બસ,' કલ્પો ગળગળો થતો બોલ્યો. તારું કોઈ ઠેકાણું નહીં, તું તો કાલે ફરી જાય. આજે તું નાના છોડ તોડે છે, કાલે તું કુહાડીથી અમારા પર પણ પ્રહાર કરે...'

કલ્પો વિચારતો હતો. તે ઘર આગળ આવેલાં કેટલાંય ઝાડને કાઢી નાખવા વિચારતો હતો... પરંતુ... મારા મનની વાત આ વૃક્ષને કોણે કહી હશે ? ને એ વૃક્ષની માફી માગવા લાગ્યો.

આપ - "કલ્પા, તને માફી આપવી જ રહી, પરંતુ... મારા પ્રશ્નોના

Hardik R. Patel
(M.) +91 63521 11064

Rameshbhai J. Patel
(M.) +91 95741 45999

UMIYA
ELECTRO-POWER
PRIVATE LIMITED
Commitment Towards Quality

INDUSTRIAL
ELECTRICAL SOLUTIONS
BUILT FOR RELIABILITY

Manufacturing, Supply, Installation & Engineering Of Industrial Electrical Systems

Power Distribution Panels | DG Synchronization Panels | VFD Panels | APFC Panels
Solar ACDB Panels | Bus Duct Systems | HT Panels | Transformers | Engineering Consultancy

C/28, Yogeshwar Industrial Estate, GIDC, Chhatral (Gujarat), India - 382729
www.umiyaelectropower.in | info@umiyaelectropower.com

જવાબ આપ...” તારી ખડકીમાં કાળુડી કૂતરીનાં ગલૂડિયાંને તું હેરાન કરે તો કાળુડી તને શું કરે ?”

મને... મને કરડવા આવે, બચકું ભરી લે.’

હા, હવે સાંભળ બીજો પ્રશ્ન.

કોઈ નાનાં છોકરાંને તું મારે કે એના હાથ-પગ ભાંગી નાખે તો એનાં મા-બાપ તને શું કરે ? શાબાશી આપે ?”

ના, મને મારે... મારા ઘરે ફિરયાદ કરવા આવે. મારાં પપ્પા ને મમ્મી પાસે માર ખવરાવે...’ હવે સાંભળ, તું તો શાળામાં ભણે છે ને ? તો તારાથી નાનાં છોકરાં, મતલબ કે પહેલા-બીજા ધોરણનાં છોકરાંને તું પજવે કે પછાડે કે મારામારી કરે તો તારી શી હાલત થાય ?”

એ છોકરો સાહેબને કહી દે તો સાહેબ મને શિક્ષા કરે, વર્ગમાં ન બેસવા દે, શાળામાં ન પેસવા દે.

પણ... પણ... આવું બધું મને કેમ પૂછો છો ? ‘બસ... બસ... કલ્પા, આ જ તારો જવાબ છે. જો... અમે કાળુડીના જેમ બચકું ભરવા આવીએ છીએ ?” - ના.’

અમે નાનાં છોકરાંનાં મા-બાપની જેમ તને મારવા, ફરિયાદ કરવા આવીએ છીએ ?” - ‘ના.’ પેલા શિક્ષકની પેઠે તને શિક્ષા કરીએ છીએ ?” - ‘ના.’ તો... બસ, અમે કેટલાય દિવસોથી તને પાઠ આપવાનું વિચારતા હતા. પરંતુ... આજે તક મળી ગઈ. બોલ, તેં કેટલા કુમળા છોડ ઉખાડી નાખ્યા હશે ? એ બધા કાલે ઊઠી અમારા જેવડાં થઈ જાત. વળી, અમારાં બીમાંથી જ એ ઊગેલા... એટલે એ અમારાં બાળકો થયાં કે નહીં ? હા, તો બોલ, અમારાં બાળકોને જે મારી નાખે, હેરાન કરે, એને અમે પ્રેમ કરીએ કે નફરત ?”

કલ્પા દૂંગાને ભાન થયું. તે રડી પડ્યો. વૃક્ષદાદા, તમે - તમે મહાન છો. મારી આટઆટલી દુષ્ટતા છતાં... તમે મને નથી લઢ્યા, નથી માર્યો, નથી કોઈ શિક્ષા કરી. અને વધારામાં તમારાં ફળ તો મને ખાવા આપો જ છો. તમારાં ફૂલની સુગંધ મને ધરો છો. ઉનાળામાં છાંયો આપો છો. ને ચોમાસામાં છત્રીની ગરજ સારો છો... આજથી મારા માટે તમે જીવતા-જાગતા દેવ. સાચું કહું છું હવે... હું કોઈ વનસ્પતિને નુકસાન નહીં પહોંચાડું.’

મિત્રો, આ ધરા પર આવતા અને રહેતા પવન, પાણી, પ્રકાશ, વૃક્ષો, ધરતી, નદીઓ, ડુંગરો એ બધાં જ પવિત્ર અને પૂજનીય છે. તેને નુકસાન પહોંચાડીએ તો ઈશ્વરના હૃદયને નુકસાન પહોંચાડ્યું ગણાય. તમને એવું ગમશે ?... નહીં ગમે ને ?

વ્હાલી-વ્હાલી હરિયાળી છે, વ્હાલથી કરશું જતન,
હિર સમું હરિયાળું હશે, આપણા સહુનું વતન.

મો.૯૯૦૯૬ ૪૧૨૬૨

વિશિષ્ટ સિદ્ધિ સન્માન

ડો. પરિમલભાઈ પટેલનું રાષ્ટ્રિય સન્માન

ગામ : મુનપુર તા. હિંમતનગર જી.સાબરકાંઠા હાલ - અમદાવાદ

નવી દિલ્હી સ્થિત NIEPA - National Institute of Educational Planning and Administration દ્વારા શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરીને બિરદાવવા માટે દેશભરના પસંદગી પામેલા અધિકારીશ્રીઓને રાષ્ટ્રીય સ્તરે ગત ૩ સપ્ટેમ્બરે સન્માનિત કરવામાં આવ્યા હતાં. ગુજરાતમાંથી પસંદગી પામેલા ૧૦ અધિકારીશ્રીઓમાં મ્યુનિસિપલ સ્કૂલબોર્ડ અમદાવાદના નાયબ શાસનાધિકારીશ્રી **ડો.પરિમલભાઈ પટેલ**નું રાષ્ટ્રીયસ્તરે સન્માન કરવામાં આવ્યું છે. તેમનું આ સન્માન શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા, વિદ્યાર્થી પ્રત્યેની સંવેદના નવીન વિચારધારાની રાષ્ટ્રીયકક્ષાએ લેવાયેલી નોંધનું પરિણામ છે. તેઓએ પોતાની કર્તવ્યનિષ્ઠા દ્વારા સમાજના ગૌરવમાં એક વધુ સુવર્ણ પાનું ઉમેર્યું છે. નાયબ શાસનાધિકારીશ્રી તરીકે નિમણૂંક થયા બાદ શિક્ષણ વ્યવસ્થામાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. તેઓની આગવી કાર્યદ્રષ્ટિ અને સતત પ્રયત્નોથી સ્કૂલ બોર્ડમાં અનેક શૈક્ષણિક અને વહિવટી પ્રક્રિયાઓને વેગ મળ્યો છે. જે માટે સમગ્ર સમાજ ગૌરવની લાગણી અનુભવે છે. તેમને મળેલ આ સન્માન બદલ **"ઉમાસૃષ્ટિ"** પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ.

શેરથળી ગામનું ગૌરવ

ગામ : શેરથળી (તા.જી. બોટાદ)ના રહેવાસી શ્રીમતી મધુબેન તથા ઘનશ્યામભાઈ ભીખાભાઈ ઉભડિયાના સુપુત્ર **ચિ.હિતેન ઉભડિયા**એ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ શિક્ષક અભિયોગ્યતા કસોટી (TET - 2) ઉત્તીર્ણ કરીને સરકારી શિક્ષકની નોકરી મેળવી છે અને હાલ ભરૂચ જિલ્લામાં વિદ્યાસહાયક તરીકે ફરજ બજાવી રહ્યા છે, આ સાથે ઓપન યુનિવર્સિટીમાંથી લાઈબ્રેરી સાયન્સ કોર્સમાં પણ ફર્સ્ટ ક્લાસ સાથે ઉત્તીર્ણ થઈને વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન. મો. ૮૫૧૧૮૬૨૨૬૮

કુ. નંદિની ગોલ્ડ મેડલ વિજેતા

તોરણા ગામના વતની શ્રીમતિ પારૂલબેન તથા જયેશકુમાર રસિકભાઈ પટેલની સુપુત્રી **કુ. નંદિની** જયેશકુમાર પટેલ (ધોરણ-૮). લૉન ટેનિસ તથા સોફ્ટ ટેનિસ રમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહી છે. તેણીએ SGFIની લૉન ટેનિસ ટીમ ઈવેન્ટમાં સુવર્ણ ચંદ્રક (ગોલ્ડ મેડલ) મેળવીને પોતાની પ્રતિભાનું ઉત્તમ પ્રદર્શન કર્યું છે અને ત્યારબાદ COE ખેલાડી તરીકે પસંદગી પામી છે. તેણીએ આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લઈને તોરણા ગામ તેમજ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન. મો. ૯૭૧૨૯૦૩૭૬૪

રુદ્ર વડાલિયા નેશનલ ચેમ્પિયન

અમદાવાદ નિવાસી શ્રીમતિ જીજ્ઞાબેન તથા (VIBES)ના ચેરમેન આકાશભાઈ રમેશભાઈ વડાલિયાના સુપુત્ર **ચિ. રૂદ્ર વડાલિયા** (ધો.૧૧ સાયન્સ)એ વર્ષ ૨૦૨૬માં ગોવા ખાતે યોજાયેલ **"વર્લ્ડ સ્ટેમ રોબો ઓલિમ્પિયાડ (WSRO)ની નેશનલ ચેમ્પિયનશિપમાં શાનદાર વિજય મેળવ્યો છે.** તેણે સ્માર્ટ ફેક્ટરી રોબોટિક્સ ચેલેન્જ કેટેગરીમાં વિજેતા બની પ્રતિષ્ઠિત 'જજીસ એવોર્ડ' મેળવ્યો છે. હવે પછી તેઓ ઈટાલી ખાતે યોજાનારી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. અત્રે વિશેષ ઉલ્લેખનિય છે કે સફળતાના આ અવસરે રુદ્રએ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા નિર્માણાધીન જગતજનની મા ઉમિયાના મંદિર માટે ઈંટદાન કરી અનેક યુવાનોને એક નવી પ્રેરણા પુરી પાડી છે. આ સિદ્ધિ બદલ રુદ્રને ખૂબ ખૂબ અભિનંદન તથા શુભેચ્છાઓ. મો. ૭૯૯૦૪૧૦૭૯૦.

લગ્નોત્સુક યુવક-યુવતીઓના બાયોડેટા આવકાર્ય

લગ્ન એ માત્ર બે વ્યક્તિઓના મિલનનો પ્રસંગ નથી, પરંતુ બે પરિવારોના સંબંધો, સંસ્કારો અને જીવનમૂલ્યોનું પવિત્ર બંધન છે. યોગ્ય જીવનસાથીની પસંદગી જીવનના સુખ, સ્થિરતા અને પ્રગતિ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આજના સમયમાં યોગ્ય જીવનસાથી શોધવામાં યુવક-યુવતીઓ તેમજ વાલીઓને અનેક પડકારોનો સામનો કરવો પડે છે, ત્યારે સામાજિક જવાબદારીના ભાગરૂપે અને લોકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આપણા માસિક **"ઉમાસૃષ્ટિ" મેગેજીનમાં લગ્નોત્સુક યુવક-યુવતીઓના બાયોડેટા પ્રસિધ્ધ કરવાનું નક્કી કર્યું છે.** જે યોગ્ય જીવનસાથી શોધવામાં ઉપયોગી બનશે.

વ્યક્તિગત માહિતી : લેટેસ્ટ ફોટો, પુરુ નામ, જન્મ તારીખ, ઉંચાઈ, વજન, શિક્ષણ, વ્યવસાય, સ્થળ.

પારિવારિક માહિતી : પિતાનું નામ, વ્યવસાય, શિક્ષણ, માતાનું નામ, વ્યવસાય, કુલ ભાઈ - બહેન. મૂળવતન, ઘરનું સરનામું, મોસાળ, પ્રોપર્ટીઝ, મોબાઈલ નંબર, અપેક્ષા.

નિર્ધારિત શુલ્ક : ● ફુલ પેઈજ : રૂા. ૧૨,૦૦૦/- ● હાફ પેઈજ : રૂા. ૬,૦૦૦/- ● ક્વાર્ટર પેઈજ : રૂા. ૩,૦૦૦/-

વિશેષ સૂચના : આપેલ તમામ વિગતોની ખરાઈ કરવાની જવાબદારી બાયોડેટા મોકલનારની રહેશે.

બાયોડેટા મોકલવાનું માધ્યમ : વોટ્સઅપ નંબર / ઈમેલ / રૂબરૂ / પીડીએફમાં મોકલવાની રહેશે

શુલ્ક ચૂકવવાનું માધ્યમ : ક્યુઆર કોડ / ચેક / કેશ **સંપર્ક કરો :** વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ. મો. ૭૨૦૨૦૮૦૩૩૩/૨૨૨

ખુશીઓનું સમર્પણ - મા ઉમિયાને અર્પણ

પ્રિય વાચકો..., વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળે, નવી નોકરી પ્રાપ્ત થાય, નવો વ્યવસાય શરૂ થાય, નવું મકાન કે કાર લઈએ, લગ્ન પ્રસંગ, મેરેજ કે એનિવર્સરી, સંતાનનો જન્મ કે જન્મ દિવસની ઉજવણી તથા જીવનમાં કોઈપણ યાદગાર ખુશીનો પ્રસંગ આવે ત્યારે આપણે સૌ પ્રથમ માતા-પિતા અને ઈશ્વરને યાદ કરીએ છીએ. જગત જનની મા ઉમિયાની કૃપાથી પ્રાપ્ત થયેલી આ ખુશીઓને જો તેમના ચરણોમાં દાનરૂપે સમર્પિત કરવામાં આવે, તો તે માત્ર વ્યક્તિગત આનંદ નથી રહેતો, પરંતુ સમાજ અને સાંસ્કૃતિ પ્રત્યેની આપણી કૃતજ્ઞતા બની જાય છે. માના ચરણોમાં સમર્પિત દરેક અર્પણ, જીવનમાં નવી સફળતાના દ્વાર ખોલે છે.આ પવિત્ર ભાવનાને પ્રોત્સાહન આપવા માટે **'ઉમાસૃષ્ટિ'** મેગેઝિનમાં દર મહિને **"ખુશીઓનું સમર્પણ - મા ઉમિયાને અર્પણ"** નામનો વિશેષ વિભાગ પ્રગટ કરવામાં આવશે, જેમાં દાન સમર્પિત કરનાર દાતાશ્રીનો ફોટો તથા પ્રસંગની ટૂંકી નોંધ પ્રકાશિત કરવામાં આવશે. આ વિભાગ દ્વારા અમે આ તમામને બિરદાવીશું :

આપ ક્યા પ્રસંગે સમર્પણ કરી શકો ? ● પરીક્ષામાં સફળતા ● નવી નોકરી / પ્રમોશન ● નવું મકાન (ગૃહ પ્રવેશ નિમિત્તે), ઓફિસ ● નવી કાર / વાહન ● બાળકનો જન્મ ● જન્મ દિવસ ● મેરેજ એનિવર્સરી ● લગ્ન પ્રસંગ ● વ્યવસાયની નવી શરૂઆત ● જીવનનો કોઈપણ શુભ પ્રસંગ

આ પહેલનો હેતુ ● મા ઉમિયા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી. ● આગામી પેઢીમાં સમર્પણ અને સંસ્કારની ભાવના વિકસાવવી. ● સમાજમાં સકારાત્મક અને ધાર્મિક પ્રેરણા ફેલાવવી ● "ખુશી મળે ત્યારે માતાને યાદ કરીએ" એવી સુંદર પરંપરા સ્થાપિત કરવી. જીવનના દરેક શુભ પ્રસંગને જગત જનની મા ઉમિયાના આશીર્વાદ સાથે જોડવાનો સંકલ્પ સમાજમાં આધ્યાત્મિકતા અને દાનનીભાવના બંનેને પ્રોત્સાહન આપશે. **આપને હાર્દિક અપીલ :** આપના જીવનમાં જ્યારે પણ કોઈ ખુશીની ક્ષણ આવે, ત્યારે તે આનંદનો એક અંશ/ દાન સ્વરૂપે જગત જનની મા ઉમિયાના ચરણોમાં સમર્પિત કરીને આ પવિત્ર અભિયાનનો ભાગ બનો. **આપનું નાનામાં નાનું સમર્પણ પણ સંસ્કારની મોટી શરૂઆત બની શકે છે. "માતાની કૃપાથી મળેલી ખુશી, માતાના ચરણોમાં અર્પિત કરીએ"** તમારો ફોટો, પ્રસંગની ટૂંકી માહિતી અને સમર્પણ (દાન)ની વિગત વિશ્વ ઉમિયાધામ કાર્યાલયમાં મોકલવા વિનંતી. તમારા પરિવારની શુભ ક્ષણોને મા ઉમિયાના આશીર્વાદ સાથે જોડો અને સમાજ માટે પ્રેરણારૂપ બનો.

વિશિષ્ટ સિદ્ધિ સન્માન

પ્રિય વાચકો, ઉમાસૃષ્ટિના આગામી અંકથી આપણે "વિશિષ્ટ સિદ્ધિ સન્માન" નામથી ગૌરવવંતો નવો વિભાગ શરૂ કરી રહ્યા છીએ. સમાજની તેજસ્વી પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા અને તેમના ગોરવને વધારવા માટે આ નવો વિભાગ ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ વિભાગ અંતર્ગત આપણા સમાજના એવા રત્નોને સ્થાન આપવામાં આવશે જેમણે પોતાની મહેનતથી વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરી હોય.

કઈ વિગતો મોકલી શકાશે ? : વિશિષ્ટ સિદ્ધિઓ : શિક્ષણ, આરોગ્ય, રમત-ગમત, સાહિત્ય કે સાંસ્કૃતિક ક્ષેત્રે જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્રિય કક્ષાએ વિજેતા બનેલા અથવા વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો તેની વિગત. કોઈ ઉચ્ચ પદવી કે એવોર્ડ મળ્યો હોય, સંશોધન ક્ષેત્રે (પીએચડી વગેરે) સફળતા મળી હોય અથવા સમાજનું ગૌરવ વધારે તેવો કોઈ વિશિષ્ટ પ્રસંગ. ઉપરોક્ત સિદ્ધિઓ મેળવનારની વિગત ફોટોગ્રાફ સાથે અને મા ઉમિયાના આશીર્વાદ સાથે પ્રસિદ્ધ કરવામાં આવે છે. **આ માટે અહીં આપેલ QR કોડ સ્કેન કરીને ફોર્મમાં જરૂરી વિગતો ભરીને સબમીટ કરો. વધુ માહિતી માટે આપેલ નંબર પર સંપર્ક કરો. ફોન : ૭૨૦૨૦ ૮૦૩૩૩/૨૨૨**

બાલસૃષ્ટિ વિભાગ માટે એક નવી પહેલ

વ્હાલા બાળકો..., 'બાલસૃષ્ટિ' વિભાગમાં બાળકો પોતાના ચિત્રો, ક્રાફ્ટ, વાર્તા, બાળગીતો, ક્વીઝ, વર્લ્ડ સર્ચ તથા કવિતા મોકલી શકે છે, પરંતુ એ બધું બાળકોએ જ બનાવેલું - લખેલું હોવું જોઈએ.

આ માટે અહીં આપેલ QR કોડ સ્કેન કરીને ફોર્મમાં જરૂરી વિગતો ભરીને સબમીટ કરો. વધુ માહિતી માટે આપેલ નંબર પર સંપર્ક કરો. ફોન : ૭૨૦૨૦ ૮૦૩૩૩/૨૨૨

મા ના ચરણોમાં રચાતું સ્વર્ગ - વિશ્વ ઉમિયાધામ

અમદાવાદના જાસપુર ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા દુનિયાની ૯મી અજાયબી સમાન જગત જનની મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) મંદિરનું નિર્માણ કાર્ય હાલ પૂર ઝડપે આગળ વધી રહ્યું છે. નિર્માણ કાર્યની માહિતી મેળવતા પહેલાં આપણે **આ મંદિરની વિશેષતાઓ પર સંક્ષેપમાં દ્રષ્ટિપાત કરીએ.**

૧. આ મંદિરનું ભૌગોલિક સ્થાન ખૂબ જ વિશિષ્ટ અને અલૌકિક છે. કૈલાસ પર્વતથી સોમનાથ મંદિરને જોડતી સીધી રેખા (એનર્જી લાઈન) પર આ મંદિર સ્થિત થાય છે.

૨. સમગ્ર વિશ્વ ઉમિયાધામ પરિસર ૧૦૦ વિઘા (૩ લાખ ચો.વાર) જમીનમાં વિકાસ પામશે.

૩. આ મંદિર રૂા.બે હજાર કરોડના સામાજિક નિધી સહયોગથી નિર્માણ થઈ રહેલ છે.

૪. આ મંદિરની ઊંચાઈ ૫૦૪ ફૂટની રહેશે. આ મંદિરની લં. × પ. ૭૦૦' × ૫૭૦' છે. તથા તેનો પ્લીન્થ એરીયા ૪,૦૦,૦૦૦ ચો.ફૂટ છે.

૫. આ મંદિરનો પાયો પાઈલ ફાઉન્ડેશન સિસ્ટમથી બનાવવામાં આવેલ છે. જેમાં આશરે ચાર ફૂટના વ્યાસવાળી ૧૫૫૧ RCC પાઈલ્સ (ધર્મસ્તંભ) સરેરાશ ૬૦ ફૂટ ઉંડાઈ સુધી જમીનની અંદર ઉતારવામાં આવેલ છે.

૬. આ પાઈલ્સ ઉપર સરેરાશ ૨૦ ફૂટથી ૫૦ ફૂટ પહોળાઈ તેમજ ૮ ફૂટ જેટલી ઊંચાઈવાળા આરસીસી રાફ્ટ ઉપર બેઈઝમેન્ટ ફ્લોરનું બાંધકામ કરવામાં આવેલ છે.

૭. આ મંદિરમાં કુલ ૨૦ માળ રહેશે. જેમાં નીચેના છ માળ આરસીસીના અને ત્યારબાદ ઉપરના બધા જ માળ સ્ટ્રક્ચરલ સ્ટીલ દ્વારા બનાવવામાં આવશે. આ મંદિરનું આયુષ્ય ૫૦૦ વર્ષથી પણ વધારે રહે તેવા પ્રકારની ડિઝાઈન કરવામાં આવેલ છે.

૮. આ ભવ્ય મંદિરના નિર્માણમાં આશરે ૧.૫ લાખ ઘન મીટર કોંક્રીટનો ઉપયોગ થશે જેમાં ૬૦,૦૦૦ મેટ્રિકટન જેટલો સીમેન્ટ તથા ૩૦,૦૦૦ મેટ્રીક ટન લોખંડના સળિયા તથા ૧૧,૫૦૦ મેટ્રીક ટન સ્ટ્રક્ચરલ સ્ટીલનો ઉપયોગ થશે.

મંદિરના નિર્માણની હાલની સ્થિતિ :

સપ્ટેમ્બર - ૨૦૨૫માં વિશ્વ વિક્રમી ૨૪૦૦૦ ઘન મીટરના પાયાના આર.સી.સી. રાફટનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. ત્યારબાદ રાફટની કોંક્રિટની દિવાલોને ભેજ પ્રૂફ બનાવવા માટે તેના ઉપર એપોક્ષી કોટીંગના બે લેયર લગાવ્યા બાદ યોગ્ય ગુણવત્તાવાળી માટીનું તબક્કાવાર રોલીંગ, વોટરીંગ તેમજ કન્સોલીડેશન કરી પુરાણ કરવામાં આવ્યું. ત્યારબાદ આ ભરતી ઉપર ૧૦૦૦ માઈક્રોનની ઝાડાઈવાળી એલ.ડી.પી. શીટ લગાવ્યા બાદ તેની પર પીસીસીની કામ પૂર્ણ કરી તેની ઉપર ૮ ઈંચની જાડાઈમાં આરસીસી ગ્રેડ સ્લેબનું કામ પૂર્ણ કરવામાં આવ્યું. હાલ આ પ્રોજેક્ટમાં સુપર સ્ટ્રક્ચર એટલે કે ગ્રાઉન્ડ ફ્લોરનું કામ ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે, જે અંતર્ગત.....

૧. પૂર્વ અને પશ્ચિમના કેનોપી સાથે કુલ ૧૯૩ કોલમ (પીલ્લર)નું કામ થઈ રહ્યું છે.

૨. મંદિરની બહારની બાજુ ૧.૫ ફૂટ પહોળાઈ અને ૨૫ ફૂટની ઊંચાઈવાળી આર-વોલનું કામ ૮૫૦ મીટરની લંબાઈમાં ગતિમાં છે.

૩. મંદિરની અંદરની બાજુ ૦.૮૦ મીટર પહોળાઈ અને ૬ મીટર ઊંચાઈવાળી ૧ હજાર મીટર લાંબી દિવાલનું કામ ગતિમાં છે.

૪. મંદિરની અંદરની બાજુ ૩ ફૂટ પહોળાઈ અને ૧૪૦ ફૂટ ઊંચાઈવાળી મુખ્ય કોરવોલ (સીયરવોલ)નું કામ પૂરઝડપે નિર્માણ થઈ રહી છે.



૫. મંદિરના દક્ષિણ - પશ્ચિમ (ભાગ-૩)માં આવેલ વહિવટી કચેરીના પ્રથમ આરસીસી સ્લેબનું કાસ્ટિંગ પૂર્ણ થઈ ગયેલ છે. તેમજ આગામી ટૂંક સમયમાં તેની ઉપરના બીજા સ્લેબનું કાસ્ટિંગ પણ પૂર્ણ થઈ જશે.

૬. જગત જનની મા ઉમિયાનું મુખ્ય મંદિર, ૧૧૦' × ૧૧૦' × ૧૩૦' ફુટનું બનશે જેમાં ૧,૧૦,૦૦૦ ઘન ફુટ અંબાજીના મિલ્કીવ્હાઈટ માર્બલમાંથી બનાવવામાં અવશે. આ પત્થરનું કટીંગ તેમજ કાર્વિંગ કામ પુર ઝડપે ચાલે છે.

૭. સાઈટ પર હાલ એક ટાવર ક્રેઈન કાર્યરત છે. ટૂંક સમયમાં બીજી ટાવર ક્રેઈન પણ ચાલુ થઈ જશે. આ ઉપરાંત સાઈટ પર એક આર.એમ.સી. પ્લાન્ટ કાર્યરત છે. અને ટૂંક સમયમાં બીજા બે પ્લાન્ટ ચાલુ થઈ જશે.

વિશ્વ ઉમિયાધામ તે માત્ર મંદિર નથી, પરંતુ તે સમગ્ર સનાતનીઓના આસ્થા, એકતા અને ઉર્જાનું પ્રતિક છે. અહીં રેડાતા કોંક્રિટના દરેક ઘન મિટરમાં લાખો ભક્તોની આસ્થા ભળેલી છે. મા ઉમિયાના આશિર્વાદથી આ કાર્ય નિર્ધારીત સમયમાં પૂર્ણ થશે તેવો અમોને સંપૂર્ણ વિશ્વાશ છે.

જય ઉમિયા....

સંકલન : શ્રી મનોજભાઈ કણસાગરા - મો. ૯૪૨૬૭૮૫૫૮૦

શૈલેષભાઇ પટેલ
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

"આશીર્વાદનો દીવો" અંતર્ગત

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈનો ૭૬માં જન્મદિવસની ભવ્ય ઉજવણી



તા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ ભારતના યશસ્વી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬માં જન્મદિવસ નિમિત્તે વિશ્વ ઉમિયાધામ - જાસપુર ખાતે સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ **"આશીર્વાદનો દીવો"** કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાતના માનનીય **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ** તેમજ અમદાવાદ શહેરના મેયર શ્રી હિતેશભાઈ બારોટ અને માનનીય સાંસદ (અમદાવાદ પૂર્વ) શ્રી એચ. એસ. પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના કાર્યકારી પ્રમુખશ્રી પ્રહલાદભાઈ કામેશ્વર, હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીગણ તેમજ દાતાશ્રીઓની યજમાની અને ગરિમામય ઉપસ્થિતિ વચ્ચે હજારો ઉમાભક્તોએ વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. કાર્યક્રમ દરમિયાન ભારતના નકશા ઉપર હજારો દિવડા ઝળહળ્યા હતા; સાથે લોકડાયરો અને ભક્તિ સંગીતની રમઝટ દ્વારા રાષ્ટ્રભક્તિનો માહોલ સર્જાયો હતો. આ સાથે જ ૧૫૦ દીકરીઓ દ્વારા હજારો ઉમાભક્તોને પૂર્ણ **'વંદેમાતરમ'**નું ગાન કરાવવામાં આવ્યું હતું અને સૌએ સાથે મળી **'વિકસિત ભારત - ૨૦૪૭'**નો સામૂહિક સંકલ્પ લીધો હતો. આ પ્રસંગે મોદી સાહેબની જીવનગાથા રજૂ કરતાં, તેમના બાળપણથી લઈને આજ દિન સુધીના સામાજિક તથા રાજકીય જીવનકાળનું બાળ કલાકારો દ્વારા સુંદર મંચન કરાવવામાં આવ્યું હતું. અંતે જગતજનની મા ઉમિયાની મહાઆરતી સાથે મુખ્યમંત્રીશ્રી સહિત સૌએ વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને ભારત ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી પ્રાર્થના કરી હતી.

વિશ્વ ઉમિયાધામ ખાતે શ્રાવણમાસમાં ભક્તોની હેલી...

તા. ૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના શ્રાવણમાસ નિમિત્તે ૬૦૦૦ થી વધુ ભક્તોએ મા ઉમિયાના દર્શન તથા ભોજનપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

કૃષ્ણ જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી

તા. ૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે ભજન, ગરબા, સાંસ્કૃતિક કાર્યક્રમો અને મટકીફોડ સાથે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ભવ્ય અને યાદગાર ઉજવણી કરવામાં આવી હતી. બાળ ગોપાલના મનમોહક દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી તથા જયશ્રીકૃષ્ણના જયઘોષથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

પ્રવૃત્તિ અહેવાલ

રક્ત તુલા અભિયાન અંતર્ગત મિટીંગ

તા. ૧૦, સપ્ટેમ્બર, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિના પાવન અવસરે યોજાનારા મહા બ્લડ ડોનેશન કેમ્પના આયોજનના ભાગરૂપે યુવા સંગઠનના ચેરમેનશ્રી જીતુભાઈ પટેલ તથા મહામંત્રીશ્રી સુરેશભાઈ પટેલના નેતૃત્વમાં નડિયાદ, ઉમરેઠ તથા વડોદરા ખાતે યોજાયેલી બેઠકોમાં ખૂબ જ ઉત્સાહભેર અને સારો પ્રતિસાદ મળ્યો હતો. આ બેઠક દરમિયાન વડોદરા તથા અમદાવાદ પૂર્વ વિસ્તારની ટીમ દ્વારા ૧૦૦૮ બોટલ રક્ત એકત્ર કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ સંકલ્પ સાથે સંગઠન, સહકાર અને એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવી, રક્ત તુલા મહાઅભિયાનને સફળ બનાવવાના સંકલ્પ સાથે યુવા સંગઠન આગળ વધી રહ્યું છે.

કાનૂની માર્ગદર્શન સેમિનાર

તા. ૧૦, સપ્ટેમ્બર, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન વડોદરા આયોજીત "કાનૂની માર્ગદર્શન સેમિનાર" વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વડોદરા યુવા સંગઠન, સામાજિક સંગઠન અને મહિલા સંગઠનના સહયોગથી સમાજના સનાતની ભાઈ-બહેનો માટે "કાનૂની માર્ગદર્શન અંગે સેમિનાર"નું આયોજન કરવામાં આવ્યુ હતું.

આનંદના ગરબાનું આયોજન

તા.૧૧, સપ્ટેમ્બર, શ્રાવણ માસની અમાસના પવિત્ર દિવસે વિશ્વ ઉમિયાધામ ખાતે બહુચર માતાજીના આનંદના ગરબાનું આયોજન ફાલ્ગુનીબેન ભટ્ટ શ્યામા મંડળ, નારણપુરા - અમદાવાદના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે ભજન-સત્સંગ મંડળની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું.

સમાચાર

ડો. રૂપલબેન પટેલ
સમાચાર સંપાદિકા

કપડવંજ ખાતે સંગઠન મીટીંગ

તા. ૧૨ થી ૧૪ ઓગસ્ટ-૨૬ના રોજ સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર. પી. પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ સંસ્થાના ઉપપ્રમુખ એવમ કેન્દ્રીય સંગઠન ચેરમેન શ્રી ડી. એન. ગોલના અધ્યક્ષ સ્થાને ખેડા જિલ્લા સંગઠનની મીટીંગ કપડવંજ ખાતે યોજાઈ.

સદર મિટીંગમાં કેન્દ્રીય મહિલા સંગઠન ચેરપર્સન ડો. રૂપલબેન પટેલ, વાઈસ ચેરમેનશ્રી જયંતીભાઈ પોકાર, સંગઠન મહામંત્રીશ્રી સંજયભાઈ પટેલ, મહામંત્રીશ્રી ગીરાબેન પટેલ, ઉમાછત્ર કમિટી પ્રભારીશ્રી જશુભાઈ પટેલ, કેન્દ્રીય સંગઠન સભ્યશ્રી દશરથભાઈ પટેલ વિગેરે ઉપસ્થિત રહી સંસ્થાની વિવિધ પ્રવૃતિઓ અને સંગઠનને વધુ વેગવંતુ બનાવવા માટે માર્ગદર્શન પુરુ પાડેલ. આ શુભ પ્રસંગે સંસ્થાની વિચારધારાથી પ્રેરાઈ અને ઉપરોક્ત તમામ હોદ્દેદારશ્રીઓના સહયોગથી સંસ્થાના ગૌરવવંતા દાતાશ્રી થવાની રૂડી ભાવના વ્યક્ત કરી મા ઉમિયાના કૃપા પાત્ર બન્યાં છે.

શ્રી હરીશભાઈ ઇશ્વરભાઇ પટેલ, શ્રી પટેલ વિજયભાઈ કુલાભાઈ (અમૂલના વાઇસ ચેરમેન), શ્રી જશવંતભાઈ ગોરધનભાઈ, શ્રી પટેલ તુલસીભાઈ પુજાભાઈ, શ્રી પટેલ દશરથભાઈ વકીલ, આ ઉપરાંત ૨૦ થી વધુ સભ્યશ્રીઓ ૧ લાખનું દાન અર્પિત કરી સંસ્થાના સિટી મેમ્બર બન્યા છે તે બદલ જગત જનની મા ઉમિયા આપની તમામ મનોકામના પૂર્ણ કરે તેવી માતાજીના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ.

અમદાવાદ પૂર્વ સંગઠન મિટીંગ

તા. ૨૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ મહિલા ચેર પર્સન ડો. રૂપલબેન પટેલે વિશ્વ ઉમિયાધામ પૂર્વની ઓફિસમાં પૂર્વની ૧૭ વોર્ડ સંગઠનની બહેનોની મીટીંગ લીધી તેમાં રક્ષાબંધન વિશે અને ૨૦૨૭માં આવતા માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની કામગીરીની વિગતવાર માહિતી આપી આ મિટિંગમાં પૂર્વના પ્રભારી હીરાબેન અને ચેરપર્સન ભારતીબેન તેમજ કેન્દ્રીય મહામંત્રી ગીરાબેન અને દક્ષાબેન હાજર રહ્યા.

સાબરકાંઠા જીલ્લાની બહેનો વિશ્વ ઉમિયાધામની મુલાકાતે

તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન મહિલા સંગઠન તેમજ યુવા મહિલા સંગઠનના સાબરકાંઠા જીલ્લાના વિવિધ તાલુકાઓની બહેનોએ વિશ્વ ઉમિયાધામ, જાસપુર (અમદાવાદ) ખાતે પધારી જગતજનની મા ઉમિયાના દિવ્ય દર્શન કરી ધન્યતા અનુભવી. આ સાથે તેમણે નિર્માણાધીન ભવ્ય ૫૦૪ ફૂટ ઊંચા મંદિરના નિર્માણ સ્થળની પણ મુલાકાત લઈ આ ઐતિહાસિક પ્રકલ્પ વિશે માહિતગાર થયા અને ભાવવિભોર બન્યા.

અરવલ્લી જીલ્લાની વિવિધ તાલુકાની બહેનો વિશ્વ ઉમિયાધામની મુલાકાતે

તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન મહિલા સંગઠન તેમજ યુવા મહિલા સંગઠનના અરવલ્લી જીલ્લાના વિવિધ તાલુકાઓની બહેનોએ વિશ્વ ઉમિયાધામ, જાસપુર (અમદાવાદ) ખાતે પધારી જગતજનની મા ઉમિયાના દિવ્ય દર્શન કરી ધન્યતા અનુભવી. આ સાથે તેમણે નિર્માણાધીન ભવ્ય ૫૦૪ ફૂટ ઊંચા મંદિરના નિર્માણ સ્થળની પણ મુલાકાત લઈ આ ઐતિહાસિક પ્રકલ્પ વિશે માહિતગાર થયા અને ભાવવિભોર બન્યા.

સંગઠનની બહેનો દ્વારા રક્ષાબંધનની ઉજવણી

વિશ્વ ઉમિયાધામ મહિલા સંગઠન દ્વારા ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરાઈ. રક્ષાબંધનની ઉજવણી થકી બહેનોએ ગુજરાત રાજ્યના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં અને સરકારી અને અર્ધસરકારી કચેરીઓમાં જઈ વિશ્વ ઉમિયાધામનો સનાતનધર્મનો શુભ સંદેશનો પત્ર અર્પણ કરી અને જગતજનની મા ઉમિયાના શુભાશિષ પાઠવ્યા હતા.

કેન્દ્રીય સંગઠન મિટિંગ

તા. ૦૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન કેન્દ્રીય સામાજિક સંગઠન તથા દરેક જીલ્લાના હોદ્દેદારશ્રીઓની મીટીંગ સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર.પી.પટેલ ના અધ્યક્ષ સ્થાને વિશ્વ ઉમિયાધામ - જાસપુર ખાતે યોજાઈ. સદર મિટિંગ સંસ્થાના ઉપપ્રમુખ એવમ કેન્દ્રીય સંગઠન ચેરમેનશ્રી ડી.એન.ગોલ દ્વારા આગામી ધાર્મિક આયોજનો, પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ, મંદિર નિર્માણ કાર્ય તેમજ સંગઠન વધુ મજબૂત બને તે અંતર્ગત ચર્ચા કરવામાં આવી.

ઘટસ્થાપન - નવરાત્રી ૨૦૨૬

તા. ૧૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે આધશક્તિ જગત જનની મા ઉમિયાની ભક્તિ, શ્રદ્ધા અને ઉપાસનાના પાવન પર્વે ઘટસ્થાપના, ધ્વજાજીપૂજન અને મહાઆરતી સાથે નવરાત્રિ મહોત્સવ ૨૦૨૬નો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો.

SR LOGS®
SHREE RANG LOGISTICS PVT. LTD.
We Are Authorised Lease Holder Western Railway
Worldwide Express | Multi Model Logistics Solutions
ISO 9001 : 2015 Certified Company
GLOBAL DELIVERY LOCAL TRUST
We Are Certified
Custom Courier & Cargo Agent
In Ahmedabad Airport
UK - U.S.A. - CANADA - AUS. - EUROPE
Worldwide Courier & Cargo
Safe & Secure Handling
Real-Time Tracking
Competitive Rates
Dedicated Customer Support
SR LOGS
Delivering Trust
વિદેશ માં રહેતા તમારા સગા-સંબંધીઓએ
તુરંત વ્યાજબી ભાવે
ડોક્યુમેન્ટ, મેક્સિમ, મીબાઈલ, કપડા, ઘરવખરી, હેન્ડીકાફ્ટ,
ગાયમેન્ટ, તથા ઈન્ડસ્ટ્રીયલ આઈટમ મોકલવા માટે.
OUR SERVICES
International Courier & Cargo
અંતરરાષ્ટ્રીય કુરિયર અને કાર્ગો
Documents & Legal Papers
ડોક્યુમેન્ટ અને લીગલ પેપર્સ
Personal Gifts & Sweets
વ્યક્તિગત ભેટ અને મીઠાઈ
Garments & Textiles
કપડા અને ટેક્સ્ટાઈલ્સ
Household Items
ઘરવખરી આઈટમ
Handicrafts & Art Items
હેન્ડીક્રાફ્ટ અને આર્ટ આઈટમ
Industrial Insipments
ઈન્ડસ્ટ્રીયલ આઈટમ
OUR COURIER PARTNERS
DHL EXPRESS
FedEx Express
DTDC International Express Courier & Cargo
ups WE LOGISTICS
Shree Rang Logistics Pvt. Ltd.
F/3, Sumal Business park-6, Opp, Hanumanpur BRTS Bus Stop,
Dudheshwar Road, Ahmadabad-04.
9227767700 / 9327907055
ahmedabad@srlogs.com
www.srlogs.com
Scan for More Information

SAKAR
GROUP
Coming Soon
3 & 4 BHK PREMIUM FLATS & COMMERCIALS
11' Ft. Clear Hight
Huge Foyer
Vastu Compliant
4 Nos. Balcony
4 Allotted Car Parking
Huge Green Zone
KANAK PATEL (97236 20619)
RUSHIL THAKKAR (9081086999)

BIS
HUID JEWELLERY

JC™
SONI
JEWELLERS
PVT.LTD
INDIA | USA
Soni Jayendrakumar Chunilal
(Paliyadwala)

Glow Like
The Bride

WEDDING COLLECTION
Opp. Haridarshan Society, Ramji Mandir Road,
Ranip, Ahmedabad - 382480
+91 97129 73101

Swarnim Sun @ West Bopal

Swarnim Business Center @ Vaishnodevi

Swarnim Sentossa @ Nirma University

Swarnim 18 @adani Suryagram

SWARNIM
SINCE 1980

Swarnim corporate office,14th floor,Swarnim business centre,Opp adani shantigram S G highway Khoraj

898 000 6023 | 898 000 6042

VARUN GOL
NIKUNJ GOL

Mr. D. N. GOL



Vishv UMIYA Foundation
INSTITUTE FOR CIVIL SERVICES
ગુજરાત પોલીસ ભરતી
પોલીસ કોન્સ્ટેબલ / PSI
જનરલ કલાસ 3 બેચ
CCE, તલાટી, કલાર્ક અને અન્ય કલાસ 3
GPSSB GSSSB GPRB
અમારી વિશેષતાઓ
સંપૂર્ણ તૈયારી
ઓનલાઇન લાઇવ કોચિંગ
સ્ટડી મટીરીયલ અને ટેસ્ટ
મેન્ટરશિપ
પ્રખ્યાત અને અનુભવી ફેકલ્ટી / ટીમ
500+ કલાકનુ કોચિંગ
ગુજરાતનો ઈતિહાસ
ભારતીય બંધારણ
ભારતીય અર્થવ્યવસ્થા
ભારતનું ભૂગોળ
સામાન્ય જ્ઞાન
LIVE CLASS
LIVE BATCH
DOWNLOAD NOW
VUFICS LIVE APP
BATCH STARTED
21-10-26
1 YEAR VALIDITY
Google Play
VUFS APP PP
જોડાવા માટે : 72020 80202



મહા રકતદાન અભિયાન
રાષ્ટ્રીય એકતા દિવસ
પર રકતદાન મહાઅભિયાન
Vishv UMIYA Foundation
અખંડ ભારતના ઘડવૈયા • રાષ્ટ્ર એકતાના શિલ્પી
માનવ મહાનતાના પ્રતીક
લોખંડી પુરુષ
સરદાર વલ્લભભાઈ પટેલની
OCT 31 2026 શનિવાર
151 મી જન્મજયંતિના
પાવન અવસરે...
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન આયોજિત યુવા સંગઠન દ્વારા
વિશ્વના 7 દેશોમાં 151 સ્થળોએ
મહા રક્તદાન અભિયાન
દરેક સ્થળેથી 151 બોટલ
રક્ત એકત્રિત કરી,
કુલ યુનિટ 25,000
થી વધારે બોટલ રક્ત એકત્રિત કરવાનો સંકલ્પ.
શ્રી આર. પી. પટેલ
પ્રણેતા અને પ્રમુખશ્રી
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
મુખ્ય કાર્યાલય-વિશ્વ ઉમિયાધામ - જાસપુર ,વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ. જી. હાઈવે, અમદાવાદ - ૩૮૨૭૨૧ +91 72020 80333/222 contact@vuf.org www.vuf.org

siban

Residential & Retail Spaces

At GIFT City

www.gujrera.gujarat.gov.in/MAA14625

સંજયભાઇ પટેલ

(વિસલપુર)

Sales executives

+91 99743 52727

THE CITADEL

COMMANDING THE CITYSCAPE

RETAIL AND OFFICE SPACES

AT ISCON AMBLI ROAD

PR/GJ/AHMEDABAD/DASKROI/AHMEDABAD MUNICIPAL CORPORATION/CAA14269/171024/311229

GUJRERA.GUJARAT.GOV.IN